


વીસનગરનું અષ્ટાપદનું જિન મંદિર.
[ શ્રી ચંદુલાલ મણીલાલના સૌજન્યથી ]

વાર્ષિક લવાજમ રૂપીઆ પાંચ

કલ્યાણ પ્રકાશન મંદિર પાલીતાણા

વર્ષ ૧૩ : અંક ૧ : ફાગણ : ૨૦૧૨ : માર્ચ : ૧૯૫૬.

# કલ્યાણ

...નન પૂરતું બલ,
...પા ! 'કલ્યાણ' ના
સર્વ કોઈનું કલ્યાણ હો !

...પાદક *

# વિષય દર્શન


| લેખ | નામ | પેજ |
|---|---|---|
| મહત્તાને પીછાણતાં શીખો ! | શ્રી૦ | ૩ |
| શંકા અને સમાધાન | સ. પૂ. આ. શ્રી વિજય-લબ્ધિસૂરીશ્વરજી મહારાજ | ૫ |
| યોગ-બિન્દુ | શ્રી વિદૂર | ૮ |
| સ્વાર્થમય સંસાર | બાલમુનિ હિરણ્યપ્રભવિજયજી | ૧૨ |
| મિત્ર કે શયતાન ? | શ્રી એન. બી. શાહ | ૧૭ |
| સંસાર પાર પામવાનો માર્ગ | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મહારાજ | ૨૩ |
| કલ્યાણમાર્ગના સારથી | બાલમુનિ મૃગેન્દ્રમુનિ મ. | ૨૫ |
| આત્મ-બલિદાન (સંવાદ) | શ્રી ફુલચંદ હરિચંદ દોશી | ૨૯ |
| જ્ઞાન-ગોચરી | સંકલિત | ૩૨ |
| ઉપાદાન અને નિમિત્ત | ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ | ૩૭ |
| ભ્રમણાઓનો સચોટ જવાબ | પંન્યાસજી વિક્રમ-વિજયજી મહારાજ | ૪૦ |
| સામાજિક સુધારણા | શ્રી પ્રવીણચંદ્ર ત્રિ. મહેતા. | ૪૫ |
| સમયનાં ક્ષીર-નીર | શ્રી સંજય | ૪૭ |
| લોભનો અંજામ | મુનિરાજ મહાપ્રભવિજયજી મ. | ૫૬ |
| મર્જન અને સમાલોચના | શ્રી અભ્યાસી | ૫૯ |
| સ્નેહ-સંમેલન | | ૬૨ |
| કુલવધૂ | વૈદ્યરાજ શ્રી મોહનલાલ ધામી. | ૬૪ |


## * ઉપયોગી લખાણ *

ઘણાં ગ્રાહકભાઇઓ લવાજમ પુરું થયે સોબત જોગ અથવા તો યાત્રાએ આવીશું ત્યારે ભરી આપીશું. આ પ્રમાણે જણાવે છે. પણ લવાજમ બાકી રાખવાની બાબતમાં અમને વ્યવસ્થામાં મુશ્કેલી રહે ... કરતાં મનીઓર્ડરના એ ... થી

'કલ્યાણ' આજે તેરમા વર્ષમાં પ્રવેશ કરે છે. આ અંક ૬૮ પાનાનો છે. વર્ષ દરમ્યાન ૮૦૦ ઉપરાંત પાના આપવાના છે. વાર્ષિક લવાજમ રૂપીયા પાંચ છે. તો તુરત જ ગ્રાહક તરીકે નામ નોંધાવી સહકાર આપવા વિનંતિ છે.

વર્ષ દરમીયાન લેખક મહાશયોએ અને જા+ખ આપી વેપારી બન્ધુઓએ અમને સારો એવો સહકાર આપ્યો છે એ બદલ અમે આભારી છીએ. વિશેષાંકમાં પણ આપના ધંધાની જા+ખ મોકલી આપો. જા+ખ ના દર કાગળ અને પ્રીન્ટીંગ પુરતાજ છે.

તીર્થોના, મહોત્સવોના, સંમેલનના સારા એવા ફોટાઓ અમને મોકલી આપવા ભલામણ છે.

'કલ્યાણ'ની ફાઈલો જુજ છે. બારે વર્ષની ફાઇલો હાલ મળતી નથી. ૧ લા, ૨ જા અને ૩ જા વર્ષની ફાઇલો સીલીકમાં નથી. એ સિવાય જે જોઇએ તે મંગાવશો. બાઈન્ડીંગ કરેલી તૈયાર ફાઇલો છે. કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ અલગ.

નવા દશ સભ્યો કે ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ ' કલ્યાણ ' ફ્રી મોકલવાની વ્યવસ્થા થશે.

પત્ર વ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે 'ગ્રાહક નંબર' લખવા ચૂકવું નહિ.

માસિક દર અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે અહીંથી પ્રગટ થાય છે. ૧૬ મી એ પોસ્ટમાંથી રવાના થાય છે. વચમાં જો રવિવાર આવી જાય તો સત્તરમી એ અહીંથી રવાના થાય એટલે ૨૨ મી સુધીમાં અંક મળી જવો જોઇએ, કોઈ કારણસર ન મળ્યો હોય તો કાર્યાલયને જણાવવું.

'કલ્યાણ'ને અનુરૂપ લેખો કોઈ પણ જાતના પક્ષપાત સિવાય લેવાય છે પણ તે લેખો ટુંકા અને મુદ્દાસરના હોવા જોઈએ.

દ્રવ્યાનુયોગની મહત્તા નો લેખ લેખક તરફથી ચાલુ માસમાં નહિ મળ્યો હોવાથી આ અંકમાં સ્થાન અપાયું નથી.

કોઈપણ લેખ લેવો કે ન લેવો, તેમજ સુધારો વધારો કરવાને સંપાદક સ્વતંત્ર છે. અસ્વીકાર થયેલા લેખો પાછા મોકલવાનો અમારો નિયમ નથી.

—: પત્ર વ્યવહારનું સીરનામું :—

**કલ્યાણ પ્રકાશન મંદિર.**

**પાલીતાણા ( સૌરાષ્ટ્ર )**

# :: 'કલ્યાણ' આજે તેરમા વર્ષમાં પ્રવેશે છે ! ::

જૈન સમાજમાં સાહિત્ય, શ્રદ્ધા,
સમભાવ અને સંસ્કારના પ્રચાર કાજે
સતત પ્રયત્નશીલ રહેતું 'કલ્યાણ'
આજે તેરમા વર્ષમાં શાસન
દેવની કૃપાથી પ્રવેશ કરે છે.
તે માટે અમે સર્વ કોઇ શુભેચ્છકોની
મમતાના આભારી છીએ !

**આગામી અંકે 'કલ્યાણ' પોતાનો 'વર્ધમાન
તપ માહાત્મ્ય વિશેષાંક'** પ્રસિધ્ધ કરવાની
યોજનામાં છે. તે માટે અમે આજથી તૈયારીઓ કરી રહ્યા છીએ.
**આ** વિશેષાંકને દરેક રીતે સમૃધ્ધ કરવા અમારૂં સર્વ કોઇ શુભેચ્છકોને
સાદર આમંત્રણ છે. જૈન સમાજ સમસ્તનું એક માત્ર સમૃદ્ધ સામયિક 'કલ્યાણ'
આજે આપના દરેક પ્રકારના સહકારની અપેક્ષા રાખે છે. તો આશા છે કે, સર્વ
કોઈ ધર્મશીલ શુભેચ્છકો 'કલ્યાણ' ના વિકાસમાં પોતાનો ફાળો નોંધાવશે !
'કલ્યાણે બાર વર્ષના ગાળામાં જૈન સમાજની શી શી સેવા કરી છે ? તે માટે
અમારે કશું કહેવાનું રહેતું નથી. 'કલ્યાણ' નો વિશાલ શુભેચ્છક વર્ગ,
દેશ-પરદેશમાં 'કલ્યાણ' પ્રત્યે મમતા રાખનારો તેનો પ્રશંસકવર્ગ,
આજે જે રીતે 'કલ્યાણ' ને પિછાણી શકયો છે. તે જ
અમારા માટે અતિ આનંદ તેમજ ગૌરવનો વિષય છે.

**વર્ધમાન તપ માહાત્મ્ય વિશેષાંક** બાદ
અમે **રામાયણ વિશેષાંક** તથા **મહા-
ભારત વિશેષાંક** સેંકડો પાનાઓ
નો સચિત્ર અને સંગીન લેખ
સામગ્રીથી સમૃદ્ધ પ્રસિદ્ધ
કરવાની યોજના કરી રહ્યા છીએ.
**શાસનદેવ** પ્રત્યે પ્રાર્થના છે કે,
'કલ્યાણ' ની પ્રગતિમાં અમને પૂરતું બલ,
સામર્થ્ય અને પ્રેરણા આપો ! **'કલ્યાણ' ના**
તેરમા વર્ષના પુનિત પ્રભાતે સર્વ કોઈનું કલ્યાણ હો !

*** સંપાદક ***

# 'કલ્યાણ'ના વિકાસની તેજસ્વી તવારીખ :

**આ**જથી તેર વર્ષ અગાઉ કેવલ ૧૨૫ નકલોથી ત્રિ-માસિક 'કલ્યાણ'નો જૈન સમાજના આંગણે જન્મ થયો હતો. બાદ ત્રીજા વર્ષે 'કલ્યાણ' માસિક બન્યું; ને ૫૦૦ નકલો પ્રસિધ્ધ થઈ; ક્રમશઃ પ્રગતિ કરતાં 'કલ્યાણ'માં વિવિધ વિષયો, અવનવા લેખો અને મનનીય સાહિત્ય સામગ્રી પીરસાતી રહી.

**સ**માજના પ્રત્યેક વર્ગમાં એક સરખા આદરને પાત્ર બનેલાં 'કલ્યાણ'ની નીતિ અને સંચાલન પ્રત્યે સર્વ કોઈએ સદ્‌ભાવના **સૂર પૂરાવ્યા છે. જૈન**-સમાજના ૫૦,૦૦૦ હાથોમાં આજે 'કલ્યાણ' **ફરી રહ્યું છે! એ હકીકત તેની સાક્ષી છે.**

**રૂ.** પાંચના લવાજમમાં તેમજ શુભેચ્છકોના સહકારથી ઘેર બેઠાં 'કલ્યાણ' કેટલું નક્કર, વિશાળ તથા મનનીય વાંચન આપે છે. તેની 'કલ્યાણ'ની વાર્ષિક ફાઈલ હાથમાં લેતાં પૂરી ખાત્રી થઈ જશે. **નવમા વર્ષમાં ૬૬૪ પેજ** ૧૦ મા વર્ષમાં **૭૩૦ પેજ**, ૧૧ મા વર્ષમાં **૭૬૬ પેજ** અને બારમા વર્ષમાં **૮૧૦ પેજ**, એટલે ક્રાઉન ૮ પેજી સાઈઝના ૧૦૧ ફરમા ઉપરાંતનું સાહિત્ય 'કલ્યાણે' ગયા વર્ષમાં આપ્યું.

**સમસ્ત જૈન**સમાજના કોઈ પણ સાપ્તાહિક, પાક્ષિક કે માસિક કરતાં યે વધુ લોકપ્રિય બનેલા 'કલ્યાણ'ને હજુ વિશેષરીતે સમૃદ્ધ અને સાહિત્યસભર કરવાના અમારા કોડ છે. જે માટે અમે આપ સર્વ શુભેચ્છકોના સહકારની અપેક્ષા રાખીએ છીએ. દર અંકે દ્વિરંગી કવરપેઇજ અને તીર્થોના ફોટાઓથી આકર્ષક 'કલ્યાણ'ના વિશેષ પ્રચાર માટે આપ અમને સહાયક બનો! એ આજે 'કલ્યાણ'ના નૂતનવર્ષે અમારૂં આપ સર્વને વિનમ્ર નિવેદન છે. અમે ઇચ્છીએ છીએ કે, સમસ્ત સંસારનું કલ્યાણ હો!

:: **સંપાદક** ::

વર્ષ ૧૩ : અંક ૧ : માર્ચ : ૧૯૫૬

# કલ્યાણ

## મહત્તાને પિછાણતા શીખો !

શ્રી૦

પશુ, પક્ષી, દેવ, દાનવ, ઇત્યાદિ સંસાર સમસ્તના સર્વ પ્રાણીઓ કરતાં માનવ સર્વ-શ્રેષ્ઠ પ્રાણી છે, એમાં બે મત નથી જ. માનવદેહમાં એવી કઇ વિશિષ્ટતા છે? કયું ઉમદા તત્ત્વ છે? કઈ મહત્તા છે? કે તેને જગતના મહાનપુરૂષો, ધર્મધુરંધરો, સાધુ–સંતો અનેક રીતે નવાજી રહ્યા છે. એ મહત્તાનું કારણ તો હોવું જોઇએ ને?

હા, એનું કારણુ ખૂબ જ ઉચ્ચ છે!

પશુ, પંખી કે અન્ય પ્રાણીઓ પાસે પરિમીત દૃષ્ટિ છે, પરિમીત શક્તિ છે. હા, શરીરમાં બલ અપાર છે, તાકાત ઘણી છે, પણ પરમાર્થને પિછાણવાની અને તે દ્વારા પરમાર્થના મંગલકારી તત્ત્વને પામવાની ભવ્ય દૃષ્ટિ તે પ્રાણીઓને કદિ લાધતી નથી. તેઓ કેવળ પોતાની આસપાસના કુંડાળામાં રાચ્યા–માચ્યા રહે છે. ઉદરપોષણ અને પોતાના પરિવારની ચિંતા સિવાય તે પ્રાણીઓ બહુધા કશી જ ઉન્નત વિચારણા કરી શકતા નથી, તેમજ સાત્ત્વિક પ્રવૃત્તિઓ આચરી શકતા નથી.

હેય શું, પ્રેય શું, કર્તવ્ય શું કે શ્રેય શું? આ બધું સમજવા માટે, સમજીને આચરવા માટે તે પ્રાણીઓને કશી જ સામગ્રી પ્રાપ્ત નથી, એમ પ્રાયઃ કહી શકાય. એ કારણે જ આ યોનિમાં રહેલા જીવો કોઈનું મંગલ કરી શકે તેવું સામર્થ્ય તેમને પ્રાપ્ત થતું નથી. પોતાનું શ્રેય સાધવા માટે પણ ખૂબ જ પરિમીત શક્તિ તેમને મળી છે.

ત્યારે દેવલોકના સુખી જીવો શું ઉત્તમ નહિ?

બેશક. ભોગોપભોગનાં પ્રસાધનોની દૃષ્ટિએ દેવલોકના દેવો માનવલોકના આત્માઓ કરતાં શ્રેષ્ઠ પ્રકારની પુણ્યાઈ ભોગવે છે. તેમનાં સુખો, વૈભવો તથા ઐશ્વર્યનો કોઈ પાર નથી. એ બધું મેળવવા માટે તેમને કશો જ પુરૂષાર્થ ખેડવો પડતો નથી. છતાં માનવ કરતાં દેવલોકના દેવો મહાન નથી. કારણ એ જ કે, શ્રેયમાર્ગ કરતાં પ્રેયનાં પ્રસાધનોમાં જ તેમનું જીવન વ્યતીત થાય છે. કેવલ પૌદ્ગલિક સુખોની મસ્તીમાં મસ્ત તે બધા સમજણ હોવા છતાં શ્રેયના મંગલમાર્ગે જવા માટે કશો જ પ્રયત્ન કરી શકતા નથી.

માનવ મહાન છે, હતો, અને રહેશે.

કારણ કે, એની પાસે શ્રેયને સમજવાની, શ્રેયના માર્ગને પામવાની તેમજ શ્રેયના પરમપથ ભણી અન્ય જીવોને વાળવાની તાકાત ભરી પડી છે. અસ્સીમ શક્તિ અને અખૂટ શ્રધ્ધા વસેલી છે.

નિજનાં ઐહિક સ્વાર્થોને ત્યજી, પરમાર્થ કાજે સર્વસ્વનું સમર્પણ કરવાંની મહાન શક્તિ તેના અણુએ અણુમાં વસી રહી છે.

આવો મુક્તિના મંગલપંથનો પુણ્યવાન પ્રવાસી માનવઆત્મા, જ્યારે દુન્યવી તુચ્છ સ્વાર્થોમાં અંધ બની પ્રાણીમાત્ર પ્રત્યેની અનુકંપાભરી સમભાવદૃષ્ટિને ગૂમાવતો જાય છે, ત્યારે તેના જેવો તુચ્છ, ક્ષુદ્ર અને પામર જીવ અન્ય કોણ હોઇ શકે ?

માનવ મહાન છે, સાચે માનવ સર્વશ્રેષ્ઠ છે. કારણ એ કે, શ્રેયને સમજી, પ્રેયને ત્યજવાની વિવેકદૃષ્ટિ એને પ્રાપ્ત થઈ શકે છે. સુખોને, સ્વાર્થોને તેમજ વૈભવોને ત્યજવાનું સત્ત્વ એ મેળવી શકે છે. પરકાજે દુઃખો, કષ્ટો, તથા સંકટોના તોફાનોને ધૈર્યપૂર્વક સહન કરવાનું એનામાં અસ્સીમ બલ રહેલું છે. દોષોનો, તૃષ્ણાઓનો, તેમજ પાપબંધનોનો સર્વથા નાશ કરવાની એનામાં અપરિમીત શક્તિઓનો ભંડાર ભરેલો છે.

ઓ માનવો ! તમારી મહત્તાને પિછાણી, પરિગ્રહ, સ્વાર્થ, તૃષ્ણા, અને હિંસાના મહાપાપોથી દૂર રહી, બંધનમુક્તિના મંગલકારી માર્ગના પથિક બનવા સજ્જ બનો.

એક વાર એવું બન્યું કે, એક કાનખજૂરો ધીમે ધીમે રસ્તા પર ચાલી રહ્યો છે. સ્હામેથી વીંછી આવ્યો, એ વીંછીએ કાનખજૂરા ઉપર તરાપ માંડી, એટલામાં ગીરોળી આવી. તેણે વીંછીને પકડયો, ત્યાં કાગડો કા, કા, કરતો ઉપરથી આવ્યો, તેણે ગીરોળીને પોતાની ચાંચમાં લીધી. હજી આ બધાયમાંથી કોઈ મર્યું નથી, પણ પોતાની જાતને બચાવવાના ફાંફા મારે છે. છતાં આશ્ચર્ય એ કે; એ બધાયે પોતાનાં મુખમાં પડેલાં શિકારને છોડવા ઇચ્છતા નથી, અને પોતાની જાતને બચાવવા મથે છે.

ખરેખર સ્વાર્થમાં અંધ બનેલા મૂંઢ જીવોની આ કેટલી મૂર્ખાઇ કે પોતે મૃત્યુના મુખમાં ફસાયેલ છતાં બીજા જીવને બચાવવાની વૃત્તિ થતી નથી. આવા જીવો કદિ નિર્ભય બની શકે ખરા કે ?

## સીમંધરસ્વામીના ચૈત્યવંદનની છેલ્લી ગાથા.

નીચેની ગાથા 'શ્રી સીમંધર જગધણી' એ ચૈત્યવંદનમાં જે ઘણાં પુસ્તકોમાં છપાઈ નથી.

'કર જોડીને વિનવું એ, સામો રહી ઇશાન; ભાવ જિનેશ્વર **ભાણને**, દેજો સમકિત દાન.' ૫

આ ગાથા હસ્તલિખિત જૂની પ્રતિમાં મળી આવી છે, જે **પૂજ્ય પંન્યાસજી શ્રી કાંતિવિજયજી મહારાજ** શ્રી એ અમને જણાવવા કૃપા કરી છે.

# શંકા અને સમાધાન

સમાધાનકાર :- **પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ.**

[ પ્રશ્નકારઃ—**એક મુનિરાજ** ]

**શં૦** ઉપધાનતપમાં શ્રી મહાનિશિથ આદિના યોગોદ્વહન કર્યા હોય તેવા સાધુ મુનિરાજ સજ્ઝાય કર્યા સિવાય શ્રાવકો આદિને પવેયણાની ક્રિયા કરાવી શકે ખરા ?

**સ૦** ઉપરોક્ત યોગ કરેલ સાધુઓ સજ્ઝાય કર્યા બાદ પવેયણાની ક્રિયા કરાવી શકે છે, તે સિવાય થયેલ ક્રિયા અશુધ્ધ ગણાય છે.

**શં૦** સાધુ-સાધ્વીઓના રજોહરણ-ઓઘામાં અમુક સંખ્યામાં જ દશીઓ હોવી જોઇએ એમ જેઓ કહે છે તે બીના સાચી છે ?

**સ૦** રજોહરણ-ઓઘામાં દશીઓની સંખ્યાનું વિધાન જોવામાં આવ્યું નથી પણ ઓઘો, પાટો અને દશી મળીને ૩૨ આંગલ હોવો જોઇએ આવું વિધાન છે.

**શં૦** પૂ૦ આચાર્ય ભગવંત આદિ અષ્ટમી-ચતુર્દશીના દિવસોમાં સાધુ-સાધ્વીઓને સૂત્રવાચના આપતા નથી તેનું પ્રયોજન શું ?

**સ૦** તે દિવસે સૂત્રનો નવો પાઠ લેવાનો સૂત્રમાં નિષેધ છે.

**શં૦** સંભળાય છે કે, ચક્રવર્તીના સ્ત્રીરત્ન સાથે ચક્રવર્તી સિવાય અન્ય કોઇ ભોગ ભોગવી શકે નહિ. કારણ કે સ્ત્રીરત્નના શરીરની ગરમી એટલી બધી હોય છે કે, ચક્રવર્તી સિવાય અન્ય કોઈ તેનો ભોગ કરતાં જીવી શકે નહીં આવા સ્ત્રીરત્નને સતી ગણવામાં હરકત ખરી ?

**સ૦** સ્ત્રીરત્ન એ સતી જ છે એમ માની શકાય નહી, કારણ કે તેના શરીરનો સ્વભાવ તથાપ્રકારનો હોવાથી અન્ય પુરૂષ એને ભોગવી શકે નહિ પણ એનો માનસિકવિકાર પરને જોઇ ભડકી ઉઠે તો અસતીપણું હોઈ શકે છે. પરપુરૂષને ન ભોગવે એટલા માત્રથી સતીઓ જ હોય એવો નિયમ બાંધી શકાય નહીં, પણ મન, વચન, અને કાયાથી જે સ્ત્રી પરપુરૂષથી ચલાયમાન ન થાય તે સતી કહેવાય છે.

**શં૦** ચક્રવર્તી પોતાના મૂલ શરીરથી સ્ત્રીરત્ન સિવાયની અન્ય પોતાની પત્નીઓ સાથે ભોગ ભોગવી શકે ખરો ? શું ચક્રવર્તી સ્વદારાસંતોષી ગણાય ?

**સ૦** ચક્રવર્તી પોતાના મૂલ શરીરથી બીજી પત્નીઓ સાથે ભોગ ન ભોગવે એવું નથી પણ જ્યારે એકી સાથે તમામ સ્ત્રીઓ સાથે ભોગ ભોગવે તે વખતે મૂલ શરીરથી સ્ત્રીરત્નની પાસે રહે છે અને બીજી સ્ત્રીઓ પાસે વૈક્રિય શરીરથી રહે છે, પોતાની સ્ત્રીમાં પણ ભોગની મર્યાદા ન કરાય ત્યાં સુધી સ્વદારાસંતોષવ્રત ગણાય નહિ.

[प्रश्नकारः-घीसुलाल पुनमचंद-खुडाला (मारवाड)]

शं० रेलके अंदर बैठकर नवकारशी, तिविहार आदिका पच्चक्खाण किये जाते है या नही ?

स० रेल्वेमें बैठकर नवकारसी, तिविहार आदिका पच्चक्खाण कर सकते है ।

शं० आयंबिल, उपवास आदिमें सचित्तपाणी या सुपारी आदि दूसरी चीज अनजानसे अंदर

खाने या पीनेमें आवे तो दोष लगता है या नही ?

स० आयंबिल, उपवास आदिमें सचित्त पाणी या अकल्प्य चीज खाने या पीनेमें आ जावे तब दोष लगता है । सुविहित गीतार्थ आचार्यादिके पास जाकर प्रायश्चित लेकर शुद्धि करनी चाहिये ।

शं० पहिनी हुइ धोती फिरसे धोकर प्रभु-पूजन हो सकता है या नही ?

स० यदि अलग न मिले और प्रभुपूजन कीये बिना खाना नही अैसा नियम लीया हो तब अपवादसे धोइ हुइ धोती पहिनकर प्रभुपूजन कर सकते हैं, किन्तु ज्युं बने त्युं प्रभुपूजनके लिये दूसरी धोती रखनी ही चाहीये ।

शं० नवकारशी, चउविहार आदि पच्चक्खाण लीधा सिवाय पारी शकाय के नही ? अने ते व्रत गणाय के नही ?

स० पोतानी धारणाथी करेला नवकारशी आदि पच्चक्खाणो खुशीथी पारी शकाय छे. अने ते व्रतमां गणी शकाय छे. साधुमहाराजनो योग होय तो तेमनी पासे पच्चक्खाण लेवा जोइअे.

शं० आयंबिलमें बहुत प्रकारकी चीजें होती है तो सभी चीजोंको वापरनेसे या कम चीजों वापरनेसे ज्यादा लाभ होता है ?

स० आयंबिल आदिमें जितनी कम चीजोंका उपयोग किया जाय उतना ज्यादा लाभ होता है ।

शं० खुर्शी, खाट आदिके उपर बैठके नवकारशी, तिविहार पारी जाती है या नही ?

स० जमीन उपर बैठकर नवकारशी आदिका पच्चक्खाण पारना ठीक है ।

[ પ્રશ્નકારઃ—**નિરંજન ભોગીલાલ શાહ અમદાવાદ** ]

**શં૦** ત્રણ ચોમાસામાં જેમ સુખડીનો કાલ છે તેમ પીપરમીંટનો કાલ ખરો ?

**સ૦** પીપરમીંટ સાકરની ચાસણીથી બનેલ હોવાથી એનો કાલ લખ્યો નથી.

[ પ્રશ્નકાર :- **પ્રવીણચંદ્ર ઠાકોરલાલ શાહ-બોધાન** ]

**શં૦** કપડાં ધોયા પછી જે ગળી (ભૂરારંગનો પદાર્થ) નાંખવામાં આવે છે, તે સુશ્રાવકોથી ઉપયોગમાં લેવાય કે નહી ?

**સ૦** ગળીવાળા કપડાંઓમાં પરસેવાના યોગે ઘણા જીવોની ઉત્પત્તિ થવાનો સંભવ છે. તેથી હિંસા અધિક થાય છે. એટલે હિંસાથી ડરનારા સુશ્રાવકોએ આનો ઉપયોગ કરવો જોઇએ નહી. ગળી મહારંભથી તૈયાર થાય છે એટલે મહારંભિક વસ્તુઓ સુશ્રાવકોએ વાપરવી યોગ્ય નથી.

**શં૦** ગમે તે દિવસે લેવાતાં પચ્ચક્ખાણો સૂર્યોદય પહેલાંજ લઇ લેવા જોઇએ કે પછી લે તો ચાલી શકે ?

**સ૦** કાલપ્રત્યાખ્યાન હોવાથી નવકારશીનું પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલાં લેવું જોઇએ. અથવા ધારી લેવું જોઇએ, તે પચ્ચક્ખાણનો ટાઈમ પૂર્ણ થાય તે પહેલાં પહેલાં પોરિસીનું પચ્ચક્ખાણ લેવું અથવા ધારવું જોઇએ, એમ સાઢપોરિસિ આદિમાં સમજી લેવું.

**શં૦** પ્રભુની જમણી બાજી પુરૂષો અને ડાબીબાજુ સ્ત્રીઓને સ્તુતિ, પૂજન કરવાનું કહેલું છે, એમાં ભૂલ થાય તો દોષ લાગે ?

**સ૦** શાસ્ત્રમાં કહેલી વિધિમાં ભૂલ થાય તો દોષ લાગે.

**શં૦** ધાર્મિક સૂત્રોનાં પાનાં નકામાં થયાં પછી તેનો ઉપયોગ-નિકાલ કેવી રીતે કરવો ?

**સ૦** એ[illegible] સ્થાને જ્યાં કોઈનો પગ ન

આવે ઈત્યાદિ આશાતના ન થાય એવાં સ્થાનમાં જયણાપૂર્વક વિસર્જન કરવું. જલ વગરની ઉંડી ખાઈ અથવા ડુંગરોની ખીણોમાં જયણાપૂર્વક વિસર્જન કરી શકાય છે.

**શં૦** દહેરાસરમાં સ્તવનો રાગ-રાગણી-પૂર્વક ગાવાથી અન્યની ક્રિયામાં વિક્ષેપ પડે તો દોષ લાગે ?

**સ૦** અન્યને વિક્ષેપ કરવાની ભાવના ન હોવાથી પોતાની ભક્તિ ભાવના વધી રહી હોવાથી દોષ લાગતો નથી. પણ એક મધુરસ્વરે જિન-ગુણગાન કરી રહ્યા હોય ત્યારે તે જિનગુણગાન કરી રહે ત્યાં સુધી અન્યે વિક્ષેપ પડે એમ જિનગુણગાન કરવું જોઈએ નહિ.

**શં૦** પૌષધ લઇ શ્રાવકો ઝગડો કરે તો કેટલો દોષ લાગે ?

**સ૦** સંવરના સ્થાને આશ્રવને પોષવાથી મહાન દોષ લાગે છે.

**શં૦** શ્રુતદેવી કે અન્ય દેવીઓને ઘર આંગણામાં બારણા ઉપર રાખી શકાય ?

**સ૦** સ્થાપત્ય અને શિલ્પની રીત પ્રમાણે હોય તો વાંધો નથી. માનતારૂપે ન હોવું જોઇએ.

**શં૦** વેંગણ આદિ અભક્ષ્ય છે એમ કેમ માની શકાય ?

**સ૦** વેંગણ નિદ્રા અને કામને ઉત્તેજન આપનાર હોવાથી અભક્ષ્ય મનાય છે.

[ પ્રશ્નકાર :- **ખોરેજવાલા મ્હેતા ભીખાલાલ વેણીચંદ-સિદ્ધપુર** ]

**શં૦** ભગવાનની પૂજા તથા પ્રક્ષાલ કરતાં બોલવાના દુહાઓ પૂજા તથા પ્રક્ષાલ કરતાં બીજા સાંભળી શકે તેમ બોલી શકાય કે નહી ?

**સ૦** શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા તથા પ્રક્ષાલ કરતી વખતે દુહાઓ ઉંચા સ્વરે બોલી અન્યને સંભલાવવું એ ઠીક લાગતું નથી. એટલે તે તે દુહાઓ મનમાં બોલી તે તે અંગની પૂજા આદિ કરી પોતાની ભાવના પૂરી કરે એ વ્યાજબી છે.

**શં૦** પૂજા કરી કયારે કહેવાય ? પ્રતિમાજી, સિદ્ધચક્રજી, દેવી તથા અષ્ટમંગલ વિગેરેની પૂજા કરે ત્યારે કે એકલી જ પ્રતિમાજીની પૂજા-પ્રક્ષાલ કરવાથી પૂજા કરી કહેવાય ?

**સ૦** શ્રી જિનેશ્વર ભગવંતની અથવા શ્રી સિધ્ધચક્ર ભગવંતની કેશરાદિથી પૂજા કરી કહેવાય. ( નવાંગી પૂજન આદિથી શ્રી જિન પ્રતિમાજીની અંગપૂજા પૂરી થઇ ગણાય, તે પછી શ્રી સિદ્ધચક્રજીનું પૂજન, નવપદની પૂજા તરીકે બીજી અંગ પૂજામાં દાખલ થાય ) અષ્ટમંગલની પૂજા તે શ્રી જિનેશ્વરભગવંતની આગલ અષ્ટમંગલ આલેખવા જોઈએ તેની દ્યોતક છે. બાકી અષ્ટમંગલ પૂજ્ય તરીકે નથી. એટલે અષ્ટમંગલને અગ્રપૂજા તરીકે દાખલ કરાય છે. શ્રી જિનેશ્વરભગવંતના અધિષ્ઠાયક દેવ-દેવીને સાધર્મિકબંધુ તરીકે છેવટે લલાટે તિલકરૂપ સન્માન તરીકે છે અને આનો શ્રી જિનપૂજનની સાથે સંબંધ નથી.

**શં૦** અચિત્ત વસ્તુ છાલ તથા બીજ જુદાં પડે બે ઘડી પછી અચિત્ત થાય છે તેમ ગુરુમહારાજાઓ કહે છે. ચોપડીઓમાં પણ એમ છાપેલ છે, પરંતુ બીજ એકલાં જુદા પાડે તો બે ઘડી પછી અચિત્ત થાય કે નહિ ? છાલ ઉગતી નથી તો છાલ રહે તો વાંધો શો ?

**સ૦** ઝાડનાં લીલાં પાંદડાં ઉગતાં નથી

# યોગબિન્દુ [ ભાવાનુવાદ ]

**[ લેખાંક ૭ મોઃ ]** — **શ્રી વિદુર**

જીવની વ્યાપારભૂત યોગ્યતા પણ આદિ રહિત જ છે, કારણ કે તે જીવના સ્વભાવભૂત છે.

યદિ યોગ્યતાને જીવની જેમ આદિરહિત ન માનવામાં આવે, પણ આદિવાળી માનવામાં આવે તો કર્મબન્ધ જ નહિ ઘટી શકે. કારણ કે-જેવું કારણ આદિવાળું જ હોય, તેવું કાર્ય પણ આદિવાળું જ હોય. એટલે યોગ્યતા જો આદિવાળી હોય, તો તેના કાર્યભૂત કર્મબન્ધ પણ આદિમંત જ હોય. યદિ તે કર્મબંધ આદિમાન્ હોય, તો તેની પૂર્વમાં આત્માને શુદ્ધ માનવો પડે, તો પુનઃ તેનો કર્મબન્ધ સંભવિત જ નથી. જેમ મુક્તાત્મા શુદ્ધ હોઈ, કર્મબન્ધ ન કરે તેમ.

આથી જ બંધને સર્વદર્શનકારોએ અનાદિકાલીન જ માન્યો છે. અન્યથા કાર્યકારણભાવ જ નહિં ઘટી શકે. એટલે જ તેમાં કારણભૂત યોગ્યતા પણ અનાદિકાલીન જ હોય.

યદિ યોગ્યતાનો આદિકાલ માની લઈ જીવને પણ શુદ્ધ માની લેવામાં આવે અને છતાં ઉત્તરકાલમાં તેના બંધને માનવામાં આવે, તો અનિષ્ટાપત્તિ આવી જશે. કારણ કે જે સર્વથા શુદ્ધ જ હોય, તેને બન્ધ થઈ શકતો નથી. જો શુદ્ધ હોવા છતાં પણ બન્ધ માનવામાં આવે, તો સિદ્ધાત્મામાં પણ બન્ધ થઇ જાય. સિદ્ધાત્મામાં તો બન્ધ માની શકાય તેમ છે જ નહિ અને કોઇપણ માનતુંય નથી. કારણ તેઓમાં ય બન્ધ માની લેવામાં આવે તો સર્વત્ર અવિશ્વાસ જ થઇ જશે, અને એથી મુમુક્ષુઓની પ્રવૃત્તિમાત્ર વિલીન થઇ જશે. કારણ-મુમુક્ષુઓની પ્રવૃત્તિનું ધ્યેય સિદ્ધ-દશા છે.

યદિ મુક્તદશામાં ય પુનઃ બન્ધ સંભવિત હોય, તો કયો મનુષ્ય ફીજુલ કષ્ટાદિ સહન કરે? બન્ધના અપુનર્ભાવ-વિનાશઅર્થે તો તપ-જપ-સંયમાદિ વિધ-વિધ ક્રિયાઓ કરવામાં આવે છે. તેના યોગે મુક્તિ પ્રાપ્ત થવા છતાં ય જો પુનઃ બન્ધ થતો હોય, તો નાહક શામાટે એ ક્રિયાઓ કરવી જોઇએ? માટે જ માનવું જોઇશે કે સર્વથા વિશુદ્ધજીવને કર્મબન્ધ હોય જ નહિ. અકસ્માત્ તો કોઈપણ કાર્યની ઉત્પત્તિ થતી જ નથી યદિ થતી હોય, તો વન્ધ્યાસુતની પણ કેમ ન થાય? જે જે કાર્ય છે, તે તે કાદાચિત્ક છે અને કાચિત્ક છે. અર્થાત્ કાર્યમાત્ર કોઇક કાળે અને કોઈક ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે. તેની સાર્વદિક અને સાર્વત્રિક સ્થિતિ હોતી નથી.

---

**છતાંય ઝાડની નીચે પડેલા સચિત્ત હોય છે તેમ છાલ ન ઉગે તો પણ તે સચિત્ત રહે તેમાં શંકા જેવું કંઇજ નથી. કારણ કે કેટલીક છાલો એવી જાડી હોય છે કે તે બીજ જવાથી અચિત્ત થઇ શકતી નથી. વનસ્પતિના પાંદડાં-ઓને માટે પણ દિવસો વ્યતીત થયા પછી પણ ડીંટું કરમાય નહિ ત્યાં સુધી અચિત્ત-નો નિર્ણય કરી શકાય નહી તો એવી અનિ-ર્ણિત વસ્તુને અચિત્ત માની વાપરવી સચિત્ત-ના પરિહારીઓને યોગ્ય નથી. કેટલાક સચિત્ત પરિહારી શ્રાવકો પાકા લીંબુની છાલ સાથે ટુકડા કરી, બીજ કાઢી નાંખી તેને બે ઘડી પછી અચિત્ત માની ઉપયોગ કરે છે તે પણ ઠીક નથી. કારણ કે બીજ જવામાત્રથી છાલ અચિત્ત થઇ ગઇ એમ માનવું ભૂલ ભરેલું છે.**

**: આવશ્યક સુધારો :**

"કલ્યાણ" વર્ષ ૧૨ ના પૃષ્ઠ ૭૫૨ ની કોલમ ૧, પંક્તિ ૯ માં **વિરોધપૂર્વક** ને સ્થાને **નિરોધપૂર્વક**, પંક્તિ ૧૮ માં **ભાષા-સમિતિ** ને સ્થાને **ભાષાસમિત** અને પૃષ્ઠ ૭૫૩ કોલમ ૨, પંક્તિ ૩૫ માં **લોગ્ગસ્સમ** ને સ્થાને **લોગ્ગસ્સમાં** આટલું સુધારી વાંચવા વાંચકોને ખાસ ભલામણ છે.

તેથીજ તેનું નિયામક કારણ હોવું જ જોઇએ તેના વિના કાર્ય ઉત્પન્ન થાય જ નહિ. તે નિયામક કારણ પણ પ્રતિનિયત જ હોય એટલે જ તે તે નિયત કાર્યનું નિયામક પણ પ્રતિનિયત કારણ જ હોય છે.

જેમ ઘટનું માટી પટનું તન્તુ. માટી યા તન્તુંની અપેક્ષા વિના ઘટ-પટની ઉત્પત્તિ જ અસંભવિત છે. જેનું ઉત્પાદન કારણ જ નથી અથવા પ્રતિનિયત કારણ નથી, તેની ઉત્પત્તિ જ કેમ સંભવે ? અકસ્માત્ ઉત્પત્તિ માની લેવામાં આવે તો શશશૃંગની પણ ઉત્પત્તિ થઈ જવી જોઇએ, તે સંભવિત જ નથી. માટે જ શુદ્ધ હોવા છતાં આત્માને અકસ્માત્ જ કર્મ-બન્ધ થઇ જાય એ માનવું વ્યાજબી નથી.

કિન્તુ તેજ માનવું વ્યાજબી છે કે, કર્મબન્ધરૂપ કાર્યની ઉત્પત્તિ આકસ્મિક નથી, પણ કારણ-નિયન્ત્રિત છે. એ કારણ જીવની સ્વભાવભૂત યોગ્યતા છે. તે યોગ્યતા પણ જીવની જેમ અનાદિકાલિક છે. તેથી તત્કાર્યભૂત બન્ધ પણ અનાદિકાલીન છે. બન્ધ બેશક ! કૃતક છે, તથાપિ તે અનાદિકાલીન છે. જેમ અતીત-કાલ. અતીતકાલનું ક્ષણે ક્ષણે અપરાપર રૂપે ભવન થવા છતાં પ્રવાહ-પરંપરાની અપેક્ષાએ અનાદિત્વ છે પણ આદિ સહિતપણું નથી જ, તેમ બન્ધ પણ તે તે નૂતન-કર્મની અપેક્ષાએ આદિ સહિત હોવા છતાં પ્રવાહની અપેક્ષાએ તો અનાદિકાલિક જ છે. આ તો માત્ર યુક્તિ પ્રદર્શિત કરી. તેનો વાસ્તવ નિર્ધાર તો આગમ-પ્રમાણથી જ થાય. અતીન્દ્રિય અર્થોનું તાત્તિક અસ્તિત્વ આગમ પ્રમાણ વિના નિશ્ચિત થઇ શકે નહિ. આગમ-કથિત અર્થોમાં શકય હોય તે રીતે યુક્તિ લગાડવી જોઇએ, પણ કેવળ આગમગમ્ય અર્થોમાં યુક્તિ લગાડવાનું સાહસ ન કરવું જોઇએ. એ આગમ પણ જે અતીન્દ્રિય-અર્થના દ્રષ્ટા હોય તેનું જ પ્રમાણભૂત મનાય. કારણ કે તે બાધિત ન હોય, પણ સંવાદિ જ હોય. સફળ પ્રવૃત્તિમાં પ્રવર્તક હોય. સર્વજ્ઞ તે જ હોઇ શકે કે જે વીતરાગ હોય. રાગાદિ દોષો વસ્તુતત્ત્વના યથાર્થ પ્રકાશનમાં આવરણભૂત છે. એનો સર્વથા વિલય થયા વિના પ્રકાશ ન થાય.

એનો સર્વથા વિલય જેમને થયો હોય, તેઓને વસ્તુનું યથાર્થ અવલોકન થાય, તેઓ કૃતાર્થ હોય છે. તેથી જ તેઓનું વચન અસત્ય યા વિસંવાદિ કે બાધિત હોય જ નહિ. અને એના યોગે વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ધાર થાય. પ્રસ્તુતમાંય વીતરાગ-સર્વજ્ઞભાષિત વચનના પ્રામાણ્યથી કર્મબંધનું અનાદિત્વ સિદ્ધ થાય છે. યુક્તિ તો છે જ. પરંતુ તર્ક તે જ વાસ્તવ છે કે, જે આગમબાધિત અર્થનું બોધન ન કરે, પણ આગમ-બોધિત અર્થનું જ પ્રકાશન કરે. એથી જ આગમનું પ્રમાણ સૌથી બલવત્તર ગણાય છે. એટલે અતીતકાલવત્ બંધનું ય અનાદિત્વ જિનવચનથી સમજવું. આગમમાં બંધનું અનાદિત્વ દર્શાવ્યું છે, તે આગમ પ્રમાણ છે, માટે બંધનું અનાદિત્વ સમજવું.

આ રીતે સર્વત્ર જીવની યોગ્યતા જ સંસારાદિમાં મુખ્ય નિમિત્તરૂપે સિદ્ધ થઈ. છતાં પણ જેઓ મહેશના અનુગ્રહથી જ જીવનો મોક્ષ માને છે, તેઓનો મત પ્રામાણિક નથી. કારણ કે, યુક્તિથી બાધિત છે, આ વાત જણાવતાં ગ્રંથકાર મહર્ષિ ફરમાવે છે કે:—

" अनुग्रहोऽप्यनुग्राह्ययोग्यतापेक्ष एव तु ।
नाणुः कदाचिदात्मा स्याद् देवतानुग्रहादपि ॥१२॥"

**ભાવાર્થ:**—અનુગ્રહ પણ જેના ઉપર અનુગ્રહ કરવાનો છે, તે જીવની યોગ્યતાને અપેક્ષે છે. જીવની યોગ્યતા હોય તો જ તેના પર ઇશ્વરનો અનુગ્રહ થાય છે. જેનામાં યોગ્યતા જ ન હોય, તેના પર કદી પણ અનુગ્રહ થઈ શકતો નથી. કારણ પુદ્ગલમાં મહેશનો અનુગ્રહ થઈ જાય, તો તે અણુ હરગિજ આત્મા-ચેતન બની શકે નહિ. કારણ કે, તેમાં મુદ્દલેય યોગ્યતા નથી. અર્થાત્ અનુગ્રહ યા કોઈ પણ ક્રિયા, તેના પરજ સફળ થઇ શકે છે, કે જે સ્વયંયોગ્ય છે, જેનામાં અનુગ્રહ સ્વીકારવાની યા ક્રિયાને યોગે લભ્ય ફળની પ્રાપ્તિની લાયકી છે. જેનામાં તેવી લાયકી નથી, તેનામાં અનુગ્રહ યા કોઇ પણ ક્રિયા ફલજનન કરી શકતી નથી.

આ જ વિષયને ઉપમાદ્વારા સાબીત કરે છે મ્હાય તેટલો દિવ્યજ્યોતિર્ધર મહેશનો અનુગ્રહ થઈ જાય, છતાં પુદ્ગલાણું હરગિજ જીવરૂપ બની શકતે નથી. કારણ કે, પુદ્ગલાણુ ચેતનથી સર્વથા વિપરીત

જડતત્ત્વ છે. એટલે એનામાં ચેતનરૂપ બનવાની લાયકી જ નથી, એ એનો સ્વભાવ જ નથી. જે જેનો સ્વભાવ જ ન હોય, તેનામાં તદ્રૂપતા કરવાની કોઈનામાંય તાકાત નથી. સમજુ કોઈ પણ એવી ખોટી હામ ભીડે જ નહિ. કારણ કે, કલ્પોના કલ્પો વીતી જાય તોય, જેનામાં જે લાયકી આવવાની નથી, તેનામાં તે રૂપ કોણ પ્રગટાવી શકે? અને એવી ખોટી હિંમત કોણ દાખવી શકે? એમ કરવાથી તો માત્ર સમય અને શક્તિ બન્નેયની બરબાદી જ થાય. ગમે તેમ થઈ જાય તોય પુદ્ગલાણુમાં એ લાયકી જ નથી, કે તે અનંતકાલે પણ ચેતનરૂપ બને. તેથી જ ઇશ્વરના અનુગ્રહમાં કે અનુગ્રહના અભાવમાં તે કદાપિ ચેતનરૂપ બને જ નહિ. યદિ અનુગ્રહમાંય ન બને તો તેના અભાવમાં તો કેમ જ બને?

ગ્રંથકાર મહર્ષિ આ વિષયની જ પુનઃ સ્પષ્ટતા કરે છે:

**कर्मणो योग्यतायां हि कर्ता तद्व्यपदेशभाक् ॥**
**नान्यथातिप्रसङ्गेन लोकसिद्धमिदं ननु ॥१३॥**

જેના પર ક્રિયા કરવાની હોય, જેનામાં જે ફળની પ્રાપ્તિને ઉદ્દેશીને તે તે પ્રકારની ક્રિયા કરવાની હોય, તે કર્મ ગણાય. એ કર્મની યોગ્યતા હોય, તો જ, તેમાં તે ક્રિયા કરનાર, વાસ્તવ કર્તા ગણી શકાય. બાકી જો તેનામાં યોગ્યતા જ ન હોય, તો તેનો કર્તા, એ કર્તા નથી પણ બાલિશજન જ છે. આ વિષયમાં લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત છે. તાત્પર્ય એ છે કે મગ વગેરે કર્મ છે. કારણ કે એ પાકાદિ ક્રિયાના વિષય છે. પાક કરવાથી જે વિકિલત્તિ-પોચાશરૂપ ફળ પ્રાપ્ત થાય, તે મગમાં થઈ શકે છે. માટે એ ફળને ઉદ્દેશીને મગ આદિમાં પાકાદિ ક્રિયા થાય છે. તેથીજ તે સામાન્યતઃ કર્મ છે. આ મગ આદિમાં જો સીઝવાની સ્વભાવતઃ યોગ્યતા હોય, તો જ, તેનો પાચક વાસ્તવ પાચકરૂપે વ્યવહરાય છે. પાચકરૂપે પંકાય છે, પણ જો મગ આદિમાં યોગ્યતા જ ન હોય, એટલે કે કાંગડુ મગ હોય કે જેમાં પાકની યોગ્યતા જ નથી, તેનો કર્તા પાચક તરીકે માની શકાતો જ નથી. એ તો નાહક સમય બરબાદ કરનાર અને શક્તિ વેડફી નાંખનાર એવકુફ જ મનાય છે. કારણ કે, તે મગમાં સીઝવાની યોગ્યતા જ નથી. ક્રોડો ગમે કોશિષ કરવામાં આવે તોય તેને નાશીપાશી જ સાંપડવાની છે. તેથી જ તેવી ફીજુલ મહેનત કરનારો મૂર્ખ જ ગણાય છે.

અગર જેનામાં જે યોગ્યતા જ નથી, તેનામાં પણ તે ક્રિયા કરવા મથનારને તેનો કર્તા માની લેવામાં આવે તો કોઇ પણ કર્તા વાસ્તવિક રહેશે જ નહિ. તથા કોઈ પ્રતિનિયત કર્તા પણ રહેશે નહિ. આ બાબતમાં તો લોકને ય અંદેશો નથી. આબાલ-ગોપાલ લોકમાં સિદ્ધ છે કે,-જેનામાં જે લાયકી હોય તેનામાં જ તે ક્રિયા કરવામાં આવે તો તેને કર્તા તરીકે માની શકાય. અન્યથા એવકુફ જ મનાય. આ વાત ખુલ્લંખુલ્લા જગજાહેર છે, તેથી જ એને પૂરવાર કરવા સારૂ બીજા પ્રમાણને શોધવાની જરૂર છે જ નહિ.

ગ્રંથકાર મહર્ષિ ફરી પણ આ જ વિષયનું સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે:—

**अन्यथा सर्वमेवैतदौपचारिकमेव हि ॥**
**प्राप्नोत्यशोभनं चैतत् तत्त्वतस्तद्भावतः ॥१४॥**

ભાવાર્થ:—કર્મમાં યોગ્યતા ન હોવા છતાં તેના કરનારને કર્તા તરીકે માનવામાં આવે તો કાર્યમાત્ર ભલે પછી તે બહિરંગ હોય, કેવલ ઔપચારિક જ થઈ જશે, કાલ્પનિક જ બની જશે. પણ પરમાર્થતઃ નહિ માની શકાય. જેમ માણવકમાં સિંહત્વ, અગર કાર્યમાત્ર ઔપચારિક જ માની લેવામાં આવશે તો તે વ્યાજબી નથી. કારણ કે, તત્ત્વતઃ કાલ્પનિક વસ્તુનું અસ્તિત્વ હોઇ શકતું જ નથી. કાર્ય-કારણભાવની યા કાર્ય-કર્તાની વ્યવસ્થા સત્-અનુભવ ઉપર નિર્ભર છે, તે જે રીતે ઘટિત હોય તે રીતે જ માનવામાં ઘટી શકે તેમ છે. અનુભવ પણ એવો છે કે, જેનામાં જેની સ્વભાવતઃ યોગ્યતા હોય, તેનામાં જ તે તે કર્તા તે તે ક્રિયાઓ કરે, તો જ ફળ નિપજાવી શકે છે. જેમ અમુક માટીમાં ઘડારૂપે થવાની લાયકી હોય, તો તેનો કર્તા કુલાલ તેને ઘડારૂપે બનાવી શકે છે. અને તેથી જ તે તેનો વાસ્તવિક રીતે કર્તા માની શકાય છે, પણ ઝાંખર ઉપર જે ચિત્રામણ કરવા જાય, તે કદાચ તે કાર્યમાં નિષ્ણાત હોય તો પણ એવકુફ જ મનાય. કારણ કે, ઝાંખરમાં કુદરતી લાયકી જ નથી, જેનામાં સહજતઃ લાયકી જ ન હોય, તેનામાં જોરદાર

પુરૂષાર્થ કરવામાં આવે તો ય તેમાં તે ક્રિયા કયાંથી થાય ? તેથી જ તેને કર્તા વસ્તુતઃ કર્તારૂપ માની શકાય જ નહિ.

બીલ્કુલ યોગ્યતા ન હોવા છતાં પણ તેનામાં તે ક્રિયા કરવામાં આવે, અને તેના કરનારને કર્તારૂપે માની લેવામાં આવે તો જગતભરના કાર્યની વ્યવસ્થા માત્ર કાલ્પનિક જ થઈ. જેમ માણવક નામના સખ્સમાં સિંહપણું વાસ્તવ નથી.

માત્ર તેનામાં તેવા ગુણો હોઇ, તેને તે રૂપે કલ્પ્યો છે, પણ તે કાંઇ ખરેખર સિંહ નથી જ. તેમ હરએક અંતરંગ યા બહિરંગ કાર્યમાત્ર કાલ્પનિક બની જશે, પણ વાસ્તવ રહેશે નહિ કારણ કે તે રૂપે નહી હોવા છતાંય, તેમનામાં તે રૂપે ઉત્પન્ન થવાની લાયકી નહિ હોવા છતાં, તે કાર્યને તે રૂપે માની લેવામાં આવ્યું છે. યદિ માત્ર કાલ્પનિક જ માની લેવામાં આવે તો તે ઘટિત નથી. કારણ કે જે માત્ર ઔપચારિક જ હોય, તે વસ્તુતઃ સત્ હોય જ નહિ પણ અસત્ જ હોય.

સાંઢને ગમે તેમ દુઝણી ગાય તરીકે ઉપચરવામાં આવે તો પણ તે હરગિજ દૂધ આપનાર બને જ નહિ. માણવક આદિમાં ભ્હાય તેમ સિંહત્વાદિનો ઉપચાર કરવામાં આવે, તો પણ કદાપિ તે સાક્ષાત્ સિંહરૂપ બની શકે જ નહિ. એજ રીતે જીવમાં સહજતઃ યોગ્યતા ન હોય તો તેનામાં મોક્ષાદિ કાર્ય તત્ત્વતઃ ઘટી શકે જ નહિ. ભલે પછી માત્ર કદાગ્રહથી ઈશ્વરના અનુગ્રહાદિના પ્રતાપે તેને માની લેવામાં આવે એ એક અલગ વાત છે. પણ ગેરવ્યાજબી છે. કારણ-યુક્તિ રહિત અગડંબગડં માની લેવું, તે પ્રામાણિક જનોને જરાએ ઉચિત નથી. એટલે ઈશ્વરનો અનુગ્રહ માનવો હોય, તોય, જીવની પોતાની યોગ્યતા તો માનવી જ જોઇએ. એ સિવાય તો મોક્ષાદિ નહિ જ ઘટી શકે. આ રીતે ઇશ્વરના અનુગ્રહને માનવા છતાંય, જીવની યોગ્યતાને તો માનવી જ પડે તો તેને જ મુખ્ય કારણ માનવી ઘટિત છે, પણ ફીજુલ ઈશ્વરના અનુગ્રહને માનવો એ વ્યાજબી નથી.

ઘડીભર ઉપચારને ય માની લેવામાં આવે, તોય, એ સમજવું જરૂરી છે કે, ઉપચાર પણ પ્રાયઃ મુખ્ય વસ્તુ હોય, તો જ ઘટી શકે છે. અનુભવ પણ એવો જ છે. તેથી જ માનવું જોઇશે કે પોતાની યોગ્યતાના પ્રભાવે જ જીવ કર્મસંયોગી બની સંસારી બને છે અને કર્મનો વિયોગ થવાથી મુક્ત બને છે. અર્થાત્ યદિ વાસ્તવ વ્યવસ્થા ઈષ્ટ હોય, તો ઉપર્યુક્ત પ્રામાણિક કથનાનુસાર જ તે ઘટી શકશે.

[ અપૂર્ણ ]

બાળક :- બા, અમારા માસ્તર ગાંડા થઇ ગયા છે.

બા :— કેમ બેટા શાથી કહે છે ?

બાળક :- કાલે માસ્તરે કહ્યું હતું કે, ત્રણ ને બે પાંચ, અને આજે કહે છે, ચાર ને એક પાંચ, બોલો હવે માસ્તર ગાંડા ખરા કે નહિ ?

❋ ❋ ❋

વિજ્ઞાન શિક્ષક :- અલ્યા રસિક ! બોલ જોઈએ, એવી કઈ વસ્તુ છે કે, જે ગરમીથી ફૂલે છે, અને ઠંડીથી સંકોચાય છે.

રસિક :— સાહેબ ! બરફના વ્યાપારીનું ખીસ્સું.

❋ ❋ ❋

છગને રાતમાં પથારીમાંથી બેઠા થઈ, દીવાસળી સળગાવી, તરત ઓલવી નાંખી. આ જોઇને જોડે સૂતેલા મગને તેને પૂછયું; ' અલ્યા આ શું કર્યું ? છગને જવાબ આપ્યો, ' એ તો હું જોતો હતો કે તેં દીવો ઓલવી નાંખ્યો કે નહિં ? '

# સ્વાર્થમય સંસાર

*** બાલમુનિશ્રી હિરણ્યપ્રભવિજયજી મહારાજ. ***

**આ** સંસારમાં દીર્ઘ દૃષ્ટિ નાંખીને જોશો, એટલે સંસાર તમને સ્વાર્થી માલુમ પડશે, ભાઇ, માતા, પિતા, ભોજાઇ, સ્નેહી કુટુંબો સ્વાર્થને રડશે, સગાઇ પણ ક્યાં સુધી ? સ્વાર્થ નહી સધાય ત્યાં સુધી. આવા સંસાર ભણી કોણ જુએ ?

એક ગામમાં શેઠ-શેઠાણી રહેતાં હતાં. લક્ષ્મી તો તેમની દાસી બની ગએલી હતી. એટલા માટે શેઠ-શેઠાણીને દાસ-દાસીઓની ખામી હતી નહી. તેમની સેવામાં ચોવીશ કલાક સેવકો હાજર રહેતા હતા, પણ બધા દિવસ સરખા કંઇ જતાં નથી. પૂર્વના કર્મના પ્રબળ સંજોગે યા લક્ષ્મીની ચપળતાના કારણે કહો, જ્યાં સુધી શેઠનું પુણ્ય તપતું હતું ત્યાં સુધી લક્ષ્મીએ પોતાનો સ્વભાવ બદલ્યો ન હતો, જ્યાં પુણ્ય ખલાસ થઇ જતાં લક્ષ્મી પોતાના મૂળ સ્વભાવ ઉપર આવી ગઈ. એટલે શેઠની ધીમેધીમે પડતી થવા માંડી કે એક ટંક ખાવાનાં પણ ફાંફાં થઈ ગયાં. એટલે શેઠ-શેઠાણીને મજુરી કરવાની ફરજ પડી. શેઠાણીને પહેલાં સારાં સારાં કપડાં પહેરવા મલતાં હતાં એને બદલે મેલી-ઘેલી પછેડી કરતાં ભૂંડાં કપડાં પહેરવાનો સમય આવ્યો.

શેઠાણીને આ કપડાં પહેરવાં ગમતાં ન હતાં. એટલે શેઠાણી શેઠની પાસે આવીને કહેવા લાગ્યા; આમ ક્યાં સુધી દુઃખના દિવસો વેઠવા ? જો તમે બહારગામ જાઓ, અને કંઇ કમાઇ ને લાવો તો આપણા સુખના દહાડા આવે. શેઠાણીએ આ પ્રમાણે કહ્યું એટલે શેઠે વિચાર કર્યો કે, શેઠાણી કહે છે તે બરાબર છે, એટલે શેઠાણીએ શેઠને ચાર લાડવા કરીને શેઠને જવા માટે વિદાયગીરી આપી. શેઠ લાડવા લઈને જાય છે જ્યાં થોડું ચાલ્યો એટલે શેઠને ભૂખ લાગી એટલે પોટલી છોડીને જ્યાં લાડવા ખાવા જાય છે ત્યાં શેઠને વિચાર થયો, 'કંઇ આ લાડવા બગડી જવાના નથી કાલે ખાઈશું'

આ પ્રમાણે વિચાર કરીને પોટલી બાંધી દીધી. બીજે દિવસે પણ આ પ્રમાણે કર્યું, ત્રીજે દિવસે આ પ્રમાણે કર્યું. ચોથે દિવસે આ પ્રમાણે કર્યું. પાંચમે દિવસે રાત પડવાનો ટાઇમ છે. શેઠ એક ધર્મશાળા આગળ પહોંચે છે. ત્યાંજ મુકામ કર્યો. રાતના સમયે શેઠ ઉંઘી ગયા છે. બાજુના શહેરમાં ચાર લુંટારાઓ એક ઝવેરીની દુકાનેથી કિંમતી ઝવેરાત ચોરીને ધરમ-શાળા આગળ આવ્યા આખો દીવસ રખડ-પટ્ટીના કારણે ભુખ્યા ડાંસ જેવા થઈ ગયેલા શેઠ સુઇ ગયેલા હતા. તેમના માથા તળે લાડવાની પોટલી મૂકેલી, ચોરોના જોવામાં આવી, તે પોટલી ઉપાડીને છોડી. તેમાંથી ચાર લાડવા નીકળેલા. તે લાડવા એક એક વહેંચીને ચાર જણા ખાઈ ગયા અને સૂઈ ગયા તે સૂઈ ગયા. શેઠે સવારમાં ઉઠીને પોટ-લી તપાસવા માંડી, પોટલી જોવામાં ના આવી એટલે શેઠ પોટલી શોધવા લાગ્યા.

શોધતાં શોધતાં પેલા ચોર સૂઈ ગયા છે ત્યાં આવ્યા. પોટલીના કકડા મળ્યા એટલે શેઠે વિચાર કર્યો, 'આ લોકો લાડવા ખાઇ ગયા લાગે છે.' શેઠે ખાત્રી કરવા માટે ચોરને જગાડવા માંડયા. ચોર બોલતા નથી, તેથી હલાવે છે, છતાં પણ જાગતા નથી.' શેઠે

વિચાર કર્યો; 'મારી પાસે જે ચાર લાડવા હતા તે આ ચોર લોકો ખાઇ ગયા લાગે છે એટલે મરણ પામ્યા છે, ચોર પણ ચાર છે. જે ઝવેરાત ચોર્યું હતું તે શેઠે લઇ લીધું, અને વિચાર કરવા લાગ્યા, જો અહીંથી પાછો વળી જઈશ તો ઝવેરાત લાવવાની વાત રાજા જાણશે તો ચોર તરીકે સાબીત કરીને સળીયા ભેગો કરી દેશે, એના કરતાં કોઇ જગ્યાએ બાર-તેર વર્ષ ગાળી દેવા અને પછી દેશમાં જવામાં વાંધો નથી.

ઝવેરાત લઇને એ અન્ય દેશમાં ચાલ્યો ગયો. એ ઝવેરાતથી વેપાર ધમધોકાર ચાલવા માંડયો, એટલે પહેલાં લક્ષ્મી હતી તેના કરતાં વધુ થઈ ગઈ. જ્યાં પુણ્ય ઉદયમાં આવ્યું એટલે લક્ષ્મી તરત જ એની દાસી બની ગઈ. શેઠે નોકર-ચાકર બધું વસાવી લીધું.

હવે શેઠ બાર વર્ષ થઇ જવા આવ્યાં એટલે પોતાનાં ગામ ભણી જવાની તૈયારી કરવા માંડયા. શેઠે રાજાની રજા લઇને વિદાયગીરી લીધી. ગામે ગામે રાજાઓના અને શેઠીઆઓના સન્માન પામતાં પામતાં પોતાના ગામની ભાગોળમાં આવી પહોંચ્યા. કુવા પાસે તંબુ નાંખીને પડાવ કર્યો. ગામની સ્ત્રીઓ તંબુ જોતાં વાજીંત્રનો અવાજ સાંભળતાં સ્ત્રીઓ તંબુ ભણી જવા માંડી. સ્ત્રીઓ શેઠ બેઠા છે તેમને ધારી ધારીને કાનમાં કંઈ વાત કરે છે, 'માન કે ના માન પેલા શેઠ હતા એ જ છે.' આ પ્રમાણે બધી કુવા ઉપર આવેલી સ્ત્રીઓ ઘેર નહિ જતાં શેઠાણીના ઘેર જવા માંડી. શેઠાણીને પેલી સ્ત્રીઓ કહે છે કે, શેઠ આવ્યા લાગે છે.

શેઠાણી કહે છે, 'કદાપિ પાછા ન આવે, ગયા એ ગયા.' શેઠાણી આ પ્રમાણે કહે છે, એટલામાં બીજું સ્ત્રીઓનું ટોળું આવ્યું અને કહેવા લાગ્યું, 'શેઠાણી, શેઠ આવ્યા લાગે છે.' ધીમે ધીમે શેઠના આવ્યાની વાત ગામમાં પ્રસરી ગઇ, શેઠને ઘણા દિવસે ગામમાં આવવાથી અને પૈસા કમાઇને લાવેલા એટલા માટે ગામના આગેવાનો સામે આવ્યા, સન્માન કર્યું. શેઠાણી પણ વગર ઈચ્છાએ પણ વહેવારની ખાતર કંકાવટી, ચોખા, શ્રીફળ બધું લઇને સામે આવી, શેઠની ઋદ્ધિ જોઇને છક્ક બની ગઈ અને કહેવા લાગીઃ-

"ભલે પધાર્યા પ્રીતમરાય! લળી લળી લાગું તુમારા પાય." આ પ્રમાણે શેઠાણી બોલી એટલે શેઠ શેઠાણીને ખબર પડે કે શેઠ જાણે છે, "મેરા કરમ કીયા જોર, ખા ગયા લડ્ડુ મર ગયા ચોર." પોતાની ભાષામાં શેઠાણી મનમાં સમજી ગયાં, ઘેર જઇને શેઠે વિચાર કર્યો; શેઠાણીનું કરમ એ જાણે, એમાં મારૂં કંઈ જવાનું નથી. એટલે શેઠે પોતાને મારી નાંખવા શેઠાણીએ લાડવામાં ઝેર નાંખ્યું હતું તે વાત ગંભીરતાથી હૈયામાં રાખી.

ખરેખર સંસાર સ્વાર્થવશ છે. વિવેકી આત્માઓએ પોતાનું કલ્યાણ સાધવું જોઇએ!

**ભાડૂતે મકાનમાલિક પાસે જઈ ફરિયાદ કરી, 'મારા રૂમમાં પાણી ભરાઈ ગયું છે.' મકાનમાલિકે કહ્યું; 'ત્યારે ૧૫) રૂ. ના ભાડામાં શું ભરાય? દુધ કે દહિં ઓછાં ભરાવાના હતા.'**

# મિત્ર કે શયતાન ?

શ્રી એન. બી. શાહ.

**જેના જીવનમાં ધન એજ સર્વસ્વ મનાયેલું હોય છે, એવા લોભી માણસો પોતાના જીવનમાં કેવા કેવા અનર્થો, પાપો આચરીને તેમજ ભયંકર મિત્રદ્રોહ કરીને દુર્ગતિના મહેમાન બને છે. તેનો આબેહુબ ચિતાર વાંચકોને આ કથાનક વાંચવાથી સમજાશે.**

## ( ૧ )

જ્યારે આ અવની પર ન્હોતી રેલ્વેની સગવડ કે ન્હોતી તારઓફીસો, છતાંય સાહસિક વહેપારીઓ બેલગાડીઓ કે પોઠીઆઓ દ્વારા, તેમજ મોટાં મોટાં જહાજો અને વહાણો મારફતે જમીન અને સમુદ્ર માર્ગે દુરદુરના દેશોમાં વેપાર ખેડતા અને અઢળક ધન ઉપાર્જન કરી પાંચ, દશ કે વીશ વર્ષે માદરેવતન પાછા આવતા. એવા જુગજુના સમયની આ વાત છે.

ધરમપુર નામે એક નગર હતું, સુંદર કારીગરીથી તેને ફરતો રહેલો કોટ (કીલ્લો) નગરની શોભામાં વધારો કરી રહ્યો હતો. ધર્મનો અવતાર જાણે ન હોય એવા ધર્મસિંહ ભૂપાલની તે નગરમાં હાક વાગી રહી હતી. પ્રજાને તેના રાજ્યમાં અદલ ઇન્સાફ મળતો. પ્રજા એ ધર્મપ્રેમી ભૂપાલના દરરોજ મુક્તકંઠે યશોગાન ગાતી.

તે નગરમાં બે મિત્રો રહેતા હતા. એકનું નામ રૂપસેન અને બીજાનું નામ હતું વામદેવ.

રૂપસેન વણિક હતો અને વામદેવ બ્રાહ્મણ હતો. બાલ્યાવસ્થાથી જ મિત્રાઈની ગાંઠ જામેલી. ખાવું–પીવું ને ખેલવું એ સિવાય બીજી પંચાતથી તેઓ અલગ હતા. થોડાક વર્ષોમાં તો તે યુવાનીના ઉંબરે આવીને ઉભા રહ્યા. અને દુનિયાનું થોડું થોડું તેમને ભાન થયું.

બંનેનાં મા–બાપ સાધારણ સ્થિતિનાં તો હતાં જ. વળી છોકરાઓને ભણાવવામાં અને તેમના લાલન–પાલનમાં જે કાંઈ હતું તે થોડે થોડે સાફ થઈ ગયું, ગરીબાઇ તેમને ભરખવા લાગી.

રૂપસેન અને વામદેવ હવે સમજણ–શક્તિવાળા બન્યા છે. બંને મિત્રોએ દેશાવર જઇ ધન કમાવી લાવવાનો વિચાર કર્યો.

સારા મુહૂર્તે બંને મિત્રોએ માત–પિતાને નમન કરી પરદેશ પ્રયાણ કર્યું. શુભ શુકનના પ્રભાવે માર્ગમાં જ તેમને એક સાર્થવાહના સાર્થનો આશ્રય મલી ગયો અને સુખશાંતિથી કેટલાએક દિવસે બેન્નાતટ નામના નગરમાં આવી પહોંચ્યા.

એ વખતમાં બેન્નાતટ નગર વ્યાપાર–રોજગારમાં ભારે પ્રખ્યાત હતું. ચોરાશી બંદરનો વાવટો બેન્નાતટ બંદરે સદાય ફરકી રહેતો. મોટા મોટા મહેલો અને હવેલીઓથી શોભી રહેલ તે નગરમાં બંને મિત્રોને ભાગ્ય કાંઈક જાગતું હોવાથી નોકરી મળી ગઈ.

રૂપસેન નીતિવાળો અને ચારિત્રશાળી યુવક હતો. એની ચાલાકી અને કાર્યદક્ષતા જોઇ શેઠે તેના પગારમાં થોડાક જ મહિનામાં સારો વધારો કરી આપ્યો. ક્રમે ક્રમે એના ભાગ્યનો સિતારો ચડતો જ રહ્યો અને પોતાની કળા અને કૌશલ્યથી શેઠની દુકાનનો ભાગીદાર બની ગયો.

" ભાગ્ય આડું પડેલું પાંદડું ખસી જાય છે ત્યારે આજે રંક ગણાતો માનવ ઘડીકવારમાં ધનવાન બની જાય છે, પુણ્યોદય જાગે છે ત્યારે અવળા પણ સવળા પડે છે. ભાગ્યની લીલાની કોઈને ખબર છે ખરી ! " તેવીજ રીતે રૂપસેનનું ભાગ્યચક્ર પૂરબહારમાં ખીલી ઉઠયું અને તે લાખો રૂપિઆ કમાઇ ગયો.

બીજી બાજુ કમ–નશીબ વામદેવ મીજાજી, આળસુ અને ઇર્ષાખોરવૃત્તિવાળો હતો એટલે શેઠની મહેરબાની તે સંપાદન કરી શકયો નહિં એટલે ભાઇ તો હતા તેવા ને તેવા નિર્ધનદશામાં જ હજુ દહાડા કાઢી રહ્યા હતા.

એક દિવસ રૂપસેને વામદેવને કહ્યું, ' મિત્ર ! આપણને, અહિં આવ્યા ને દશ દશ વર્ષનાં વહાણાં વીતી ગયાં. માત–પિતાઓની કઈ સ્થીતિ હશે ? એ વિચારે હવે મારૂં હૃદય ઘર તરફ ઉપડયું છે. માટે આપણે હવે દેશમાં પહોંચી જવું જોઈએ.

વામદેવે કટાક્ષમાં જવાબ આપ્યો કે, ' તું તો માલદાર બની ગયો છે એટલે હવે તારે પરદેશ રહેવાનું શું પ્રયોજન ? પણ હજુ હું તો હતો તેવો ને તેવો જ રહ્યો છું. મારા જેવો કડકો આદમી દેશમાં આવીને કયું સુખ મેળવી શકવાનો હતો ? માટે તારે જવું હોય તો સુખેથી જઇ શકે છે. આપણો તો હાલમાં બીલકુલ વિચાર નથી ! '

રૂપસેન ગમે તેમ તોય માયાળુ હતો. તેના હૃદયમાં દયાનો વારસો ઉતરી આવેલો હતો. વામદેવના આવાં દીન વચનો સાંભળીને તેને દિલાસો આપતાં જણાવ્યું કે. ' ભલે તું પૈસા નથી કમાઈ શકયો, તેનો તું અફસોસ ન કર, હું તને પાંચ હજાર રૂપિઆ આપીશ અને તું દેશમાં ચાલ. કારણ કે આપણે બંને સાથે આવ્યા અને સાથે જ પાછા જઇએ તો આપણાં બંનેનાં મા-બાપને ઘણો આનંદ થાય. તને દુઃખી સ્થિતિમાં મૂકીને હું કેમ જઇ શકું ? તો હું અને તું મિત્ર શાના ? સાચો મિત્ર તેનું જ નામ કે જે સુખ-દુઃખમાં સમભાગી રહે. માટે મારાં વચન ઉપર વિશ્વાસ રાખ અને તું જ કમાયો છે એમ માની લે. વળી આ વાત હું કોઈની આગળ પ્રગટ પણ નહિં કરૂં એની ખાત્રી રાખજે. મિત્ર તરીકેની ફરજ અદા કરવાનો આથી સરસ મોકો આ જીવનમાં બીજે કયા વખતે મલવાનો છે એમ માનીને જ હું તને પાંચ હજારની રકમ બક્ષીસ આપવા તૈયાર થયો છું. માટે તું પણ આવવાની તૈયારી કર !

રૂપસેનના ઉપર પ્રમાણેના પ્રેમ અને લાગણી-ભર્યા શબ્દોએ વામદેવના હૃદયમાં અજબ પરિવર્તન કરી નાંખ્યું. જે દેશમાં જવાને સ્વપ્ને પણ ન્હોતો ઇચ્છતો તે તેજ ઘડીએ તૈયારી માટે ગુંથાયો. અજબ છે લક્ષ્મીદેવી તારી મોહિની !

## ( ૨ )

રૂપસેન મિત્ર-ધર્મના આદર્શો સમજનાર એક ધર્મપ્રેમી યુવક હતો. તેના હૃદયમાં ધનની ખોટી ઘેલછા ન હતી. ભાગ્ય જાગતું હોય તો ધન થોડા પ્રયત્ને પણ મેળવી શકાય છે. જ્યારે મહેનત મજુરી કરીને તૂટી મરનારા પણ આજે પૂન્ય પરવારી બેઠેલા હોવાથી કંગાલ દશામાં રખડતા આપણે કયાં જોઇ શકતાં નથી ? રૂપસેનને ધર્મ અને ભાગ્ય ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હતી. હજુસુધી તે ધર્મને બેવફા નીવડયો ન હતો અને તેથી જ તે લક્ષ્મીદેવીનો લાડીલો આજે બની ગયો હતો.

વામદેવનું હૃદય કુટિલતાથી ભરપૂર હતું. ઉપકાર કરનાર વ્યક્તિને પણ તે છેહ દેવામાં અચકાય તેમ ન હતો. કારણ કે તેનાં હૃદયમાં બાલ્યકાળથી તેના મા-બાપે સુંદર સંસ્કાર પાડવાની કાળજી રાખી ન હતી. વળી જાત બ્રાહ્મણ એટલે લોભનો થોભ જ નહિં. વિના-મહેનતે પૈસાદાર બની જવાનો હાથમાં આવેલો પ્રસંગ વામદેવે ઘણી ખુશીથી વધાવી લીધો અને કોઇ શુભ દિવસે સ્વદેશ તરફ જવાનો બંનેએ વિચાર કર્યો.

ત્યારપછી થોડા જ દિવસોમાં શુભ દિવસે રૂપસેને વામદેવની સાથે સ્વદેશ તરફ પ્રયાણ કર્યું.

રૂપસેનનો કાફલો દરમજલ દરમજલ પંથ કાપતો કાપતો કેટલાએક દિવસે એક અટવીમાં આવી પહોંચ્યો. રાત્રી પડી જવાથી ત્યાં જ પડાવ નાંખ્યો, અને જોઇતા પ્રમાણમાં તંબુઓ ઠોકીને એક નાનકડી છાવણી ઉભી કરી દીધી.

થાક અને પરિશ્રમને લીધે પોતપોતાના તંબુમાં સૌ ઘસઘસાટ નિદ્રાદેવીના ખોળામાં નિંદ લઇ રહ્યા છે. બત્તીઓનો ઝીણો ઝીણો પ્રકાશ વાતાવરણને જાગતો રાખી રહ્યો છે.

એક વ્યક્તિ પોતાના તંબુમાં વિચારોના વમળોમાં આમતેમ પથારીમાં આળોટી રહી છે. નિદ્રાદેવી આજે તેની દુશ્મન બની છે. બેભાન જેવી તે વ્યક્તિ ધીમે ધીમે બબડવા લાગી કે, ' રૂપસેન અને હું એક જ સ્થિતિમાં સાથે આવેલા, તે આજે કરોડોનો માલિક, લાખ્ખોની સાહ્યબી એના પગ નીચે આળોટી રહી છે, જ્યારે હું તો કંગાલ અને કંગાલ જ રહ્યો. રૂા. પાંચ હજાર ભલે તેણે આજે આપ્યા છે, પરંતુ દેશમાં ગયા પછી પાછા નહિં માંગે તેની ખાત્રી શી ?

અને ત્યારે મારી શી દશા થશે ? લોકોમાં હું હાંસીને પાત્ર બનીશ એ જુદું. વાણીયાભાઇનો વિશ્વાસ શો ? માટે એનેજ અહિં પૂરો કરી નાંખ્યો હોય તો ઘડીકમાં જ લાખ્ખોપતિ બની જવાય. અહિં કોણ ભેદ જાણનાર છે ? હું તેનો જીગરજાન મિત્ર છું એમ સાથે રહેલાં બધા માણસો કયાં નથી જાણતાં ? માટે મારા ઉપર કોઇનેય શંકા પેદા થાય તેવું છે જ કયાં ? બસ બેડો પાર એક જ ઘાએ.

'આ પ્રમાણે પાપી વિચારોમાં અંધ બનેલો એ કાળા હૃદયનો શયતાન ખંજર હાથમાં છુપાવીને જ્યાં રૂપસેન ઘસઘસાટ ઉંઘી રહ્યો છે ત્યાં આવી પહોંચ્યો, અને એકદમ તેની છાતી ઉપર ચડી બેઠો.'

રૂપસેન સફાળો ઝબકી ઉઠયો, અને જાગ્રત બની ગયો. પોતાની છાતી ઉપર ઉઘાડા ખંજરે વામદેવને જોઇને પ્રથમ તો તે હબકી ગયો પણ કાંઈક વિચાર કરીને તે બોલ્યો: 'અરે વામદેવ ! તું શું કરવા ધારે છે ? તારી બુદ્ધિ આમ કેમ બદલાઈ ગઈ ? મારા દિલોજાન મિત્ર ! તેં દારૂ-બારૂ તો પીધો નથી ને ? બોલ, બોલ, તું કયા આશયથી અહિં આવ્યો છે ? ભલમનસાઈનો તું આવો દુરૂપયોગ કરશે એનો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો, અરે એક મિત્ર થઇને સાચી મૈત્રીને તું આમ છેક જ દગો દેશે એમ હું નહોતો ધારતો. કેમ કાંઈ બોલતો નથી ? શું હું આ જોઇ રહ્યો છું તે સત્ય જ છે કે સ્વપ્ન ? પ્યારા મિત્ર ! સંકોચ રાખ્યા વગર જે કાંઈ તારે જણાવવાનું હોય તે જણાવી દે.'

વામદેવે રૂપસેનની આજીજીની દરકાર કર્યા વગર ક્રોધિત થઇને જવાબમાં એટલું જ બેપરવાઇથી કહ્યું: 'તું જે જૂએ છે તે સત્ય જ છે. હવે કાંઇ લપસપ ચલાવ્યા વગર તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે, પછી આ ખંજરનો તને મહેમાન બનાવી દઉં.'

'રૂપસેન ઘણો ચતુર હતો તે સમજી ગયો કે, આ કૃતઘ્નીને પાપનો ડર નથી, અને એને હવે કાલાવાલા કરવા નકામા છે. છેવટે તેને એક સુંદર વિચાર સૂઝી આવ્યો અને કહ્યું: 'ભાઈ ! હવે જે બનવાનું હોય તે બને તેનો મને હરખ-શોક નથી, તું ઘેર પહોંચે એટલે મારા માત-પિતાને મારા તરફથી આટલો સંદેશો પાઠવજે.

વામદેવ બોલ્યો, કહીદે કહીદે જે કહેવું હોય તે જલ્દી કહી દે તારા મા-બાપને જરૂરથી હું તારો સંદેશો કહીશ તે બાબત નિશ્ચિંત રહે.

રૂપસેને કહ્યું કે, મિત્ર ! મારા મા-બાપ તારી પાસે મારા ખબર-અંતર પુછવા આવશે અને તે વખતે તારે મારા તરફથી **वा. रु. घो. ल.** આ ચાર અક્ષરો તેમને કહેવા, જેથી તેઓને ઘણો આનંદ થશે.

બસ એટલું જ ને ? એમ કહેતાની સાથે જ એ શયતાને પોતાના ઉપકારી મિત્રની છાતીમાં ખંજર હુલાવી દીધું અને કોઇ ન દેખે તેવી રીતે એક ખાડામાં તેનું શબ ફેંકી દીધું, ત્યારબાદ સાથે આવેલા માણસોને જાગ્રત કરી ઢોંગી એવો તે મોટેથી રડવા લાગ્યો અને રૂપસેનને એક વાઘ ઉપાડી ગયો હવે શું થાય ? એમ રડતાં રડતાં બોલવા લાગ્યો. રૂપસેનની શોધ કરવા માણસો વાઘની શોધમાં દોડયા પણ વાઘ આવ્યો જ નથી ત્યાં પત્તો ક્યાંથી લાગે ? "**मूलं नास्ति कुतः शाखा**" આખરે સૌ લોકો ઘણે દુર સુધી તપાસ કરીને પાછા આવ્યા, એ સહુએ વામદેવને દિલાસો આપ્યો. આખરે વામદેવના દંભની લીલા કોઈ કળી શકયું નહિં.

પોતાના મિત્રનો બધોજ માલ સુરક્ષિત રીતે તેને ઘેર જલ્દીથી પહોંચાડવાનો દંભ બતાવીને સવાર પડતાં જ વામદેવે આગળ પ્રયાણ માણસો સાથે શરૂ કર્યું.

કેટલાક દિવસો બાદ તે એક પરિચિત ગામમાં આવી પહોંચ્યો અને ત્યાંથી બધા નવા નોકરો રાખી લઈ, જુના તમામ નોકરોને ખુશી થાય તેટલો પગાર ચુકવીને છુટા કરી દીધા. કારણ કે જુના નોકરો તેના ગામ પહોંચતા તેને ભયરૂપ હતા. તે ભય તેનો હવે દુર થયો અને તે ઘણો જ આનંદમાં આવી ગયો. પણ માણસ ધારે છે શું ? અને કુદરત કરે છે શું ? તેની આવા પામર મનુષ્યોને ક્યાંથી

ખબર હોય ? એક કવિ કહી ગયા છે કે " **જેવી કરે જે કરણી, તેવી તરત ફળે છે, બદલો ભલા બુરાનો, અહિંનો અહિં** મળે છે. હવે વામદેવનું શું બને છે ! તે તરફ જરા અવલોકન કરીએ.

[ ૩ ]

**નૂતન** માણસોના કાફલા સાથે થોડાક દિવસોમાં પોતાના માદરે વતનમાં આવી પહોંચ્યો. વામદેવ ઘણો પૈસો કમાઇને આવ્યો છે એ વાત વાયુવેગે આખાય નગરમાં પ્રસરી ગઈ. નગરના નાગરિકોએ અને સંબંધી જનોએ તેનો સુંદર સત્કાર કર્યો. તેના માતા–પિતાને આજે આનંદનો પાર નથી. આ વખતે રૂપસેનના મા–બાપની પરિસ્થીતિ તરફ હવે વળીએ.

વામદેવ આવી પહોંચ્યો અને રૂપસેન કેમ નહિં આવ્યો હોય ? એ ચિંતામાં માતા–પિતા શોકમાં ડુબી ગયાં અને વામદેવ પાસે જઇને રૂપસેન ક્યારે આવશે ? તે વિષે જે માહિતી મેળવવાની હતી તે સર્વે હકીકત શોક અને ચિંતા ભર્યાં વદને વામદેવને પૂછતાં પ્રત્યુત્તર મળ્યો કે રૂપસેન આવવાનો તો હતો પરંતુ એકાએક વેપારમાં ભારે ખોટ આવી જવાથી તે હમણાં ત્યાં રોકાઇ ગયો છે. સુખસમાચાર રૂપે **વા. રુ. ઘો. લ.** એ ચાર અક્ષરો તમને કહેવાને માટે મને કહ્યું છે, બાકી એથી વિશેષ બીજા કાંઇ સમાચાર મારી સાથે કહેવડાવ્યા નથી.

રૂપસેનના માત-પિતાએ એ ચાર અક્ષરોનો ભાવાર્થ જાણવા માટે ઘણો પ્રયાસ કર્યો પણ કાંઈ સમજી શકાયું નહિં એટલે છેવટે તે નગરના રાજા પાસે જઇને નમ્ર પણે અક્ષરોની હકિકત જણાવીને એ ચાર અક્ષરોનો ભેદ શું છે ? તે જણાવવા માટે વિનંતિ કરી. રાજાએ રાજ્યમાન્ય પંડિતોને એકઠા કર્યાં અને એ ચાર અક્ષરોનો ભાવાર્થ ખુલ્લો કરવા જણાવ્યું.

પંડિતોએ ઘણાં પુસ્તકો જોઇ લીધાં, પરંતુ **વા. રુ. ઘો. લ.** નો રહસ્યાર્થ કોઇ ઠેકાણે જડી શકયો નહિં, આથી પંડિતો પણ વિલખા થયા અને નીચે મોઢે બેસી રહ્યા. રાજાને એનો ખુલાસો આપી શકયા નહિં. રાજાને આથી ભારે ક્રોધ આવ્યો એટલે બધાં પંડિતોમાં અગ્રેસર એવા વરરૂચિ નામના પંડિતને સંબોધીને નૃપતિએ જણાવી દીધું કે, ' જુઓ પંડિત ત્રણ દિવસમાં તમે આ ચાર અક્ષરોનો રહસ્યાર્થ ખુલ્લો નહિ કરી બતાવો તો મૃત્યુ–દંડની શિક્ષા ફરમાવવામાં આવશે. મૃત્યુ–દંડની વાત સાંભળતાં જ પંડિતજીનાં ગાત્ર ઢીલાં થઇ ગયાં. છતાંય દેખાવ પૂરતી હિંમ્મત રાખીને તે બોલ્યો; મહારાજ ! ત્રણ દિવસમાં હું જવાબ જરૂર શોધી લઇશ. તે બાબત નિશ્ચિંત રહો.

પંડિત વરરૂચિએ બે દિવસમાં બધાં શબ્દકોષો તપાસી જોયાં પરંતુ કોઇ ઠેકાણે **વા. રુ. ઘો. લ.** નો રહસ્યાર્થ જડયો નહિ. છેવટે આખરી ઉપાયમાં આ ગામ છોડીને રાત્રે ભાગી જવું એવો વિચાર કરીને બીજા દિવસની રાત્રીએ પંડિતજી ગચ્છંતિ કરી જવા માટે ગુપચુપ નગર બહાર આવેલા એક મંદિરમાં પહોંચી ગયા અને મોડી રાત્રીએ ત્યાંથી કોઈનેય ખબર ન પડે એ રીતે એ પરદેશમાં ભાગી જવું એવો વિચાર નક્કી કરીને જરા આરામ લેવાને જમીન ઉપર આડા પડયા. તેજ ટાઇમે એક આશ્ચર્યકારી બનાવ બની જાય છે. તે મંદિર નજીક એક મોટું વટવૃક્ષ હતું તેના ઉપર એક યક્ષરાજ અને યક્ષણીનું કાયમ માટે નિવાસ સ્થાન હતું. આજે બંને પતિપત્ની ભારે રમુજમાં આવેલાં હતાં. મસ્તીની મીઠી લહેરમાં યક્ષિણીએ પોતાના પતિદેવ યક્ષરાજને કોઇ આશ્ચર્ય–કારક વાર્તા કહેવાનો આગ્રહ કર્યો. યક્ષરાજે જવાબમાં કહ્યું કે હે, ' પ્રાણવલ્લભે આ નગરમાં જ એક અદ્‌ભૂત ઘટના બની ગઇ છે. તેજ તને કહું છું સાંભળ.

' કોઈ એક વણિકનો પુત્ર પરદેશમાં પૈસા કમાવા ગયેલો, તેના મિત્ર સાથે તે વણિકપુત્રે **વા–રુ–ઘો–લ** એ ચાર અક્ષરોદ્વારા સમાચાર પાઠવ્યા છે. તેનો ભાવાર્થ તેના મા–બાપ તો જાણી શકયાં નહિં પણ તે નગરના રાજાના વિદ્વાન પંડિતો પણ તેનું રહસ્ય જાણી શકયા નથી આથી રાજા ભારે ક્રોધાવેશમાં આવી ગયો છે. અને વરરૂચિ નામના મુખ્ય પંડિતને ત્રણ દિવસમાં તેનો જવાબ શોધી લાવવા માટે મુદત

આપી છે. જો ત્રણ દિવસમાં એ પંડિત જવાબ નહિં આપી શકે તો એ પંડિતને મૃત્યુદંડની શિક્ષા થશે. અને એથી આખુંય નગર ત્રણ દિવસથી ઉલ્લાસ વગરનું શોકમગ્ન બની ગયું છે. આવતી કાલે ત્રીજો દિવસ થવાનો છે. પંડિતની જોવા જેવી દશા આવતી કાલે થશે. કારણ કે, એ પંડિત પણ એ ચાર અક્ષરનો જવાબ આપી શકે તેમ નથી. કારણ કે, એ ચાર અક્ષરો સાંકેતિક ભાષામાં કહેલા છે, એટલે જ્ઞાનીપુરૂષ સિવાય બીજો કોઈ એનો ભાવાર્થ જાણી શકે તેમ નથી. માટે આપણે આવતી કાલે એ પંડિતનું શું બને છે તે જોવા જઇશું. ભારે મજા આવશે.'

યક્ષરાજ અને યક્ષિણી એ વ્યંતર નિકાયના દેવો છે. સામાન્યતઃ એમનો સ્વભાવ કૌતુકપ્રેમી હોય છે. એટલે આવાં કૌતુક જોવાને તેઓ ઘણાં આતુર હોય છે. અને તેથી જ યક્ષ અને યક્ષિણીનો ઉપર મુજબનો થએલો સંવાદ પેલા વડની નજીક મંદિરમાં છુપાએલ પંડિત વરરૂચિએ બરાબર સાંભળ્યો. અને તેની રહીસહી ધીરજ ખૂટી ગઈ, મૃત્યુનો ભય કોને હોતો નથી ?

યક્ષરાજ અને યક્ષિણી વચ્ચે એટલામાં પાછો ફરી વાર્તાલાપ શરૂ થયો. વરરૂચિ તે કાન દઇને બરાબર સાંભળે છે. યક્ષિણીએ પોતાના પતિ યક્ષને કહ્યું કે, 'એ તો બધું ઠીક પણ જે મોટા મોટા પંડિત પુરૂષો એ ચાર અક્ષરનો અર્થ ન કરી શક્યા પરંતુ તમે તો જાણી શકો છો ને ? એનો ભેદ હું અત્યારે જ આપના મુખે સાંભળવા ચાહું છું.'

યક્ષે કહ્યું: 'જો તારી ઇચ્છા છે તો સાંભળી લે એનો ભેદ. **વા** એટલે વામદેવે, **રુ** એટલે રૂપસેનને, **ઘો** એટલે ઘોર નિદ્રામાં, **લ** એટલે લક્ષ રૂપીઆના લોભે જંગલમાં મારી નાંખ્યો છે.' યક્ષિણીના મુખમાંથી એજ વખતે શબ્દો સરી પડ્યા કે, 'અરે આ તો **મિત્ર કે શયતાન ?**'

વરરૂચિને તો 'ભાવતું હતું ને વૈદે કહ્યું' એણે એ ચારે અક્ષરોનો અર્થ યાદ કરી લીધો. હવે તો તે આનંદના આવેશમાં ખૂબ નાચ્યો અને કુદયો, પરદેશમાં ભાગી જવાનો વિચાર પણ માંડી વાળ્યો. અને સવાર પડતાં પહેલાંજ પાછો ગુપચુપ પોતાના મકાનમાં આવી પહોંચ્યો.

ત્રીજા દિવસે સભા ભરાઈ છે. રૂપસેનના માતપિતાને, આજે પોતાના દીકરાએ મોકલાવેલા ચાર અક્ષરોનો ભેદ જાણવા રાજાના સિંહાસન નજદીક જ સ્થાન પ્રાપ્ત થયું છે. પંડિતરાજ પણ આજે જો જવાબ નહિં આપી શકે તો તેમની કઇ પરિસ્થિતિ થશે એ જાણવાને કૌતુકપ્રેમી લોકોથી સભાસ્થાન આજે ચિકાર બની ગએલું છે. હવે રાજા પધારે એટલી જ વાર છે. ત્યાં રાજાજીની નેકી પોકારાઇ અને રાજા મંદગતિએ સભામાં પધાર્યા. સહુએ નૃપતિને વંદન કર્યું અને યોગ્ય સ્થાને સહુ બેસી ગયા.

રાજાની આજ્ઞા થતાં જ પંડિત વરરૂચિએ ચારે અક્ષરોનો ગુહ્યાર્થ ખુલ્લો કરી દીધો. એ માઠા સમાચાર સાંભળતાં જ રૂપસેનના માતાપિતા ધ્રૂસકે-ધ્રૂસકે રડવા લાગ્યાં. પ્રજાવત્સલ રાજાનું પણ હૃદય દ્રવી ઉઠયું, તરત જ વામદેવને રાજાએ પકડીને હાજર કરવા આજ્ઞા છોડી. રાજાની પોલીસ વામદેવના ઘરે આવી પહોંચી. વામદેવને મુસ્કેટાટ બાંધીને તેજ વખતે સભામાં હાજર કરવામાં આવ્યો. **ચોદમું રતન શરૂ** થતાં જ સાચી હકીકત વામદેવે કહી દીધી. અને દયાની માંગણી ખુબ આજીજીપૂર્વક કરવામાં આવી. બ્રાહ્મણભાઇ હોઈ રાજાએ તેને દેહાંતદંડની શિક્ષાને ઘટાડીને દેશનિકાલની સજા ફરમાવી. અને તેની બધી માલમિલકત રૂપસેનના માતા-પિતાને સુપ્રત કરી દીધી.

આ કથાનકને વાંચીને હે વાંચક બંધુઓ ! એટલું જ યાદ રાખશો કે " **દગા કિસિકા સગા નહિં** " " **છુપું કરેલું પાપ છાનું રહી શકતું નથી** " **કહેવત છે કે** " **અતિ ઉગ્ર પુન્ય અને પાપનાં ફળ આભવમાં જ ભોગવવા પડે છે** " માટે આત્માની ઉન્નતદશા કરવાને ઇચ્છતી દરેક વ્યક્તિએ અનીતિનું ધન મેળવવા કરતાં નિર્ધનતાને વધારે પસંદ કરવી, પરંતુ પાપમાર્ગે કદી પણ ડગ ભરવું નહિં. અંતે સત્યનો જ વિજય થાય છે.

# સંસારના પારને પામવાનો માર્ગ

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ.

[ લેખાંક બીજો. ]

સંસાર સાગર છે, તેમાં દુઃખરૂપી જલ છલોછલ ભરેલું છે. સાગરમાં પાણી–પાણી અને પાણી જ દેખાય છે. તેમ સંસાર–સાગરમાં પ્રત્યેક સ્થળોએ જ્યાં નજર ફેંકીયે ત્યાં સઘળેય સ્થળે દુઃખ અને દુઃખ જ દેખાય છે. રાજા હોય, મહેન્દ્ર હોય, શ્રીમંત હોય, નિરાધાર હોય કે ચિંથરેહાલ હોય, સઘળાય દુઃખની જ કારમી ચીસ પાડી રહ્યા છે. કોઇને સંયોગનું, કોઇને સંયોગ મલ્યા પછી નભાવવાનું કોઇને વિયોગનું, કોઇને વિયોગ પછી પુનઃ સંયોગ મેળવવાનું દુઃખ છે જ. જીવ જ્યાં સુધી નિષ્કર્મા ન બને ત્યાં સુધી પારાવાર દુઃખ ને દુઃખ જ જીવને છે. અને ભોગવ્યા સિવાય છુટકો નથી જ. મનોવાંછિત સુખો સાંપડયા હોય તો ય અને અનિષ્ટતાભર્યાં દુઃખો મલ્યાં હોય તો ય જીવને આકુલ–વ્યાકુલતા જ રહે છે. કારણ કે, સુખમાં નાશનો ભય અને દુઃખમાં સુખ મેળવવાની ચિંતા છે જ.

સાગરમાં જેમ પવનનો ઝંઝાવાત ફુંકાય છે. નાવડીને ચાલવામાં બાધા પહોંચાડે છે. ડામાડોળ નાવડી થઇ જાય છે. નાવડીમાં પાણી ભરાઇ જતાં ડુબી જાય છે. તેમ સંસાર સાગરમાં આશા તૃષ્ણારૂપી ભયંકર પવન ફુંકાય છે. જીવનનાવડી ધર્મશઢ તાણીને ચાલતી હોય તેને તૃષ્ણા–વાયુ ડગમગાવી મૂકે છે, ડુબાડી પણ દે છે. સાગરમાં હાથી જેટલાં ઉંચા મોજાં ઉછળે છે. કિનારે નાવડી આવતાં ખોરંભે આ મોજાં જ પાડે છે. તેમ સંસારમાં કષાયરૂપી મોજાં ઉછળે છે. એ મોજાં ચારિત્રવંતને ય પણ પતનમાર્ગે વાળી દે છે. જીવનપર્યંત ચારિત્રપાલન કર્યું હોય પણ કષાય મોજાં એને સહિસલામતમાંથી ફેંકીને જોખમમાં મૂકી દે છે. સાગરમાં ભરતી અને ઓટ આવે છે તેમ સંસારસાગરમાં સંકલ્પ–વિકલ્પોની ભરતી–ઓટ આવ્યા જ કરે છે. સુવિકલ્પો જાગે ત્યારે કુવિકલ્પોની ઓટ આવે છે, અને કુવિકલ્પો જાગે ત્યારે સુવિકલ્પોની ઓટ આવે છે. સુસંકલ્પોની ભરતી આવે ત્યારે જીવનનાવ કિનારે આવે પણ કુવિકલ્પો જાગે ત્યારે ઓટ આવતાં પુનઃ નાવડી દુર જઇને પડે છે. સાગરમાં વડવાનલ નામનો અગ્નિ રહે છે, તેમ સંસારમાં કામરૂપી વડવાનલ સળગે છે, જે મોહરાજાનો મુખ્ય સૈનિક છે, અજેય છે, જગજ્જેતા છે. સાગરમાં મત્સ્યો, મગરો, જલચર પ્રાણીઓ ભરેલા હોય છે, તેમ સંસારસાગરમાં રોગ, શોક, ભય આદિ ભયંકર જલચર પ્રાણીઓ ભરેલા છે.

જેઓ ધર્મજીવનને ગળી જાય છે, નાશ કરે છે, અને ચૂરેચૂરા કરી નાંખે છે, સાગરમાં એવા મોટા મત્સ્યો આવે છે કે, માનવીને શું પણ આખા વહાણનાં વહાણ ગળી જાય છે. તેમ રોગ આવતાં ધર્મી માનવોય પણ આકુલ–વ્યાકુલ થઇને રોગવિવશ બની જાય છે. ધર્મભ્રષ્ટ પણ થાય છે, અરે ધર્મવિરોધી પણ બની જાય છે. સાગરમાં અનેક નદીઓનો સંગમ–થાય છે. સરિત્પતિ કહેવાય છે. તેમ સંસાર સાગરમાં રાગ અને દ્વેષ રૂપી બે નદીઓનો સંગમ થાય છે. રાગ ગંગાનદી જેવો મીઠો છે. રાગ થતાં આનંદ આવે છે. અને દ્વેષ

યમુના જેવો છે. યમુના નદીનું પાણી કાળું છે. તેમ દ્વેષ આવતાં માનવી ધૂવાફૂવા થઇ શ્યામ પડી જાય છે. આ બન્નેય નદીઓની ઉપમા શાસ્ત્રકારે આપી છે. અને તે સંસાર-સાગરમાં પુરપાટ વહેતી વહેતી મલી જાય છે. અને પ્રાણીઓને સાગરના અગાધ જલમાં ઉતારી દે છે. જેથી નિસ્તાર થવો અશક્ય બની જાય છે. રાગ-દ્વેષ એજ સંસારવર્ધનનાં નિમિત્તો છે. સાગરમાં વમલ હોય છે. એને ભ્રમર પણ કહે છે. તો સંસારસાગરમાં મોહ-રૂપી દારૂણ વમલો છે. મુસાફર લોકોનાં વહાણો સાગરના વમલમાં ફસાતાં છ છ માસ સુધી માર્ગ પર જોતાં આવતાં એવી વાતો સંભળાય છે. વળી વમલભારે હોયતો નાવડી જલ-તળીયે પણ પહોંચી જાય છે.

સંસારમાં મોહરાજા છે. ચૌદ ભુવનમાં એની આણ વર્તે છે. સમય આવતાં મહાયોગિરાજોને પણ એ પટકી દે છે. ધર્મજબ્બર સ્ટીમરના મુસાફરોનેય આ મોહનું મહાવમલ પટકાડી દે છે. રખડાવી મારે છે, ' મોહે નડીયા મુનિવર પડીયા ' ફક્ત એ વીતરાગીઓને જ કંઈ કરી શકતો નથી. આઠેય કર્મની સ્થિતિમાં મોહનીયની સ્થિતિ સીત્તેર કોડાકોડી સાગરોપમની છે. અને એક સમયનું બાંધેલું મોહનીય કર્મ અનેક નવાં કર્મોનું ઉપાદાન બની જાય છે. મોહવમલની વસમી વ્યથા પ્રાણીઓને ભ્રમણ-આગમાં સળગાવી મૂકે છે. જો મોહવમલ ટળે તો જરૂર દુઃખ ફીટે અને સાચું શાશ્વત અને સંપૂર્ણ સુખ મલી જાય.

સાગરમાં અજાણ્યા અંધારામાં પાણીમાં છુપાયેલાં ખડકો આવે એ પત્થરનાં હોય છે. નાવડી ચાલતાં એ ખડકો વચમાં આવી જાય તો નાવડીના ભૂક્કેભૂકા ઉડાવી દે છે. સંસારમાં વિષયવાસના રૂપી ડુંગરા-ડુંગરીઓ આડે આવે છે, જે મનના વિકાર રૂપ છે. મનોજ કહેવાય છે. એ વિષયો પણ ગુપ્ત જ રહે છે. પણ એને અનુકૂળ સાધનો મલતાં એ જાગ્રત થાય છે. પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો છે. અને તે વિષયલોલુપતા જાગતાં પ્રાણીઓ ધન-તપ અને ઇજ્જતથી ખુવાર થઈ જાય છે. સંસારમાં આ ખડકો અનંતા જીવોને અનંત-કાલના કાલચક્રમાં રખડાવી મૂકે છે. નિર્વિષયી મન બની જાય તો પછી એનો—સંસારનો અંત જ આવે છે. અને વિષયાધીનતામાં સ્વનો અંત આવે છે. અનંતા મૃત્યુ એ વિષયોથીજ ભોગવવાં પડે છે. ગરમ કરેલી સોયો એકેક રોમમાં કોઈ એકી સાથે ભોંકી દે એવું દુઃખ જન્મની વેળાયે જન્મના મુહૂર્તમાં જીવને વેઠવું પડે છે. અને જેના પ્રારંભમાંજ અગણિત વેદના તેના આગળના જીવનમાં તો કેટલું દુઃખ હોય છે એ તો બુદ્ધિવંતો વિચારી જ શકે છે. પ્રથમ કોળીયામાં મક્ષિકાપાત થયો તે ભોજન જમવામાં કયાંથી સ્વાદ હોય ? વળી છેલ્લે છેલ્લે જીવનાંત મૃત્યુના સમયે તો આ સંસાર સફરની ભવાપેક્ષાથી છેલ્લી ગોઝારી ઘડી તો કોઇનેય નથી રૂચતી, એ સમયે ક્રોડો વીંછી એક સાથે કરડે તેથી આઠ ગણી વેદના અનુ-ભવવી પડે છે. અરે જ્ઞાનીઓ મૃત્યુની વેદના અસંખ્યગુણી કહે છે.

આ સંસારમાં વિષયોની ખડક-માલ એવી ભયંકર છે કે, એ જ ક્ષણે ક્ષણે દુઃખપ્રદ થઇ જાય છે. આ સાગરને વહેવાનો પૃથ્વીપટ એ આઠ કર્મો છે. સાગરને તળીયું હોય છે એના પર વહે છે. તેમ કર્મોરૂપી ઘણું જ ઘન પૃથ્વી-પટ છે. જેના પર સંસારસાગર સતત વહ્યા

# કલ્યાણમાર્ગના સારથિ

## બાલમુનિરાજ મૃગેંદ્રમુનિ મહારાજ.

" रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं,
भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्री : । "

હમણાં જ રાત્રિ વહી જશે ને મંગળ પ્રભાત થશે. એવું પ્રભાત થતાં જ હું તો ચાલી નીકળવાનો.... આ મુનિવેશ પાછો સોંપી સીધો મારા પ્રાસાદ પ્રતિ પ્રયાણ કરવાનો....

અહા ! મારી માતા ધારણી તો આનંદથી પુલકિત બની મને ભેટી પડશે જેણે મારા નિશ્ચયમાંથી પાછો હઠાવવા માટે સમજાવવામાં કયાં ખામી રાખી હતી ? અને કેટ–કેટલા મારી પાછળ પ્રયત્નો કર્યા હતા ? પણ મેં હિત-વત્સલ માતાના હાર્દિક વચનામૃતોને અવગણી, અસિધારા વ્રત સરખા અરે ! તેનાથીયે સુદુષ્કર એવા સંયમપંથે પ્રયાણ કર્યું, તેનો આ નતિજો મેં નજરે નિહાળ્યો.

રાત્રિ સમય પર સમય બીતાવી રહી છે. સર્વે મુનિપુંગવો પોત–પોતાની આવશ્યકાદિ કાર્યની પરિસમાપ્તિ કરી મુનિજીવનની શુભ–ક્ષણોની સાર્થકતા માણી રહ્યા છે. અને અરિહંતાદિ ચાર શરણાને અંગીકાર કરી ' एगोहं नत्थि मे कोइ ' એ પુનિત પદનું સ્મરણ કરતાં દર્શનાવરણીય કર્મનાં ઉદયને સમભાવે ભોગવી રહ્યા છે.

આ બાજુ નૂતન દીક્ષિત મુનિ મેઘનો સંથારો ક્રમ મુજબ છેલ્લો અને તે પણ બારણા પાસે આવ્યો. ત્યાં તો માત્રું જતાં આવતા મુનિરાજોનાં ચરણરજથી સંથારો ભરાતો જતો હતો. આજે નિદ્રાદેવી રીસાઈ દૂર જઈ બેઠા હતા. અને મનની અંદર અનેક જાતના તરંગી વિચારો આવ–જા કરી રહ્યા હતા; ' હું કોણ ? રાજગૃહીનાં અધીશ મહારાજા શ્રેણિકનો વ્હાલો પુત્ર. કયાં મારી એ સુંવાળી અને સુવાસિત શય્યા ? અને કયાં આજનો આ કર્કશ સંથારો ? સ્વર્ગની શોભાને પણ શરમાવે એવા સુખાવાસમાં વસનારો રાજપુત્ર હું મેઘ !

' ભલેને ત્યાગ પાછળની પ્રશંસા અને વૈરાગ્ય પાછળની વાહવાહ સાંભળવામાં કર્ણ–પ્રિય લાગે. પણ તેનો અનુભવ મને તો અરૂચિકર નિવડયો એ નિઃશંસય છે. અહો ! વિચારનાં આન્દોલને મુનિ મેઘનાં અંતરમાં કેટલું પરિવર્તન આણ્યું ?

---

કરે છે. જો કર્મોનો અભાવ થાય તો સાગર આપોઆપ ફીટી જાય છે. સાગરમાં બે કિનારા હોય છે, તો સંસારસાગરના માયા અને મમતા બે જ પ્રાણીઓની પ્રિયતમાઓ છે. પ્રત્યેક ભવોમાં એની એ જ પ્રિયતમાઓ સાથે પરણ્યો છે અને પરણે છે. જે કુલટા છે. પતિપીડાથી રાજી થાય છે. હસે છે. તો એ બેના નાશનું શસ્ત્ર પણ પરિઘ જેવું મજબૂત હોય છે. સાગરનો પાર સારી નાવડી અને સારો સુકાની મળે તો પામી શકાય છે, તેમ સંસારસાગરનો પાર કરવા માટે બે મોટી નાવડીઓ શાસ્ત્રકારોએ કહેલી છે, અને તે નાવડીના પેસેન્જરો કદીય ગોથામાં આવતા નથી. સુકાની અંધ હોય તો દિશા ભૂલતાં ચકાવાની ચક્કી ખાઈ જાય છે. દિશાજ્ઞાની અને દેખતો, વિશ્વાસુ અને સંતોષી, નિઃસ્પૃહ અને દયાળુ સુકાની જ સંસારસાગરનો નિસ્તાર પમાડી શકે છે.

—અપૂર્ણ:

એથી એની ( મેઘની ) દૃષ્ટિ આજે એકાએક સાંસારિક છીછરા અને તુચ્છ સુખોને જોવા ફરી ઉત્સુક–આતુર બની.

આ સઘળુંય વિચાર-પરિવર્તન સર્વજ્ઞ વિભુ શ્રી વર્ધમાનસ્વામી તો ' હસ્તામલકવત્ ' જોઇ–જાણી રહ્યા હતા.

પ્રાતઃસમય થયો. મુનિ મેઘ ભગવાનને વંદન કરવા આવે છે. અને કંઇ બોલવાનો આરંભ કરે તે પહેલાં જ પ્રભુ શ્રી મહાવીરદેવ પોતાના ' धम्म–सारहीणं ' એ વિશેષણ–પદને સાર્થક કરતાં મેઘ પ્રત્યે મધુર વાણીએ કહેવા લાગ્યા.

' મહાનુભાવ ! તારા જેવા ધર્મવીરને આવું ચિંતવન ન છાજે. તારી આ વિચારણા સાધુ–જીવનને અનુરૂપ ન ગણાય. કષ્ટોની સામે જવું અથવા તો આવી પડેલાં કષ્ટોને સમભાવપૂર્વક સહી લેવાં એમાં જ સાધુજીવનની મહત્તા છે.

ઓ મેઘ ! જરા અંતરદૃષ્ટિથી અવલોકન કર. જેમાં તું સુખ દેખે છે, તેમાં સાચું સુખ નથી રહેલું. માત્ર તે તો સુખાભાસ છે. એમાં સરવાળે અગાધ દુઃખ સિવાય કંઈ જ સમાયેલું નથી. મુગ્ધજીવો એમાં ફસાય છે ને જોત–જોતામાં માનવભવ હારી જઇ ચોરાશીના ચક્કરમાં હડસેલાય છે.

વળી મુનિઓની પાદરજનાં કષ્ટથી યે કંઇ ગુણા કષ્ટો તેં સ્વેચ્છાએ તિર્યંચભવમાં અનુભવ્યા છે. તેના ફળરૂપે આ સામગ્રી પણ પામી ચૂકયો છે.

જો, સાંભળ. એક કાળે તું ગજરાજ હતો, અને વનમાં એકવાર દવ લાગ્યો. એ પ્રચંડ દાવાનળથી બચવા તેં એક મોટું મંડલ–સ્થાન તૈયાર કર્યું. ત્યાં સૌ પ્રાણીઓ વૈર-વિરોધ ભૂલી જીવનરક્ષાર્થે એકઠાં થયાં, સંકડાશ વધી પડી તેં ખરજ આવવાથી એક પગ ઉંચો કર્યો કે તરત જ નીચે એક સસલું આવી બેસી ગયું. તે જોઈ દયા ભાવનાની પરાકાષ્ઠાએ પહોંચેલા તેં પગ નીચે ન મૂકતા એમને એમ અદ્ધર રહેવા દીધો.

પછી એ પ્રચંડ હુતાશન અઢી દિવસ બાદ શમ્યો કે તરત સૌ સ્વ–સ્થાને ગયા. પગ નીચે મૂકતાં તને વેદના થઈ, તેના કારણે તું મૃત્યુ પામ્યો. પણ તારો આત્મા તો પ્રફુલ્લિત જ રહ્યો.'

બસ, મેઘનું મનોમંથન આરંભાયું ને જોત–જોતામાં જાતિસ્મરણ જ્ઞાન પ્રગટયું અને વધુ વીરતાથી સંયમ–પંથ ઉજાળવાનો નિરધાર કર્યો.

આમ ભગવાન પણ અનેક જીવોના જીવન-રથોને સાચા કલ્યાણપંથે વાળી 'ધર્મસારથી' કહેવાયા.

કનુ :— મારા બાપા એટલા જાડા હતા કે, ગઢના દરવાજામાંથી માંડ નીકળી શકતા.

મનુ :— મારા બાપા એવડી મોટી ખુરશી બનાવતા કે તેમાં લગભગ પાંચ માણસ બેસે.

કનુ :— તારા બાપા એવડી મોટી ખુરશી શા માટે બનાવતા ?

મનુ :— તારા બાપા અમારા કાયમી ગ્રાહક હતા માટે જ તો.

* * * *

ઐતિહાસિક નવલકથાની દુનિયામાં નવી ભાત પાડતાં

## ✽ પ્રાણવાન સંસ્કારી પ્રકાશનો ✽

મહાગૂજરાતના સુપ્રસિદ્ધ ઐતિહાસિક કથાલેખક **વૈદરાજ શ્રીયુત્ મોહનલાલ ધામી**ની તેજસ્વી મધુર કલમે આલેખાયેલાં મૌર્યવંશના ઉત્થાન તથા નંદવંશના પતનની ઐતિહાસિક તવારીખોને સાંકળતા વાર્તાગ્રંથો; સહુ કોઈ વિવેચકોએ જેની મુક્તકંઠે પ્રશંસા કરી છે.

**મગધેશ્વરી (નૃત્યાંગના) ભા. ૧ લો.**

જેમાં મગધસમ્રાટ્ ધનનંદથી અપમાનિત ચાણક્ય નંદસામ્રાજ્યના નાશની પ્રતિજ્ઞા કરે છે.

**મગધેશ્વરી (આર્ય ચાણક્ય) ભા. ૨ જો.**

શકટાલ મંત્રીશ્વરના પ્રિય શિષ્ય ચાણક્યના બુદ્ધિ–વૈભવનું સુરેખ આલેખન થયું છે.

**મગધેશ્વરી (ચિત્રલેખા) ભા. ૩ જો.**

આર્ય સ્થૂલભદ્રની પ્રિયતમા રૂપકોશાની લઘુભગિની રૂપ, કલા અને ઐશ્વર્યનો ભંડાર ચિત્રલેખાની સાધના તેમજ નંદવંશનું પતન તથા મૌર્યસમ્રાટ્ ચંદ્રગુપ્તના સામ્રાજ્યનું ઉત્થાન મધુર શૈલીયે આલેખાયું છે.

૯૭૫ પેજના દલદાર ત્રણ ભાગો, દ્વિરંગી જેકેટ છતાં રૂા. **૧૩॥** છુટક રૂા. **૪॥** માં મળશે. પોષ્ટેજ અલગ; એક વખત પુસ્તક હાથમાં લીધા પછી મૂકવાનું મન નહિ થાય; ૧૮ પ્રકરણોમાં ભ૦ શ્રી મહાવીરદેવનાં નિર્વાણ પછીના બીજા સૈકાનાં ઐતિહાસિક પાત્રોનું સુંદર આલેખન રજૂ થયું છે.

**વિશ્વાસ**૦ શ્રી નમસ્કાર મહામંત્રના મહિમાને વ્યક્ત કરતી પ્રાણવાન ઐતિહાસિક મધુર કથા. **મૂલ્ય** રૂા. ૬–૪–૦

**ભાઇશ્રી ધામી**નાં બીજા ઐતિહાસિક કથાગ્રંથો–**રૂપકોશા** ભા. ૧–૨ કિં. રૂા. ૯–૦–૦

**સોમચંદ ડી. શાહ—પાલીતાણા** [ સૌરાષ્ટ્ર ]

**નવયુગ પુસ્તક ભંડાર—રાજકોટ** [ સૌરાષ્ટ્ર ]

## પરદેશના ગ્રાહક બંધુઓને:—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરું થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોષ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| **શ્રી દામોદર આશકરણ** | પોષ્ટ બોક્ષ નં. ૬૪૯ | **દારેસલામ** |
| **શ્રી તારાચંદ ડી. શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | **નૈરોબી** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | **મોમ્બાસા** |
| **શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી** | પોષ્ટબોક્ષ નં. ૪૪૮ | **જંગબાર** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | **કીસુમુ** |

# અમર આત્મ બલિદાન

પ્રયોજક :– શ્રી ફુલચંદ હરિચંદ દોશી.

**વિક્રમના બે શતક પહેલાં મગધ સામ્રાજ્યના છેલ્લા સમ્રાટ ધનનંદનાં પતન અને મૌર્યવંશના ઉત્થાનના ઇતિહાસને સાંકલતી, પરમાર્હત મહામંત્રી શકટાલના ગૌરવ, તેજ તથા બલિદાનની ભવ્ય ગાથાને આલેખતી ઐતિહાસિક નાટિકા જે આ અંકે પૂર્ણ થાય છે.**

**પ્રવેશ ૮ :**

**ભવ્ય બલિદાન :**

પૂર્વપરિચય : રાજસભામાં મગધેન્દ્ર ધનનંદ રત્નસિંહાસન પર બેઠા છે, મંત્રીપુત્ર શ્રીયક બાજુમાં ખુલ્લી તલવારે ઉભો છે. અન્ય મંત્રીઓ આવી પોત–પોતાનાં સ્થાને બેસે છે. સામેથી મહામંત્રી ધીર ગંભીર પગલે આવી રહ્યા છે સમ્રાટ સિવાય બધા ઉભા થઇને માન આપે છે,

મહામંત્રી સમ્રાટનાં ચરણમાં પોતાનું મસ્તક નમાવા જાય છે, ત્યાં શ્રીયકે મહામંત્રીની ગરદન પર તલવાર ચલાવી.

ૐ શાંતિ : અરિહંત અરિહંતના શબ્દોચ્ચાર સાથે મંત્રીશ્વરનું મસ્તક ધડથી જુદું થઈ ગયું. રાજસભામાં ક્ષણવાર સન્નાટો છવાઇ ગયો.

**મગધેન્દ્ર૦**–( શ્રીયકને ) આ શો ગજબ ! શ્રીયક ! તેં આ શું કર્યું ? મહામંત્રી અને તારા પિતાનું ખૂન, અને તે રાજસભામાં ?

**શ્રી૦** ‘ મહારાજ ! હું આપનો અંગરક્ષક છું, આપનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે. મહામંત્રી પુત્રના મોહ ખાતર સમ્રાટનો વિનાશ કરવાના છે, એવું સમ્રાટ માને ત્યારે મારી ફરજ શી હોઇ શકે ? ’

**મ૦** ‘ તેં આ કોની આજ્ઞાથી કર્યું ?

**શ્રી૦** ‘પિતાની ઈચ્છાથી. સાંભળો રાજન્ ! અંધ બનેલા સમ્રાટને દેખતો કરવા પિતાનો વધ કરવાની મને મહામંત્રીની આજ્ઞા હતી. જે મહાપુરૂષે મગધની સમૃદ્ધિ ખાતર પોતાનું જીવન આપ્યું છે, જે મહાપુરૂષના જ બળે ભારતવર્ષમાં મગધના નાથની અખંડપણે આણ વર્તી રહી છે, તે મહાપુરૂષ પ્રત્યે નિર્માલ્ય સ્વાર્થી માણસોની જાળમાં સપડાયેલો રાજા શંકા અને વહેમ રાખે એટલું જ નહિ, પણ એક પવિત્ર અને સત્યસ્વરૂપ સમા રાજભક્તના કુટુંબનો નાશ કરવાનો નિર્ણય કરે, એ પ્રસંગે મહારાજ ! મારા પિતા આથી વધારે કઇ ભેટ આપી શકે ?

( સભામાં પ્રત્યેક માનવીની આંખો આંસુથી ભરાઇ આવી )

**વિમળસેન૦** ભારતવર્ષના ઇતિહાસમાં આ બલિદાન ભવ્ય અને યશસ્વી બની ગયું. ! ધન્ય મહામંત્રી ! ધન્ય, શકટાળ ! શકટાળ અમ્મર છે !

**શ્રી૦** પિતાજી ! પિતાજી !

( શ્રીયક ઢળી પડે છે. )

**પ્રવેશ ૯ :**

**બંધનમાંથી મુક્તિ :**

**સ્થલ :** રૂપકોશાનો વિલાસપ્રાસાદ

**પરિચય :**– રૂપકોશાના પ્રેમમાં જીવન સમર્પણ કરી ચૂકેલ સ્થુલભદ્ર પોતાની મહાવીણાપર આંગલીઓ ફેરવી રહ્યા છે.

**કર્મચારી૦** 'મહાપ્રતિહારી વિમલસેન જરૂરી કામ માટે આવ્યા છે.'

**સ્થુ૦** 'તેમને જલ્દી બોલાવી લાવો'

( વિમલસેન આવે છે )

**વિ૦** કુમાર! ઘણા જ કરૂણ સમાચાર આપવા આવવું પડયું છે. મહાત્મા શકટાલ પરલોકવાસી થયા.'

**સ્થુ૦** 'પિતાજી? ક્યારે?

**વિ૦** 'આજે બીજા પ્રહરે'

**સ્થુ૦** 'પિતાજીની બિમારીના તો કશાયે સમાચાર નહોતા?'

**વિ૦** 'આજે રાજસભામાં શ્રીયકના હાથે એમણે પોતાનો વધ કરાવ્યો'

**સ્થુ૦** ( વ્યથિત સ્વરે ) 'અરે! આ હું શું સાંભળું છું!'

**વિમલસેન૦** 'હા કુમાર! સમ્રાટને સંશય હતો અનેતે જોદ્વેષી લોકોએ સમ્રાટના સંશયને મજબુત કર્યો કે શ્રીયકનાં લગ્ન વખતે ભેટ આપવા તૈયાર કરેલાં શસ્ત્રોથી સમ્રાટનો નાશ કરી મંત્રીશ્વર શ્રીયકને ગાદી આપવાના છે તેથીજ પિતાજીએ ભવ્ય બલિદાન આપ્યું.'

**સ્થુ૦** 'ઓહ,! (ચક્કર ખાઇને પડી ગયા)

**વિ૦** 'સ્વામી! બનવાનું બની ગયું તમે સૌથી મોટા છો, તમારા આશ્વાસનની બધાને જરૂર છે, જલ્દી પધારો.

**સ્થુ૦** 'ચાલો; હું આવું છું!.

( મહામંત્રીના આવાસમાં )

( શ્રીયક શોકગ્રસ્ત બેઠો છે, સ્થુલભદ્ર ત્યાં આવે છે. )

**શ્રી૦** 'મોટાભાઈ! પિતાજીને મોંઘું વળાવ્યા'

( રડી પડે છે )

**સ્થુ૦** 'ભાઇ શ્રીયક, પિતાજીએ મોંઘુ બલિદાન આપ્યું છે, તેમના જેવા કર્મવીર–ધર્મવીર અને શૂરવીરને એજ શોભે! તેમણે તો અગ્નિપરીક્ષા આપી. તેઓ મર્યા નથી મૃત્યુ મરી ગયું છે. પિતાજી અમર છે. શકટાલ અમર છે,'

**શ્રી૦** 'ભાઈ સમ્રાટ પણ રડે છે, અસંખ્ય નર નારીઓ રડે છે, આખું પાટલીપુત્ર રડે છે.

**સ્થુ૦** 'ભાઈ, હું પણ મારા કમનસીબ પર, મારા વિલાસ પર, મારી નબળાઇઓ પર રડું છું.' ( કર્મચારી આવે છે. )

**કર્મચારી૦** 'કુમાર! આપને સમ્રાટ રાજસભામાં બોલાવે છે. સમગ્ર સભા કુમારની પ્રતીક્ષા કરે છે'

**સ્થુ૦** 'મને સમ્રાટ તેડાવે છે. રાજસભામાં મારી શી જરૂર?'

**શ્રી૦** 'મેં સાંભળ્યું છે કે સમ્રાટ આપને જ મગધના મહામંત્રી બનાવવા ચાહે છે. આપ સત્વર પધારો મગધના મહામંત્રી બની મગધને ઉજ્જવળ કરો, પિતાજીના કાર્યને પૂરૂં કરો.'

**સ્થુ૦** શ્રીયક! તુંજ મહામંત્રી પદને યોગ્ય છો, મેં તો મારૂં જીવન વિલાસમાં વ્યતીત કર્યું છે, અને આજે મને કોઈ પદની ઇચ્છા નથી.'

**શ્રી૦** 'રાજસભામાં તો પધારો! આપનું મન શાંત થશે, સમ્રાટનાં નિમંત્રણને માન આપવું જોઇએ.'

**સ્થુ૦** 'ચાલો, આપણે બન્ને જઇએ.'

( બન્ને જાય છે. )

### પ્રવેશ ૧૦ મો :
### વિદાય:

**પરિચય:** રાજસભામાં સમ્રાટ ધનનંદ સ્થુલભદ્રની રાહ જૂએ છે, સ્થુલભદ્ર આવીને સમ્રાટને વંદન કરે છે.

**સમ્રાટ૦** 'ભાઈ ! પ્રથમ મારા અપરાધની હું ક્ષમા માગું છું. મારા અવિચારથી જ મગધના મહાપુરૂષનું લોહી આ સ્થળે રેડાયું છે. મારી ગેરસમજના કારણે જ મેં ભારતવર્ષની અમૂલ્ય સંપત્તિ ગુમાવી છે, મારા પશ્ચાત્તાપનો અને મારી વેદનાનો અંત નથી.'

**સ્થુ૦** રાજન્ ! 'રાજકારણ જ એવું મેલું હોય છે. મારા પિતાજી તો મગધના કલ્યાણદાતા હતા. છેવટે તેમણે પોતાનું પણ બલિદાન આપી મગધને મહાન આપત્તિમાંથી બચાવી લીધું.

**સ૦** 'ભાઈ! મહામંત્રીના સ્થાને આજથી મગધની રાજસભા તને જોવા ઈચ્છે છે. શ્રીયકને મેં એ સ્થાન લેવા કહ્યું હતું, પણ શ્રીયકે જણાવ્યું કે, આ સ્થાન મોટાભાઇને શોભે.'

**સ્થુ૦** 'મહારાજ, મહાત્મા કલ્પકના વંશજો આ સિંહાસનની સેવા કરતા આવ્યા છે, અને કરતા રહેશે. પરંતુ આ જવાબદારીભર્યા સ્થાન માટે શ્રીયક યોગ્ય છે, હું નહિ,'

**સ૦** 'સ્થુલભદ્ર, તારી યોગ્યતા સંબંધી રાજસભાને શ્રદ્ધા છે.'

**સ્થુ૦** 'મહારાજ ! મને પોતાને શ્રદ્ધા નથી.'

**સ૦** 'કારણ.'

**સ્થુ૦** 'મને ક્ષમા કરો ! સમ્રાટ, પિતાજીની ભાવના હતી કે, હું મહાન બનું. આજે પિતાજીના મૃત્યુનો સંદેશ હું સાંભળું છું કે, મારે વિલાસ છોડીને, માયાના બંધન તોડીને રૂપકોશાના આવાસને પણ છેલ્લી સલામ કરીને મહામુક્તિને માર્ગે સાધના સાધવી, અને હું તેજ માર્ગે જઇશ. શ્રીયકજ મહામંત્રી પદ માટે યોગ્ય છે.'

**સમ્રાટ અને બધા૦** ધન્ય સ્થુલભદ્ર, ધન્ય ત્યાગ, ધન્ય વિવેક !

### પ્રવેશ ૧૧ મો :
### મહાભિનિષ્ક્રમણ:

**સ્થુ૦** (સ્વગત) પિતાજીના મૃત્યુએ મને અનેરો સંદેશ આપ્યો.

'અવસર બેર બેર નહિં આવે'

બાર વર્ષ વીણાના મધુર સ્વર સાથે વીતી ગયાં, નૃત્યના તાલે તાલે બાર વર્ષની રજનીઓ વિલય પામી. સંગીત અને કલાની ધૂનમાં બાર વસંત વિદાય થઈ. રૂપ અને યૌવનના નશામાં જીંદગીના બાર વર્ષ મૃત્યુ પામ્યા. વિલાસ અને સમૃધ્ધિના હીંડોળે એક યુગ ચાલ્યો ગયો. જે રૂપ અને પ્રેમ પાછળ હું પાગલ બન્યો તે તો ક્ષણિક નીવડયું, જીવનની કેવી ભયંકર મશ્કરી ? રૂપ, યૌવન, આશાઓ, ગીત, સમૃદ્ધિ, વિલાસ સઘળું મૃત્યુ સાથેજ મૃત્યુ પામવાનું છે. જીવનના આ રંગરાગને તિલાંજલી આપીને મહાસાધના સાધ્યા વિના જગતને, જગતના બંધનોને દૂર કર્યા વિના સર્વત્યાગ કર્યા વિના બીજો કોઈ માર્ગ નથી.

રૂપકોશા ! હજાર હજાર દિવસો અને રાત્રીઓનો તારો અનુપમ પ્રેમ, તારૂં મધુર સંગીત અને અપ્રતીમ નૃત્ય પણ ક્ષણિક વિલાસ કે સુખ માટે હતું. તારો હું ત્યાગ કરૂં છું, પણ તેમાં તારો પણ ઉધ્ધાર છે. જ્ઞાન, દર્શન

# જ્ઞાન ગોચરી

## ભારતભાગ્યવિધાતા–કોણ ?

"જનગણમન–અધિનાયક જય હે, ભારત ભાગ્ય-વિધાતા !" એ પંક્તિથી શરૂ થતું કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું એક બંગાલી ગીત આપણું રાષ્ટ્રગીત બન્યું છે. આપણી રાષ્ટ્રભાષા તો હિંદી ઠરી છે, એટલે ખરી રીતે આપણું રાષ્ટ્રગીત પણ રાષ્ટ્રભાષામાં રચાયેલું હોવું જોઇએ. છતાં એ વાત આપણે જતી કરીએ. ૩૬ કરોડની વસ્તીવાળા આ દેશમાં ૧૫ કરોડ જેટલા માણસો હિંદી ભાષાભાષી છે, જેમાં અનેક પ્રખર વિદ્વાનો અને મહાકવિઓ છે એમ કહેવાય છે, છતાં એ ભાષામાં આજ સુધી કોઇએ એવું કાવ્ય રચ્યું નથી કે, જેને આપણે આપણું રાષ્ટ્રગીત બનાવી શકીએ. આ હકીકત હિંદી ભાષાનું દારિદ્રય સૂચવે છે કે, રાષ્ટ્રગીત પસંદ કરનારાઓનો પ્રમાદ સૂચવે છે એ તો ઇશ્વર જાણે ! પણ ઘણા માણસોને વિમાસણ કરાવે તેવો એક પ્રશ્ન એ છે કે, કવિ રવીન્દ્રનાથ ટાગોરે આ કાવ્યમાં જેને "ભારત-ભાગ્યવિધાતા" (ભારતના ભાગ્યનો–નસીબનો ઘડનાર) કહીને સંબોધન કર્યું છે તે કોણ છે ? આજે જ્યારે આપણે એ રાષ્ટ્રગીત ગાઇએ છીએ ત્યારે તેમાં કોને સંબોધન કરીએ છીએ ?

આ સવાલ કોઈને પૂછીશું તો પહેલો જવાબ મળશે, "ઈશ્વર." એ કાવ્યમાં આપણે ઈશ્વરપ્રાર્થના કરીએ છીએ એવું આપણને કોઈ સમજાવશે.

પણ ઇશ્વર કેવલ ભારતના જ ભાગ્યનો વિધાતા નથી. ઇશ્વર તો સમસ્ત જગતનો, અરે ! ત્રિલોકનો, ૧૪ બ્રહ્માંડોનો ભાગ્યવિધાતા છે. ઇશ્વરને માત્ર "ભારતભાગ્યવિધાતા" કહીને સંબોધન કરવું એ તો તેની શક્તિની મર્યાદા બાંધવા જેવું થાય. રવીન્દ્રનાથ જેવો મહાન કવિ ઇશ્વરને એ રીતે સંબોધન ન કરે. સામાન્ય માનવીઓ પણ જ્યારે ઇશ્વરની પ્રાર્થના કરે છે ત્યારે તેને સકલ સૃષ્ટિના સ્વામી અને સર્વ શક્તિમાન પ્રભુ તરીકે સંબોધન કરે છે, પછી કવિ એવી ભૂલ કેમ કરી શકે ?

ત્યારે એ કાવ્યમાં સંબોધન કોને કરવામાં આવ્યું છે ?

અનુમાનો ભલે ગમે તેટલા થાય, પણ સત્ય હકીકત એ છે કે, એ સંબોધન બ્રિટીશ બાદશાહ અને ભારતના શહેનશાહ મરહુમ જ્યોર્જ પાંચમાને કર-વામાં આવેલું છે.

કવિએ આ કાવ્ય સને ૧૯૧૧ માં જ્યારે સમ્રાટ પાંચમા જ્યોર્જનો દિલ્હીમાં રાજ્યાભિષેક થયો તે પ્રસંગે તેને સંબોધન કરીને એ આખું કાવ્ય રચેલું. એ આજે પણ બહુ થોડા ભારતવાસીઓ જાણતા હશે, પણ જેઓ જાણતા હશે તેઓ જોઇ શકશે કે, તેની પ્રત્યેક કડીમાં એ જ સૂર નીકળે છે. દાખલા તરીકે બીજી કડીમાં એ પંક્તિઓ છે: 'હિંદુ, બૌદ્ધ, શીખ, જૈન, પારસીક, મુસલમાન, ખ્રિસ્તાની, પૂરબ પશ્ચિમ આસે (આવે) તવ સિંહાસન પાસે." જેનો અર્થ એવો થાય કે, દેશના વિવિધ ધર્મો પાળનારી તમામ પ્રજા ચારે દિશામાંથી તારા સિંહાસન પાસે આવે છે. સિંહાસન કેવલ રાજાઓને જ હોય છે.

એ પછી પણ કોઇના મનમાં કશી શંકા રહી જતી હોય તો તે એ કાવ્યની છેલ્લી પંક્તિથી સર્વથા નિર્મૂલ થાય છે. છેલ્લી પંક્તિ છે:—"જય જય જય હે જય રાજેશ્વર, ભારત ભાગ્યવિધાતા." રાજેશ્વર એટલે રાજાઓનો રાજા–શાહોનો શાહ–શહેનશાહ.

---

**અને ચારિત્રની સાધના સાધી આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મલક્ષ્મીને મેળવી હું આજીવન સાધુજીવન ગાળીશ, મોક્ષમાર્ગને પંથે મારી સાધના પૂરી કરીશ.**

**( સ્થૂલભદ્ર આત્મસાધનાના પાવનકારી માર્ગે મહાપ્રસ્થાન કરે છે. )**

**—સંપૂર્ણ:**

રવીન્દ્રનાથ જેવા સ્વદેશાભિમાની અને રાષ્ટ્રવાદી કવિ પરદેશી હકુમતના સમ્રાટને ઉદ્દેશીને આવું પ્રશસ્તિ કાવ્ય રચે નહીં એવી દલીલ સ્વાભાવિક છે. પણ એ દલીલ ખોટી છે. આ કાવ્ય કવિએ ૧૯૧૧ની સાલમાં રચેલું. એ વખતે ભારતમાં પરદેશી શાસન સામે કચવાટ તો ચાલતો હતો પણ કોઇએ બળવો પોકાર્યો નહોતો. રાષ્ટ્રભાવનાનો ઇજારો રાખી બેઠેલી ગણાતી ઇંડીઅન નેશનલ કોંગ્રેસની દરેક બેઠકમાં પણ એ સમયે બ્રિટિશ સમ્રાટ અને બ્રિટિશ સરકાર પ્રત્યે ભારતની વફાદારીનો ઠરાવ સહુ પહેલો પ્રમુખસ્થાનેથી પસાર કરવામાં આવતો.

ટાગોર કુટુંબ તો અસલવારીથી બ્રિટિશ હકુમતનું કૃપાપાત્ર. એની સેવાઓના બદલામાં બ્રિટિશ સરકાર તરફથી ટાગોર કુટુંબને જમીન–જાગીર અને ઇનામ અકરામો મળેલાં. એ કુટુંબના ઘણા નબીરાઓ બ્રિટિશ સરકારમાં ઉંચા હોદ્દાના અમલદારો હતા. ખુદ કવિને પણ એજ બ્રિટિશ સરકારે "સર"નો ખેતાબ આપેલો. "સર"નો ખેતાબ–નાઇટહુડ બ્રિટિશ સરકારે કદી કોઈ રાષ્ટ્રવાદી કે સ્વાતંત્ર્ય માટે લડનાર નરવીરને આપ્યો નથી, એ તો જાણીતી વાત છે. એ ખેતાબ ફક્ત સરકારના ખુશામતીઆઓ, વફાદાર સેવકો, મોટા અમલદારો અને સરકારને નમીને ચાલનારાઓ અને તેનું સાર્વભૌમત્વ સ્વીકારનારાઓને જ અપાતો એ પણ એટલી જ જાણીતી વાત છે. ટાગોર કુટુંબની ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે રવીન્દ્રનાથ પણ એક વેળા તો ભારત પર શાસન કરતી બ્રિટિશ હકુમતના એક વફાદાર શહેરી અને પ્રશંસક હતા એ વાતમાં બે મત નથી. એમને મળેલું "નાઇટહુડ" એ હકીકતની પ્રતીતિ છે.

કવિમાં રાષ્ટ્રભાવના, બ્રિટિશ હકુમત પ્રત્યેનો અણગમો, ભારતની સ્વતંત્રતા માટેની કામના, સ્વદેશી પ્રત્યેનો પ્રેમ એ બધી લાગણીઓ તો ત્યાર પછી ઘણે વખતે જોવામાં આવેલી. નાઇટહુડનો પોતાનો ઇલકાબ કવિએ ૧૯૨૦માં ગાંધીજીની "અસહકાર"ની લડત દરમ્યાન છોડયો. સ્વદેશાભિમાની કવિમાં કોઇ કસર નહોતી, છતાં સ્વદેશાભિમાન કાયમ રાખીને પણ બ્રિટિશ હકુમત પ્રત્યેની વફાદારી બતાવવામાં કશી અયુક્તિ ગણાતી નહોતી. રાનડે, ગોખલે, દાદાભાઇ, ફિરોજશાહ વગેરે એવા જ સ્વદેશાભિમાની નરવીરો હતા અને તેઓ બધા જ બ્રિટિશ હકુમતને વફાદાર હતા. કવિ પૂર્વાવસ્થામાં એ જ કક્ષામાં હતા. એટલે તેમણે શહેનશાહ પાંચમા જ્યોર્જના રાજ્યાભિષેક પ્રસંગે તે સમ્રાટને ઉદ્દેશીને પ્રશસ્તિનું કે પ્રાર્થનાનું કાવ્ય રચ્યું હોય તેમાં કશી જ નવાઇ નથી. ઉત્તરાવસ્થામાં સરકાર સાથે અસહકાર કરીને જીંદગીભર ગરીબી વેઠનાર આપણા મહાન ગુજરાતી કવિ ન્હાનાલાલે પણ એ રાજ્યાભિષેક પ્રસંગે સમ્રાટને ઉદ્દેશીને "રાજરાજેન્દ્રને" નામનું એક પ્રશસ્તિ–પ્રાર્થનાનું મહાકાવ્ય રચેલું.

નવાઇ તો ફક્ત એટલી જ છે કે, જે સામ્રાજ્ય આપણે માથેથી ઉઠી ગયું છે, તેના એક ભૂતપૂર્વ પાદશાહને સંબોધનરૂપે રચાયેલું કાવ્ય આજે આપણું રાષ્ટ્રગીત બન્યું છે, અને તે પણ રાષ્ટ્રભાષામાં રચાયેલું નથી, પણ પ્રાંતભાષા બંગાલીમાં રચાયેલું છે. નવાઇ તો એટલી જ છે કે, જે કરોડો ભારતવાસીઓ આજ રોજે રોજ એ રાષ્ટ્રગીત ગાય છે, તેમાંથી કોઇને એ ખબર નથી કે, એ ગીતમાં પોતે કોને સંબોધન કરી રહ્યા છે! આ ગીતને રાષ્ટ્રગીત તરીકે પસંદ કરનારા દેશના મોટામાં મોટા મુત્સદ્દીઓ, પંડિતો, વિદ્વાનો, કવિઓ, સાક્ષરો અને રાજપુરૂષોને પણ કદાચ એ પ્રશ્ન નહીં ઉઠયો હોય કે, "ભારતભાગ્યવિધાતા" તરીકે સંબોધન કોને કરવામાં આવ્યું છે, એ જ મોટામાં મોટી નવાઇ છે.

❀ **[નવજીવન]**

## કાચનાં ટુકડાઓ

ખબર નથી પડતી કે અધર્મ, અનીતિ અને અનાચાર પાથરતી આજના સ્વચ્છંદ યુગની ભૂતાવળ આપણને અને આપણા ભાવિ સમાજને કયાં જઇને પછાડશે!

ચારે બાજુ આપણે નજર કરીશું તો આપણને દેખાશે કે ભારતની માનવતાનો સાચો ગઢ આજે કૃત્રિમ માનવતાના પ્રહાર વડે પડવા માંડયો છે!

ભારતીય માનવતાનો આધાર ન્યાયોપાર્જિતધન,

સંતોષ, ધર્મયુક્ત જીવન, કોઇને બોજારૂપ ન બને એવી જીવન સરણી, સાદાઇ, સંસ્કાર, અહિંસા, પ્રેમ, સમભાવ અને એવાં અનેક ઉચ્ચ તત્વો પર હતો.

અંગ્રેજોએ છેલ્લા દોઢસો વર્ષમાં ભારતીય માનવતાના આ આધારને તોડવાનો જબ્બર પુરૂષાર્થ કર્યો હતો અને તેમાં તેઓ અમુક વર્ગ પૂરતા જ કામયાબ બની શકયા હતા. અથવા પોતાની ભૌતિક વિચાર–ધારાના ગણ્યા ગાંઠ્યા ભકતો જ કરી શકયા હતા. ભારતની વિરાટ જનતાનાં અંતઃકરણ સુધી તેઓ હજી પહોંચી શકયા નહોતા.

પરંતુ સ્વરાજ પ્રાપ્ત થયા પછી જે કાર્ય અંગ્રેજોથી થઈ શકયું નહોતું, તે આપણાં જ હાથે ઘણા જ અલ્પ સમયમાં થઈ શકયું છે.

અંગ્રેજો વિદેશી હતા, પરાયા હતા એટલે ભારતની જનતા એમના પર શ્રધ્ધા અને વિશ્વાસ રાખી શકતી નહોતી. આજ તો આપણા પર કોઇ ખુલ્લી વિદેશી તાકાત રાજ કરતી નથી. આપણા જ ભાઇઓ દેશનું સંચલાન કરે છે અને તેઓ આપણામાંનાં જ હોવાથી જનતાનાં મનમાં રહેલો અંગ્રેજો અંગેનો જે ભય હતો, તેવો ભય પણ નીકળી ગયો છે.

આનું પરિણામ એ આવ્યું છે કે ભારતીય માનવતાના પાયાઓ આજની ભૌતિક લાલસાના કારણે હચમચવા માંડ્યા છે, અને દુઃખનું કારણ પણ એ છે કે આપણી સરકારો પોતાની દરેક યોજનાઓ, દરેક કાયદા-ઠરાવોમાં કેવળ આર્થિક અને ભૌતિક હિતનો જ વિચાર કરે છે. ભારતીય પ્રજાના નૈતિક; બળના થઈ રહેલા વિનિપાતની જાણે એને કોઈ ચિંતા નથી!

અને આપણા રાજકીય મહાપુરૂષો પણ એમજ માનતા હોય છે કે વિરાટ ઉદ્યોગો થશે એટલે સુખ આવશે, નાણાં અને ઉત્પાદન વધશે એટલે લીલા લહેર વર્તાઈ જશે!

ભૌતિક દ્રષ્ટિએ આ વાતમાં તથ્ય પણ છે. પરંતુ જેમ એક મકાનને ઘણું જ ભવ્ય બનાવવામાં આવે, સો વરસ સુધી એની કાંકરી પણ ન ખરે એટલી ચોકસાઇ એના નિર્માણમાં રાખવામાં આવે, વળી એ મકાનનું સુશોભન પણ આંખને આંજી દે તેવું કરવામાં આવે, એમાં અનેકવિધ સગવડતાઓ કરવામાં આવે, માની લઇએ કે એ મકાનને સોનાથી અને રત્નોથી શણગારવામાં આવે! પરંતુ એ મકાનમાં રહેનારનાં આરોગ્યનો કે મનનાં બળનો કશો વિચાર કરવામાં ન આવે તો આવા ભવ્ય મકાનનાં નિર્માણ પાછળ થયેલી મહેનતનો અર્થ શો? ઉપયોગ શો?

આવી જ દશા આજના ભારતની છે. આજે સારાયે રાષ્ટ્રને અધતન પ્રકારની જાહોજલાલી વડે સમૃદ્ધ કરવાનાં સ્વપ્નો યોજાઇ રહયાં છે, અને ઘેર ઘેર આધુનિક સગવડતાઓ પ્રાપ્ત થઇ શકે એવી ભાવના પણ રખાતી હોય છે. પરંતુ આ બધું જેના માટે કરવાનું હોય છે, તેનો તો જાણે કોઇ વિચાર કરવામાં આવતો નથી.

આજે પરિસ્થિતિ એવી બની ગઈ છે કે દરદીની કાળજી નથી રખાતી, દવાઓની કાળજી રખાય છે.

દવાઓની કાળજીથી કાંઇ દરદી બચી શકતો નથી.

આપણું નૈતિક સ્તર ઉત્તરોત્તર નીચું ઉતરતું રહ્યું છે. સ્વરાજના પ્રથમ પ્રહરથી માંડીને આજ સાડા આઠ વર્ષના લાંબાકાળ તરફ નજર કરીએ તો આપણને સ્પષ્ટ દેખાશે કે આપણા રાષ્ટ્રનાયકોને મકાનને મહાન બનાવવાની જેટલી ચિંતા છે. તેના સોમા ભાગની પણ મકાનમાં રહેનારાઓ માટે ચિંતા નથી!

આમ બનવું એ પણ આપણા રાજકીય પુરૂષોનો દોષ નથી. કારણ કે તેઓ તો ભારતને ભારતની પોતાની નક્કર કસોટી વડે કદી આંકતા નથી. એની પાસે જે કસોટી છે તે બહારની છે. અને એ કસોટી વડે માત્ર મકાન–જડ–માપી શકાય છે. માનવ જનતાનું કે ચેતનનું માપ કાઢી શકાતું નથી.

ભારતની કસોટીમાં ધર્મ, નીતિ અને સંસ્કાર એ મુખ્ય છે.

બહારની કસોટીમાં ધન, વૈભવ અને ખોટો ચળકાટ એ મુખ્ય છે.

આવી વિષમ પરિસ્થિતિના કારણે આજ ભારતની જનતાનું નૈતિક અધઃપતન થઈ રહ્યું છે! એ નૈતિક

અધઃપતન માત્ર પ્રજાના નીચલા થરમાં છે એમ નથી પણ ઉપલા થરમાં ય છે !

જનતાના આ પ્રકારના નૈતિક અધઃપતનને જો સુવેળાએ સમજવામાં નહિ આવે અને આજની ગતિએ જ દોડવામાં આવશે તો, એનાં પરિણામો કેટલાં કમ્માવનારાં હશે, એ કલ્પવું પણ ભારે કઠણ છે !

આપણે જોઈએ છીએ કે, આજે ઉદારતા દેખાતી નથી, પ્રાણીમાત્ર પ્રત્યેની દયા લોપ થતી જાય છે. સુખ અને દુઃખને સમાન ગણીને સંતોષપૂર્વક જીવવાની રીત પણ હવે હાસ્યાસ્પદ બની રહી છે !

મજુરોને, જેમ વધારે સગવડો જોઇએ છે, તેમ માલિકોને પણ વધારે ધન જોઇએ છે.

નોકરોને પછી તે સરકારી હોય કે વેપારી પેઢીના હોય, માત્ર પગાર પૂરતું કામ કરી છૂટવું છે, એ કામમાં એના પ્રાણનો કોઈ સંપર્ક હોતો નથી !

આ રીતે આજે દરેક વર્ગમાં ચાલી રહ્યું છે, અને આમ થવાનું કોઇ પણ કારણ હોય તો તે કેવળ ધર્મદ્રષ્ટિ પ્રત્યેનો ખુલ્લો અવિવેક છે, ખુલ્લી ઉપેક્ષા છે !

જનજીવનમાં જ્યારે કેવળ ભૌતિક સુખોની જ પિપાસા જાગે કે જગાડવામાં આવે, રાજકર્તાઓ પણ કેવળ ભૌતિક લાલસાને સ્થિર કરનારી વિચારણા રજુ કરતા રહે, ત્યારે કદી પણ કલ્યાણકારી પરિણામ આવતું જ નથી !

માનવી ભલે નાનો હોય, ભલે ગરીબ હોય કે ભલે ગામડીયો હોય, પણ એ માનવ રહેવો જોઇએ. એમાં એની શોભા છે.

પણ માનવી વિરાટ રાક્ષસ બને, અધર્મના અટ્ટહાસ્યનો પૂજારી બને પછી તે ગમે તેટલો શક્તિવંત હોય કે સમૃદ્ધિના ખજાનાઓનો ભોક્તા હોય એમાં એની કોઇ શોભા નથી. કારણ કે, તે માનવતા વેચીને મોટો બનતો હોય છે !

જ્યારે ભારતીય માનવતા તો સહુના દાસ બનીને રહેવામાં છે, અને ભારતની જનતા આ પ્રમાણે યુગો સુધી રહી છે !

આજ એ પોતાની માલિકીનાં અમૂલ્ય રત્નો આપીને કાચના ટૂકડાઓ લઈ રહેલ છે !

એ કાચના ટૂકડાઓ શું કામ આવશે ? એની શી કિંમત છે ? (જયહિંદ)

❋ ❋ ❋

## ધાર્મિક શિક્ષણ તો આપવું જ ઘટે :

(૩) કેળવણીની બાબતમાં આપણી સરકારે ઘણા છબરડા વાળ્યા છે ! સાંપ્રદાયિક શિક્ષણ ન અપાય એવો કાનુન ગળે ઉતરે, પણ એના ઓથે ધર્મ-નીતિના અતિ કીંમતી અને આવશ્યક શિક્ષણનો છેદ ઉડાડી દેવાય એ બિલકુલ ઇષ્ટ નથી. એથી તો ઉગતી પ્રજામાં સંસ્કારનું વાવેતર અટકી જશે. સુસંસ્કારનું એથી દેવાળું નીકળી જવાનું. હજુ પણ અભ્યાસક્રમના ઘડવૈયાઓ આ પ્રશ્નની ગંભીરતા પિછાને-સંસ્થાના સંચાલકો પણ આ પ્રશ્નને ગૌણ ન ગણે. 'ધાર્મિક શિક્ષણ તો આપવું જ ઘટે' એ વાત હરગીજ ન ભૂલે. સરકારના સૂત્રધારો પણ અખતરાના કડવા અનુભવથી બોધપાઠ ગ્રહણ કરી ભાવિ પેઢીનું શ્રેય સધાય તેવી શિક્ષણપદ્ધતિ નિયત કરવી જોઇએ.

—શેઠ શાંતિલાલ ઉજમશી શ્રોફ.

[ શ્રી મુંબઈ અને માંગરોળ જૈનસભાના ૬૪મા વાર્ષિકોત્સવ પ્રસંગે અપાયેલા એક ભાષણમાંથી ]

'પરમાત્મા' શબ્દમાં તીર્થંકરદેવોની ૨૪ સંખ્યાનો આંકડો સમાયો છે. ગણી જૂઓ ! પ૨૪ા૮૪ા = ૨૪.

# ઉપાદાન અને નિમિત્ત

: ડોકટર શ્રી વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી :

જગતમાં પ્રત્યેક સ્થુલ વસ્તુઓ સ્વનિમિત્ત વડે આત્માને જગાડે છે. જો આત્મા ગુણગ્રાહી હોય તો તે દ્રષ્ટિએ પ્રભુમૂર્તિ અને શાસ્ત્રો પુષ્ટાલંબન હોવાથી આત્મજાગૃતિ અર્પે તેમાં આશ્ચર્ય નથી, કલ્યાણકારી લેખો અગર પત્રો શાસ્ત્રનાં નિર્ઝરણાંઓ હોવાથી આત્માને અંતરાવલોકન માટે સહાયભૂત થાય છે, એ સ્વતઃ સિદ્ધ છે. પરંતુ આ પરિસ્થિતિ વાંચનારની તેમજ દર્શન કરનારની આત્મભૂમિકાની તૈયારી ઉપર અવલંબે છે.

શ્રીમદ્ દેવચંદ્રજી મ૦ વીરપ્રભુના સ્તવનમાં વર્ણવે છે કે, 'સ્વામી દરિશણ સમો, નિમિત્ત લહી નિર્મળો, જો ઉપાદાન એ શુચિ ન થાશે?

એટલે કે સ્વામી શ્રી વીતરાગ, જે પરકાર્યના અકર્તા, પરભાવના અભોકતા, ઇચ્છા લીલા-ચપલતારહિત છે, એવા સ્વામીનાં દર્શન સમાન નિર્મળ નિમિત પામીને જો એ આત્માનું ઉપાદાન મૂળ પરિણુતિ તે જો પવિત્ર ન થાય. તો જે જીવ તેનો જ દોષ છે, એટલે એ જીવનું દલ અયોગ્ય હોય, એબને અથવા તો પોતાનાઉદ્યમની ખામી છે, અને તેમ હોય તો સખ્ત પ્રયત્ન કરી આત્માને સમારવો જોઇએ. અને જે જીવે પોતાની શિથિલતાએ આત્માને સમાર્યો નથી. તે માટે હવે શું કરવું? જે બીજો ઉપાય કોઇ છે? તો શ્રી અરિહંતની સેવા તેજ નિશ્ચયપૂર્વક નજીકતાએ લાવશે એટલે એ આત્મા દુષ્ટ છે પણ શ્રી જિનરાજની સેવનાથી એ દુષ્ટતા ત્યજશે. ત્યાર પછી એનો ઉપાય બતાવે છે કે,

'સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે' એટલે સ્વામી જે શ્રી અરિહંત-તેહના ગુણને ઓળખીને જે પ્રાણી શ્રી અરિહંતને ભજે સેવે તે દર્શન એટલે સમકિતરૂપ ગુણ પામે, જ્ઞાન દર્શનની નિર્મળતા પામે, જ્ઞાન તે યથાર્થ જાણપણું, ચારિત્ર તે સ્વરૂપ રમણતા, તપ તે તત્ત્વ એકાગ્રતા, વીર્ય તે આત્મ સામર્થ્ય, તેના ઉલ્લાસથી જ્ઞાનાવરણીય આદિ કર્મને જીપીને મુક્તિ-મોક્ષ નિરાવરણ આત્મ દશા સંપૂર્ણ તે સિદ્ધતારૂપ ધામે તે જીવ વસે.

આત્મનિષ્પતિ વિષે ઉપાદાન કારણ તો મૂળ છે, તો પણ નિમિત્ત કારણની વિશેષતા છે. જે કારણ તેજ કાર્યપણે અભેદે પરિણમે, તે ઉપાદાન કારણ કહેવાય. અને જે કર્તાના વ્યાપારે કાર્યને નિપજાવવાનું સહકારે થાય તેજ નિમિત્ત કારણ કહેવાય. એ નિમિત્ત કારણ, તે કાર્યથી ભિન્ન હોય છે.

જે કારણ તે નિયમા કાર્ય કરે. અને કારણકાળ, કાર્યકાળ, તે નિયમા ભેદ છે. તે માટે કારણ પર્યાય તે ઉત્પન્ન છે. તે કાર્ય સંપૂર્ણ થયે કારણતાનો અભાવ છે અને જેની સાદિ હોય તેનો જ અંત થાય માટે કારણ પર્યાય તે સાદિ સાંત છે જે વખતે કર્તા કાર્યરૂચિ થાય, તે વખતે કારણતા ઉપજે. એટલે ભવ્ય સર્વ જીવ-સંપૂર્ણ સિધ્ધતામાં ઉપાદાન છે, પણ સર્વ સિધ્ધતા નિપજાવતા નથી. શા માટે? કારણ કે, કારણપણું નથી. જો કારણપણું પ્રગટે તો કાર્ય નીપજે માટે સર્વ આત્મા પોતપોતાના ગુણ પ્રાગભાવરૂપ સિધ્ધતા કાર્યમાં ઉપાદાન અવશ્ય છે. પણ શ્રી જિનવરદેવ શુધ્ધ તત્ત્વને અવલંબને કારણતા નિપજાવે માટે પુષ્ટ

આલંબન અરિહંત દેવ છે, આલંબન વિના આત્મા અનાદિ દોષથી નિવૃત્તિ થઇ શકે નહિ, માટે અરિહંત દેવનો તીર્થંકર નામકર્મનો વિપાક, તેમના સમવસરણાદિની આશ્ચર્યજનક રચના તેને આલંબને સંસારી જીવ પોતાનો આત્મધર્મ નજીક કરે તો પછી જગત જીવના આધાર શ્રી તીર્થંકરની સ્વરૂપ સંપદાનો આલંબન આત્મધર્મ અવશ્ય નીપજે, માટે અરિહંત દેવ તે ભવ્ય જીવને પોતાની શુદ્ધ સત્તા પ્રાગભાવે કરતાં મુખ્ય આલંબન છે

કાર્ય નિષ્પત્તિમાં બે મુખ્ય કારણ છે. ઉપાદાન અને નિમિત્ત, જો કે મૂળ કારણ તો ઉપાદાન જ છે, પરંતુ ઘણી હદ સુધી નિમિત્તનું પણ મહત્વ છે. જૈનદર્શન મુજબ મુક્તિ મેળવવામાં ઉપાદાન તો સ્વયં આત્મા છે, યાને તેનો પુરૂષાર્થ-પ્રયત્ન જ છે. પરંતુ પ્રભુ, માર્ગ-પ્રદર્શક, પ્રેરકના રૂપમાં નિમિત્તકારણ છે. ઉપાદાનની શુદ્ધિને માટે નિમિત્તનું અવલંબન આવશ્યક છે. અને તેમાં જ ભક્તિને અવકાશ છે. પ્રભુ પાસે કાંઈ લેવા કે માંગવા જવાનું નથી. તેમનાં દર્શન કરીને પોતાનાં શુદ્ધ અને વાસ્તવિક સ્વરૂપનું સ્મરણ કરવાનું છે, અને તેમનાં જીવન અને ઉપદેશો દ્વારા સ્વરૂપપ્રાપ્તિનો માર્ગ જાણી, તેમાં પ્રવૃત્તિ કરવાની, પ્રેરણા લેવાની છે. કરવાનું તો આપણે પોતાને જ છે. જીવનમુક્ત અરિહંતપ્રભુ તેમાં માર્ગપ્રદર્શન, વસ્તુતત્વનું વાસ્તવિક સ્વરૂપ યાને મોક્ષનો ઉપાય બતાવવા દ્વારા સહાયભૂત થાય છે. સિધ્ધ પરમાત્મા તો તે કાર્ય પણ કરતા નથી, પરંતુ તેમનાથી તો કેવળ પ્રેરણા જ લેવાની છે. તેમનાં દર્શનદ્વારા આપણા શુધ્ધ સ્વરૂપનું દર્શન કરવાનું છે, તેમના ગુણ-કીર્તનદ્વારા આપણા ગુણોને જ સંભારવાના છે. તેમની પૂજા યા ભક્તિદ્વારા- તેમના ગુણોપ્રત્યે અનુરાગ યાને આદર બુધ્ધિ ઉત્પન્ન કરવાની છે. તેમના જીવન-ચરિત્રથી સાધનમાર્ગ તેને માટે આવશ્યક તૈયારી સમતાપ્રાપ્તિ યાને આપણા જીવને તદનુરૂપ બનાવવાની પ્રેરણા લેવાની છે. આપણી અશુધ્ધતા, યા કમજોરી હઠાવી, અને દ્રઢતા, તિતિક્ષા, સહનશીલતા, સમભાવ, વીતરાગતા આદિ વધારતા જવાની છે.

ટૂંકામાં પ્રભુ આપણા આત્માના મોક્ષરૂપ કાર્યના પ્રબળ નિમિત્ત છે. આ રીતે ભાવનાપૂર્વક પ્રભુની સેવા કરવાથી ભવ્ય જીવ મોક્ષપ્રાપ્તિ કરી શકે છે. ઉપાદાનકારણ આત્મા છે, અને પુષ્ટાવલંબનરૂપ પ્રભુ છે. પ્રભુની સિધ્ધતા આપણા માટે સાધનરૂપ છે. એટલા માટે પ્રભુના સ્વરૂપને જાણીને તેમને વંદન કરવાવાળા અને પ્રભુના શરણમાં રહેવાવાળા ધન્ય છે.

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ શ્રી ઋષભદેવ સ્વામીના સ્તવનનો ઉપસંહાર કરતાં કહે છે કે,

પ્રભુજીને, અવલંબતા,
નિજપ્રભુતા હો પ્રગટે ગુણરાસ;
દેવચંદ્રની સેવના આપે,
મુજ હો અવિચલ સુખવાસ.

*

## પૂર્વાચાર્યોનાં શબ્દશાસ્ત્રનાં જ્ઞાનવિષે ફેલાવાતી

# ભ્રમણાઓનો સચોટ પ્રત્યુત્તર

### પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી વિક્રમવિજયજી ગણિવર.

જૈનસમાજમાં તેમજ ઇતર વિદ્વાનોમાં 'પંડિત' તરીકેની પ્રસિદ્ધિને પામી ચૂકેલા પં૦ શ્રી બેચરદાસ દોશી ભાષાશાસ્ત્રના નિષ્ણાત ગણાય છે. પણ તેમની વિદ્વત્તા કેટલીક વખતે છબરડા વાળી નાંખે છે, એવું પૂર્વે અનેકવાર બન્યું છે. જૈનસિદ્ધાંત વિષેનું તેમનું જ્ઞાન કેટલું છે, અને જૈનશાસન પ્રત્યે તેમનો શ્રદ્ધાભાવ કેવો છે, એ તો તેમણે ભૂતકાલમાં જૈનશાસન અને જૈનસિદ્ધાંતો અંગે જાહેરમાં પ્રસિદ્ધ કરેલા તેમનાં લખાણો જ સાક્ષી પૂરે છે. તદુપરાંત: તાજેતરમાં 'બાલદીક્ષા'ને અંગે તેમણે પ્રગટ કરેલું નિવેદન જે જૈનધર્મની પવિત્ર સાધુસંસ્થા માટેનો તેમનો દુર્ભાવ વ્યક્ત કરે છે, એ સૌ કોઇ ધર્મશીલ આત્માઓ સમજી શકે છે. પ્રસ્તુત લેખ પં૦ બેચરદાસ દોશીની ભાષાશાસ્ત્રની ભ્રમણાઓને સ્પષ્ટ પડકાર આપે છે. અને તેઓએ શબ્દશાસ્ત્રના ઉંડા અભ્યાસના અભાવે જે સ્ખલનાઓ ભૂતકાલમાં કરી છે, તેમજ વર્તમાનમાં તેઓ જે સ્ખલનાઓ કરી રહ્યા છે, તે માટે આ લેખમાં તેમને 'રૂક જાવ'ની ચેતવણી આપવામાં આવી છે. લેખક પં૦ મહારાજશ્રી વિદ્વાન અને ભાષાશાસ્ત્રના તલસ્પર્શી નિષ્ણાત છે. પ્રસ્તુત લેખ સર્વકોઈ વિદ્વાન વર્ગને વાંચવા અમારો આગ્રહ છે. જેથી પંડિત તરીકે પ્રસિદ્ધ પંડિત બેચરદાસ દોશીના શબ્દશાસ્ત્રના પારાવાર અજ્ઞાનને તેઓ સમજી શકે !

: સંપાદક :

**આ**જથી ચાર વર્ષ પૂર્વે પંડિત બેચરદાસ દોશીએ '**पज्जोसवणा**' શિર્ષક નીચે એક લેખ પ્રસિદ્ધ કર્યો હતો. જેમાં તેમણે એ સાબીત કરવા પ્રયત્ન કરેલો કે, '**पज्जोसणा**' અથવા 'પર્યુષણા' શબ્દથી આપણે જે પર્વને ઓળખીએ છીએ, તે વસ્તુતઃ '**पज्जोसवणा**' છે, અને એને બરાબર મળતો સંસ્કૃત શબ્દ '**पर्युपशमना**' છે.' તેમજ તેઓએ પોતાના તે લેખમાં એમ પણ જણાવેલું કે, '**पज्जुसणा**' શબ્દ '**पज्जोसवणा**'નું ટુંકું રૂપ છે. ટીકાકારોએ સંસ્કૃતમાં '**पर्युषणा**' શબ્દ બતાવ્યો છે, પણ તે તેઓનો ભ્રમ છે.'

આ રીતે પંડિત બેચરદાસ દોશીએ શબ્દશાસ્ત્રની કેટલીક ચર્ચાઓ કરીને એ નિષ્કર્ષ મૂકયો છે કે, 'અત્યાર સુધી 'કલ્પસૂત્ર' ગ્રંથની ટીકાઓમાં આવતો અને સમાજમાં સર્વકોઇ વિદ્વાનવર્ગમાં પ્રસિદ્ધ થયેલ '**पर्युषणा**' શબ્દ, ભાષાશાસ્ત્ર તથા જૈનસિદ્ધાંત બંન્ને દૃષ્ટિએ અશાસ્ત્રીય છે, અને શબ્દશાસ્ત્ર તથા સિદ્ધાંતાનુસાર પોતે આજે તેમાં શાસ્ત્રીયદૃષ્ટિએ પ્રકાશ ફેંકી રહ્યા છે, એમ તેમને પોતાને પોતાનાં વ્યક્તિત્ત્વ માટે અનહદ માન છે. પોતાની વિદ્વત્તા માટે અતિશય ગર્વ છે કે, જેના યોગે તેઓ આજે સેંકડો વર્ષોથી પ્રચલિત તથા શબ્દશાસ્ત્રના અસાધારણ વિદ્વાન પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ શ્રી વિનયવિજયજી જેવા પ્રકાંડ પંડિતની પણ સ્ખલના દર્શાવતાં તે લેખમાં જણાવે છે કે,

'ટીકાકારને '**पर्युपशमना**' શબ્દનો ખ્યાલ ન આવ્યો, પરંતુ '**पर्युषणा**' શબ્દનો ખ્યાલ આવ્યો અને તેથી તેમણે એ શબ્દને '**वस्**' ધાતુદ્વારા બતાવવાનો પ્રયાસ કરેલ છે, જે માત્ર '**पज्जुसणा**' અને '**पर्युषणा**' શબ્દ વચ્ચે સમાનતાનો ભ્રમ થવાથી જ થયેલ છે'

આ લેખનો પ્રત્યુત્તર મેં તે સમયે ટુંકમાં મુદ્દાસર વ્યાકરણના પ્રમાણ પૂર્વક આપતાં જણાવેલું કે, '**पज्जोसवणा**' એ હેડીંગથી પં. બેચરદાસ દોશીએ જે લેખ લખ્યો છે, તે લેખ સમસ્ત શ્વેતાંબર જૈન સમાજમાં પ્રસિદ્ધ એવા '**पर्युषणा**' શબ્દનો નિષેધક છે. અને નિર્યુક્તિ, કલ્પસૂત્ર, નિશીથચૂર્ણી આદિ જૈન આગમગ્રંથોમાં આવતા '**पर्युषणा**' શબ્દને ઉથલાવી નાંખનારો છે. સાથે સાથે તે તે ગ્રંથોના રચયિતા મહાપુરૂષોને શબ્દશાસ્ત્રનું શાસ્ત્રીય જ્ઞાન ન હતું એવો ભાસ કરાવી તેમનું અપમાન કરનારો પણ

છે. તે કારણે મારે પંડિતજીએ રજૂ કરેલ ભ્રામક મુદ્દાનો સ્પષ્ટ પ્રતિકાર કરવો જરૂરી છે.'

પંડિતજી જણાવે છે કે, "**परि–सामस्त्येन उषणा–वसनं=पर्युषणा**" આમાં ટીકાકાર '**पर्युषणा**' શબ્દમાં '**वस्**' ધાતુ સમજે છે, પરંતુ વ્યાકરણના નિયમો જોતાં કોઇપણ પ્રકારે '**वस्**' ધાતુ નું '**उषणा**' રૂપ સંભવતું નથી, પંડિતજીની આ વાત કેવળ ભ્રમણા રૂપ છે. કારણ કે ટીકાકાર મહાપુરૂષો '**पर्युषणा**' શબ્દમાં '**वस्**' ધાતુ સમજ્યા જ નથી, તો પછી તેમના ઉપર તે દોષારોપણ કરવું, અને ત્યારબાદ તેનું ખંડન કરવા પ્રયત્ન કરવો એ કેવલ પોતાનાં અજ્ઞાનનું પ્રદર્શન જ ગણી શકાય કે બીજું કાંઇ ?

પંડિતજીએ જાણવું જોઇએ કે, કલ્પસૂત્રના ટીકાકાર પૂર્વકાલીન મહાપુરૂષો શબ્દશાસ્ત્રના દિગ્ગજ વિદ્વાનો હતા. સમર્થ પ્રતિભાશાલી હતા. '**वस्**' ધાતુનું '**उषणा**' રૂપ નથી બનતું એમ તેઓ જાણે છે. માટે '**वस्**' નું '**उषणा**' રૂપ એમણે કોઇપણ સ્થલે સૂચવ્યું નથી. ફક્ત '**परि–सामस्त्येन–उषणा-वसनं–पर्युषणा**' આ સ્પષ્ટાર્થ કરીને '**परि**' નો જેમ સ્પષ્ટ અર્થ '**सामस्त्य**' જણાવ્યો તેમ '**उषणा**' નો સ્પષ્ટ અર્થ '**वसनं**' બતાવ્યો છે. પણ '**वस्**' ધાતુથી '**उषणा**' શબ્દ બન્યો એવું કહિ જણાવ્યું નથી જ.

પણ ખરી વાત એ છે , પોતાની જાતને શબ્દ શાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન માનીલેવાની ઘેલછામાં તેઓએ '**पर्युषणा**' શબ્દમાં આવતાં '**उषणा**' શબ્દનું શાસ્ત્રીય મૂલ શોધવાની તકલીફ જ લીધી નથી, ને પોતે જાણે એક નવું સંશોધન કર્યાનો ગર્વ અનુભવ્યો છે. જેના પરિણામે વગર વિચાર્યે એ શોધને જાહેરમાં પ્રસિદ્ધ કરીને પોતાનું શબ્દશાસ્ત્રનાં અજ્ઞાનનું પ્રદર્શન કર્યું છે.

પંડિતજીએ વ્યાકરણનાં પુસ્તકો અવલોકયા હશે, છતાં તેમણે એ ખ્યાલ ન રહ્યો કે, આગમોમાં આવતા બધા ધાતુઓ કે શબ્દો ધાતુપાઠમાં કે શબ્દ કોષમાં આવે એવો કોઇ નિયમ નથી. છતાં એટલું ખરૂં કે તે તે શબ્દો શાસ્ત્રીય જરૂર હોય ! જેમ કે. '**आउट्टित्तए**' રૂપનો મૂલ ધાતુ '**आउट्ट**' છે, જે ધાતુ પાઠમાં મળતો નથી, છતાં એ સૈધ્ધાંતિક તેમજ શબ્દશાસ્ત્રની દૃષ્ટિયે શુદ્ધ છે. તે જ રીતે અહિં '**पर्युषणा**' માં '**वस्**' ધાતું નથી, પણ '**उषण–निवासे**' ધાતુ લીધેલો છે, અને '**परि**' ઉપસર્ગ પૂર્વક '**पर्युषणा**' શબ્દ નિષ્પન્ન થયેલ છે. આથી તે શાસ્ત્રીય છે, માટે જ '**पर्युपशमना**' કે '**पज्जुसवणा**' તરીકે તેને સિદ્ધ કરવાનો અશાસ્ત્રીય પ્રયાસ કરવાની પં. બેચરદાસ દોશીને કશી જ આવશ્યકતા ન હતી.

પૂ૦ શ્રી હેમહંસ ગણિવરે 'ન્યાયસંગ્રહ'ની બૃહદ્ વૃત્તિમાં આ હકીકતનું સમર્થન કરતાં સ્પષ્ટ ફરમાવ્યું છે કે, '**आगमिका अपि केचिद् धातवो दृश्यंते, यथा हट्ट आच्छादने, विकुर्व विक्रियायाम्, कुर्व करणे, उषण निवासे, अदन्तः 'णिवेत्ति' पू० १११, इत्यनेन पर्युषणा.**'

આ રીતે '**पर्युषणा**' શબ્દ '**उषण**' ધાતુથી '**परि**' ઉપસર્ગપૂર્વક નિષ્પન્ન થયો છે, એ સ્પષ્ટ હોવા છતાં પોતાની જાતને શબ્દશાસ્ત્રના સમર્થ વિદ્વાન ગણાવવાની ધૂનમાં પંડિતજીએ આ શાસ્ત્રીય શબ્દપ્રયોગ વિષે ઉંડું અન્વેષણ કર્યા વિના '**पज्जुसणा**' શાસ્ત્રીય શબ્દને અશુધ્ધતાનો આરોપ મૂકી, '**पज्जुसवणा**' સાબીત કરવા પ્રયત્ન કર્યો, અને સાથેસાથે પૂર્વકાલીન સમર્થ વિદ્વાન ટીકાકારો ઉપર અજ્ઞાનતાનો દોષારોપ મૂકયો !

વિદ્વત્તાની આ કેવી વિટંબના !

## ( ૨ )

પંડિતજીને મેં આપેલા ઉપરોક્ત સચોટ પ્રત્યુત્તરનો જવાબ લગભગ એક વર્ષ બાદ પંડિતજીએ આપવા નિષ્ફલ પ્રયત્ન કરેલો, જેમાં તેમણે પોતાની ભૂલને ઢાંકવા પૂર્વકાલીન વૈયાકરણો ઉપર અનેક દોષારોપણ કર્યા છે. પંડિતજીએ પ્રસ્તુત લેખમાં જે કાંઇ અશાસ્ત્રીય, અર્થશૂન્ય અને શબ્દશાસ્ત્રના પોતાના

અજ્ઞાનને પૂરવાર કરનારાં વિધાનો કર્યાં છે, તેનો શાસ્ત્રીય સચોટ પ્રત્યુત્તર આ લેખમાં આપવાનો મારો નમ્ર પ્રયત્ન છે, જેના પરિણામે શબ્દશાસ્ત્ર–વ્યાકરણશાસ્ત્રના જ્ઞાતા વિદ્વાન વાચકવર્ગને નિષ્પક્ષભાવે પંડિતજીએ પ્રતિપાદિત કરેલાં વિધાનો અને મારા લેખમાં તેનો મેં આપેલો પ્રત્યુત્તર બંન્નેને વિચારવાની તક મળશે.

અત્યાર સુધીના લખાણુમાં મેં પંડિતજીએ ઉપાડેલ **'पज्जुसणा'** શબ્દની ચર્ચાનો પૂર્વઇતિહાસ રજૂ કર્યો, જેથી વિદ્વાન વાચકવર્ગને સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે.

હવે પંડિતજીએ રજૂ કરેલા મુદ્દાઓનો પ્રત્યુત્તર હું આપું છું.

પ્રથમ લેખમાં વ્યાકરણશાસ્ત્રને આગળ કરીને તેઓએ **'पर्युषणा'** શબ્દને અશાસ્ત્રીય સાબીત કર્યો. અને તે શબ્દનો પ્રયોગ કરનારા ટીકાકારો તેમ જ પૂર્વાચાર્યો ભ્રમણામાં હતા, તેમ આરોપ મૂકયો, પણ જ્યારે મેં તેનો સ્પષ્ટ જવાબ આપીને **'पर्युषणा'** શબ્દમાં **'उषण'** ધાતુ છે, અને તે ન્યાયસંગ્રહકાર સમર્થ વૈયાકરણ પૂ. શ્રી હેમહંસગણિના ગ્રંથનું પ્રમાણ આપીને સિદ્ધ કર્યું; ત્યારે હવે તેઓ આ લેખમાં પૂર્વકાલીન સમર્થ વિદ્વાન અને ધુરંધર વૈયાકરણોને અજ્ઞાન તેમ જ કપોલકલ્પનાના સર્જક જણાવવાની ધૃષ્ટના કરતાં જણાવે છે કે.

'જૂનાં વખતમાં કોઇ એક શબ્દની વ્યાકરણની રીતે વ્યુત્પત્તિ ન કરી શકાતી હોય તો તેને **'निपात'** કહીને સાધી બતાવાતો અને વ્યાકરણ ગ્રંથોમાં એ માટે **'पृषोदराय: शकन्ध्वादय:'** એવા અનેક ગણોની કલ્પના કરીને શબ્દોની વ્યુત્પત્તિને બંધ બેસાડવામાં આવતી. કેટલીકવાર કોઇ શબ્દ માટે ધાતુ જ ન જડે તો **સૌત્ર** ધાતુને કલ્પી કાઢવામાં આવતો. આવા **સૌત્ર** ધાતુઓ પણ વ્યાકરણકારોએ જ શોધી કાઢ્યા છે. કોઈ શબ્દનો મૂલ ધાતુ ન જડે તો તેનો આદેશ કરી નાંખીને તેનું મૂલ શોધી કઢાતું.'

પંડિતજીનું ઉપરોક્ત કથન, પોતાના દુરાગ્રહને તેમજ અજ્ઞાનને પોષવા માટે જ છે, એમ સ્પષ્ટ કહી શકાય, **'पर्युषणा'** શબ્દને અશાસ્ત્રીય સિધ્ધ કરવા તેઓ જે પૂર્વકાલીન વિદ્વાનો તથા વૈયાકરણોને પ્રમાણભૂત ગણીને ચર્ચા ઉપાડે છે, તેજ વિદ્વાનો અને વૈયાકરણોના ગ્રંથોના પ્રમાણથી **'पर्युषणा'** શબ્દ જ્યારે મેં સિધ્ધ કરી બતાવ્યો ત્યારે તેઓ હવે કેવું ફેરવી તોલે છે. પોતાના અસત્ય પક્ષનું સમર્થન કરવા માટે હવે તેઓ વ્યાકરણશાસ્ત્રની પ્રામાણિકતાને સ્વીકારવાની આનાકાની કરે છે.

જાણે તેઓ પોતેજ સર્વ શબ્દશાસ્ત્રના જ્ઞાતા, અને પ્રણેતા હોય તે રીતે પૂર્વકાલીન વૈયાકરણોને 'ગણો ઉપજાવી કાઢનાર, સૌત્ર ધાતુઓને કલ્પી કાઢનાર' તરીકે પ્રસિધ્ધ કરીને તે બધાયને અપ્રમાણિક અને વ્યુત્પત્તિ શાસ્ત્રના અનભિજ્ઞ દર્શાવે છે. ખરેખર પંડિતજી પોતાની સ્ખલનાને ન જોઇ શકવાના કારણે સત્યનો કેવો ભયંકર દ્રોહ કરી રહ્યા છે.

સત્ય હકીકત એ છે કે, જેમ તેમણે વ્યાકરણ શાસ્ત્રના આધારે **'पज्जुसणा'** શબ્દને અશાસ્ત્રીય સિદ્ધ કરવા સેંકડો વર્ષો બાદ સર્વપ્રથમ પ્રયત્ન કરવાદ્વારા પોતાથી જાતને સંશોધનના ક્ષેત્રમાં અગ્રગણ્ય મૂકાવવા પહેલો લેખ પ્રસિદ્ધ કર્યો, તેમાં જેમ તેમણે શબ્દશાસ્ત્ર–વ્યાકરણને પ્રમાણભૂત ગણીને ચર્ચા કરેલી, તેજ રીતે ઠેઠ સુધી તેમણે વ્યાકરણને પ્રમાણભૂત રાખીને ચર્ચા કરીને પોતાના પક્ષનું સમર્થન કરવું જોઈતું હતું, અથવા તો પોતે જે કાંઈ પૂર્વાચાર્યોની સ્ખલના દર્શાવવા પ્રયત્ન કરેલો છે, તે પોતાનું તે વિષેનું અજ્ઞાન છે, તેમ તેમણે પ્રસિધ્ધ કરવું જોઇતું હતું. પણ તેમણે તેમ નહિ કરતાં મેં જ્યારે **'पज्जुसणा'**–પર્યુષણા શબ્દને શાસ્ત્રીય સિધ્ધ કરી બતાવ્યો, ત્યારે હવે તેઓ વ્યાકરણશાસ્ત્ર કે જે શબ્દવ્યવહારમાં એકનું એક પ્રમાણભૂત શાસ્ત્ર છે, તેની પ્રામાણિકતાનો જ અપલાપ કરે છે, એ કેવી વિચિત્રતા!

પણ જો વ્યાકરણશાસ્ત્રના રચયિતાઓ જ અમાન્ય બને કે વ્યાકરણશાસ્ત્ર જ અપ્રામાણિક ઠરે, તો શબ્દવ્યવહારમાં શુદ્ધિ–અશુદ્ધિનું નિયામક કોણ? **शश, मंचक, पलाश,** ઇત્યાદિ શબ્દો પ્રમાણભૂત અને **सस, मंजक, पलास,** ઇત્યાદિ શબ્દો અશુધ્ધ, એવું નિય-

મન કઇ રીતે થઇ શકે ? માટેજ શબ્દોને શુધ્ધ તથા અશુધ્ધ તરીકે વિભાગ કરીને બતાવનારૂં, શબ્દસિદ્ધિ શાસ્ત્ર તેજ શબ્દાનુશાસન-વ્યાકરણશાસ્ત્ર કહેવામાં આવે છે.

જૈન સિધ્ધાંતોમાં પણ વ્યાકરણનાં જ્ઞાનની આથીજ આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ જ કારણે પાંચમી સદીમાં થઈ ગયેલા તાર્કિક શિરોમણિ સમર્થ શાસનપ્રભાવક આ૦ મ૦ શ્રી મલ્લવાદીસૂરીશ્વરજીએ 'નયચક્ર' ગ્રંથમાં વ્યાકરણને 'સર્વતંત્ર સ્વતંત્ર' તરીકે સંબોધ્યું છે.

વ્યાકરણશાસ્ત્રથી વિરૂધ્ધ અસાધુ શબ્દપ્રયોગને 'અપ્રયોગ' કહેવામાં આવે છે. પણ શબ્દપ્રયોગને સિદ્ધ કરનાર મહાન વ્યાકરણશાસ્ત્રને કલ્પનાપ્રધાન કહિ કોઇએ અદ્યાવધિ કહેવાની બાલિશચેષ્ટા કરી નથી.

પંડિત શ્રી બેચરદાસ દોશી જેવા વિદ્વાનદ્વારા કદાચ આ પહેલો જ પ્રયાસ હશે?

આપણા અર્ધમાગધી સૂત્રોમાં પણ કેટલાક એવા પ્રયોગો આવે છે કે, જેને આર્ષપ્રયોગ કહેવામાં આવે છે. જેમ કે, **अड्ढाइज्जेसु सूत्र**માં આવતો **'अकूखुयायारचरित्ता'** પ્રયોગ વ્યાકરણશાસ્ત્રની દ્રષ્ટિએ **'अकूखुयायारचरित्ता'** બનવો જોઇએ. છતાં તેને **'आर्षप्रयोग'** કહ્યો છે. પણ આ કારણે વ્યાકરણ કે વ્યાકરણના રચયિતાઓને અપ્રામાણિક સિધ્ધ કરવા કોઇ પણ પૂર્વકાલીન મહાપુરૂષે એક અંશ જેટલો પણ પ્રયત્ન કર્યો નથી.

આટલું તેમના પ્રસ્તુત લેખના પ્રતિકારરૂપે પૂર્વકથન કરીને તેમણે પૂર્વમહાપુરૂષોના પ્રામાણિક શબ્દજ્ઞાનને તેમજ વ્યાકરણના યથાર્થ શાસ્ત્રીય શબ્દવ્યવહારને કાલ્પનિક ઠરાવવા જે જે વિધાનો, ઉદાહરણો પોતાના તે લેખમાં રજૂ કર્યા છે, તેની હવે વિચારણા કરીએ.

—અપૂર્ણ:

❀ ❀ ❀

## : હાસ્ય વિનોદ :

પિંજરામાં ઉભેલો સાક્ષી — સાહેબ ! મ્હને ખુરશી મળવી જોઇએ.

ન્યાયાધીસ — ત્હમે ખુરશીની માગણી કરો છો તો એવો ત્હમે કયો દરજ્જો ભોગવો છો ?

સાક્ષી — સાહેબ ! સીકનેશનો.

વકિલ — (સાક્ષિને) રસ્તામાં ત્હમે ફરિયાદીને માર ખાતો જોયો તો તે વખતે ત્હમે ક્યાં જતા હતા ?

સાક્ષી — ત્હમારા બાપનું સરાવવા.

વકિલ — સાહેબ ! આ સાક્ષિનું વર્તન ઉધ્ધતાઇ ભર્યું છે.

સાક્ષી — સાહેબ ! એ તારીખે અને એ વખતે ત્હેમના બાપનું હું સરાવવા આવ્યો હતો કે નહિં તે આપ ત્હેમને પૂછી જુઓ.

એક વ્યક્તિ છાપાના તંત્રીને ટેલીફોન ઉપર બોલાવે છે.

એટલે તંત્રી ટેલીફોનનું રીસીવર ઉપાડીને—

તંત્રી — હેલાવ ! આપ કયાંથી બોલો છો ? વ્યક્તિ — ટેલીફોનમાંથી.

તંત્રી — આપનું નામ શું ? વ્યક્તિ — ખાનગી રાખવાનું છે.

તંત્રી — પણ આપને કામ શું છે ? વ્યક્તિ — આપના છાપામાં મારે એક ખાનગી ખબર આપવાની છે.

તંત્રી — લ્યો ત્યારે ખુદ છાપાનેજ હું આપની પાસે મોકલું.

—શ્રી દલીચંદ ભુદરભાઈ ગાંધી—

# સામાજિક સુધારણા કરવા ઈચ્છનારાઓને !

## —: શ્રી પ્રવીણચંદ્ર ત્રિ૦ મહેતા ગદારફે-સુદાન :—

**ભાઇ પટવારીના બાલ—દીક્ષા પ્રતિબંધક વિધેયના વિરોધમાં અમારા ઉપર સંખ્યાબંધ લેખો આવ્યા છે. લગભગ નિશ્ચિત જેવું કહી શકાય કે, બીલના વિરોધમાં જે રીતે જૈન-જૈનેતર સમાજે પ્રબલપણે પોતાનો અવાજ ઉઠાવ્યો છે, તે દ્રષ્ટિએ બીલ પસાર થઇ શકે તેમ નથી. આફ્રીકા જેવા ભારતથી દૂર-દૂર પ્રદેશમાં વસતા ધર્મશીલ જૈનભાઇઓ પણ આ બીલના વિરોધ માટે કેટ-કેટલા સજાગ છે, તે પૂરતો આ લેખ અહિં પ્રગટ કરીએ છીએ. કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે, 'કલ્યાણ'ના પ્રચારનું જ આ પરિણામ છે કે, આફ્રીકામાં વસનારા જૈનભાઇઓ આ રીતે સમાજના પ્રશ્નોમાં રસ લેનારા બની રહ્યા છે. સં૦**

શ્રી પટવારીએ મુંબઇ રાજ્ય ધારાસભામાં રજુ કરેલું આ 'બીલ' પ્રથમ તો 'ભારતીય સંસ્કૃતિ'ના હળાહળ અપમાનરૂપ છે. ભારતની અધ્યાત્મવાદી—ચેતનવાદી જુગજૂની સંસ્કૃતિ પર એ કારમો ફટકો મારનારૂં છે, એમાં શંકાને સ્થાન નથી જ.

ભારતની પવિત્ર ભૂમિમાં વસતા આ મહાનુભાવ (અને તે પણ એક હિન્દુ સભ્ય) આવી જડવાદી વિચારસરણીથી પ્રેરાઈ "સામાજીક-સુધારા"ને નામે આવી અનિચ્છનીય (ભારતની સંસ્કૃતિની છેક જ વિરૂદ્ધ) પ્રવૃત્તિ કરે, એ વધુ ખેદજનક લાગે છે.

પૂર્વસંસ્કારોના પ્રભાવથી નાની વયમાં સંસારત્યાગ કરી સ્વ—કલ્યાણનો, આત્મકલ્યાણનો અતિ ઉન્નત માર્ગ લેનાર ઉચ્ચ આત્માની ઉચ્ચત્તમ વિચારસરણીનો વિરોધ કરી તેને કાયદારૂપી જડસાધનથી અટકાવવાનો કોઇને અધિકાર ન હોઈ શકે. બલ્કે એમ કરવું, એના પર પ્રતિબંધ મૂકવો એ ભારતીય પ્રાચીન ઋષિ—મુનિઓ, મહાપુરૂષોની, (અરે ! ખુદ ભારતના પ્રાણસમી ભારતીય આધ્યાત્મવાદી ચેતન સંસ્કૃતિની) પરંપરાઓ પર પ્રતિબંધ મૂકવા જેવું થાય છે, એ ન ભૂલાય.

આવા "ખરડાને સામાજીક સુધારો" શી રીતે ગણવો ? એ જ સમજાતું નથી.

અને એના સમર્થનમાં શ્રી પટવારીજીએ જે દલીલો કરી છે, એ ફક્ત એમની (કે એમના જેવા વિચાર ધરાવનારા મુઠ્ઠીભર માણસોની) પોતાની જ અંગત માન્યતા હોય, એ બરાબર છે. પરંતુ પોતાને જ સારૂં લાગ્યું એટલે (અગર તો સમાજસુધારક કહેવડાવવાના લોભે) સરકાર મારફત એને સર્વ-સામાન્ય બનાવવાનું સાહસ નિંદનીય ગણાય.

દૈવયોગે જૈનસમાજ (અને જૈનેતર હિન્દુ-સમાજ) આજે જાગૃત છે, અને આવાં અનિષ્ટ વિધાનોને પડકારવા શક્તિમાન છે, એ અહોભાગ્યની વાત છે.

બાકી "સુધારા" કરવા જ હોય તો એનો કયાં તોટો છે ? ભારતમાં હજુયે કેટલાંક અનિષ્ટો (આપણી પોતાની સંસ્કૃતિની વિરૂદ્ધ) ઘર કરી રહ્યાં છે. તેમાંના એકાદને પણ દૂર કરવાનું શ્રી પટવારીજીને સૂઝયું હોત, તો એ જરૂર લેખે ગણાત. અને અત્યારે તેઓશ્રીએ જાણે-અજાણે પણ હિન્દુસમાજમાં ખળભળાટ જગાવી વ્યર્થ સમયની બરબાદી કરવા જેવું વાતાવરણ સર્જ્યું છે. એ સમય અને શક્તિ એમના એવા એકાદ સુપ્રયાસની સફળતામાં જરૂર સાર્થક બનત. આ રહ્યાં ભારતમાં ઘર કરી રહેલા એ કુધારાઓ:—

(૧) ગૌવધ તેમ જ જીવહિંસા.

(૨) ચલચિત્રો મારફત જડ વિચારસરણીનો વંટોળ ભારતની પ્રજાને સામાજીક, આર્થિક, ધાર્મિક, નૈતિક વગેરેનું અપાર નુકશાન કરી રહેલ છે.

(૩) બાળકોને અપક્વ વયે, હોટલો, છબીઘરો, તેમજ એવા કેટલાયે સ્થળે જે વયે તેમને શિક્ષણની જરૂર હોય છે, ત્યારે કામે લગાડાય છે.

(૪) પરધર્મના વિદેશી મશીનો ભારતમાં છડેચોક ધર્મપરિવર્તન પ્રવૃત્તિ કરતા જણાય છે.

(૫) શબ્દરચના હરીફાઈ, ઘોડદોડ, ઈત્યાદિ જાતનો સુધરેલો જુગાર ફુલીફાલી રહ્યો છે.

(૬) ખુદ ભારતમાંના જ અમુક તત્વો ભારતીય સંસ્કૃતિ પ્રત્યે બેહુદી ચેષ્ટા દ્વારા શીર્ષાશનનો પ્રયોગ કરી રહ્યા છે.

(૭) આપણી પોતાની રાષ્ટ્રભાષાનો વિરોધ, અને પરભાષા પ્રત્યેનો મોહ. પરભાષાને, સ્વભાષાને ભોગે જીવાડી જવા કાયદો કરાવવા સુધીના પણ પ્રયત્નો થઈ રહ્યા છે.

વગેરે વગેરે ઘણું જણાવી શકાય.

શું આમાંનું શ્રી પટવારીજી જેવા બાહોશ હિન્દુ કાયદા નિષ્ણાત વિદ્વાનને કશુંયે અજુગતું નથી લાગતું ?

ટુંકામાં ઉપરોક્ત ખરડાનો અમો અંતઃકરણપૂર્વક વિરોધ કરીએ છીએ, અને આવાં જડવાદી વિધાનો કરનારા ભારતનાં સંતાનોને શાસનદેવ સદ્‌બુદ્ધિ આપે, એ જ અભ્યર્થના.

## —: વંદન પ્યારા 'કલ્યાણ' ! :—

તને શત શત વંદન, પ્યારા કલ્યાણ........તને૦

ગદ્ય – ગદ્ય લખાણ ગંગાનાં, નિર્મળ પંકજ પૂંજ,
માયા રંગ્યા અંતર પંકે, ઊગી બનાવો કુંજ........તને૦ ૧

જૈન બંધુના લેખો વાંચી, હૃદય થાએ જાગ;
અમ અંતર આ સભર સદા હો, મુક્તિ મંગળ બાગ....તને૦ ૨

શત્રુંજય શૃંગોની ગરવી, આભ અડંતી માળ;
વાટે ઉન્નત એવી તું, રચજે કેડી રસાળ....તને૦ ૩

નાવિક તું છે, ધ્રુવજ તું છે; તું છે જૈનનો તારણહાર;
સરસ્વતીની મંગળ વીણા, રણકે આ સંસાર....
તને શત શત વંદન પ્યારા કલ્યાણ !

શ્રી૦ નગીનદાસ જ. શાહ — વાવડીકર.




## તેરમા વર્ષના મંગલ પ્રભાતે:

જૈનસમાજમાં તેમાંયે શ્વે૦ મૂ૦ પૂજક સમાજમાં સાહિત્ય પ્રચારની ગઇ કાલે ન હતી, તે કરતાંયે આજે સવિશેષ આવશ્યકતા છે. કોઇ પણ સમાજની સંગીન પ્રગતિમાં મહત્ત્વની વસ્તુ જો કોઈ હોય તો શિક્ષણપ્રચાર છે, એમ કહી શકાય. અલબત્ત, અર્થોપાર્જનને અનુકૂલ શિક્ષણ તો આજે સમાજમાં ખૂબ જ વધી રહ્યું છે, વધતું જ જાય છે, એમાં બે મત નથી જ. પણ કેવલ જીવનને ખીંચી કાઢવા કે વર્ષો પૂરાં કરવા માટેનાં શિક્ષણમાં કશું જ ઉન્નત તત્ત્વ દેખાતું નથી, એ નિર્વિવાદ હકીકત છે.

આજે જીવનમાં એવાં શિક્ષણની જરૂર છે કે, જે પાપ, પુણ્ય, નીતિ, અનીતિ, સદાચાર, અનાચાર, સંયમ, સ્વચ્છંદાચાર, ત્યાગ તથા ભોગ, આ બધા શુભ અને દુષ્ટ તત્ત્વો વચ્ચેનું અંતર સમજાવે, માનવસંસારને આત્મકલ્યાણનું ઉદ્બોધન કરે, સંસ્કાર તથા સચ્ચારિત્રની પ્રેરણા આપે, તેમજ સર્વકોઈનું શુભ થાય, તેવા પ્રકારની જીવનચર્યા આચરવામાં સહાયક બને, આવાં સમ્યગ્જ્ઞાનપ્રચારની આજે જૈનસમાજમાં અતિશય આવશ્યકતા છે. આજે જગતની ચોમેર સ્વાર્થ, છળ, પ્રપંચ, અન્યાય, અનાચાર, વેર, ઝેર તથા હિંસાના તાંડવો જોર-શોરથી ચાલી રહ્યા છે. લોભ, કામ, ક્રોધ, મદ, માન, તથા મત્સરનાં અનેકવિધ અત્યાચારોથી આજનો સંસાર ભયગ્રસ્ત બની રહ્યો છે.

આની સામે જીવનને જાગૃત કરનારું, આત્માને ઉન્નત સંસ્કારોથી ઉજ્વળ બનાવનારું, સંસાર સમસ્તના જીવોનું મંગલ કરનારું શિક્ષણ જ સમર્થ છે, જે આ બધાં મહાપાપોથી જગતને દૂર રાખવા શક્તિશાળી છે. આવી જ શુભભાવનાથી, આ જ એક મંગલ કામનાથી જીવનને સાત્ત્વિક, ઉજ્વળ તથા ઉર્ધ્વગામી બનાવવાના એક ઉદ્દેશથી, જૈનસમાજમાં શિક્ષણ, સમભાવ, શ્રદ્ધા, સદાચાર, તથા સંસ્કારનું ઉદ્બોધન કરવા કાજે આજથી તેર વર્ષ પહેલાં વિ. સં. ૨૦૦૦ના ચૈત્ર સુદિ ત્રયોદશીના પુનિત દિવસે, ચરમતીર્થપતિ દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીર ભગવંતનાં જન્મકલ્યાણકના મંગલ પ્રભાતે 'કલ્યાણ'નો જન્મ થયો.

આજે તેરમા વર્ષે 'કલ્યાણ'ના સંચાલકો, ગર્વ અનુભવે છે, ગૌરવ લે છે, કે, સમાજમાં જે ઉદ્દેશથી તેનો પ્રારંભ કર્યો, તે ઉદ્દેશમાં તેણે સારી પ્રગતિ કરી છે. જૈનસમાજના અનેક પ્રશ્નોમાં તેણે પૂ. સુવિહીત આચાર્યદેવોના આદેશને અનુરૂપ, જૈનશાસનની પ્રણાલીનું બહુમાન જાળવવા પૂર્વક સુયોગ્ય માર્ગદર્શન આપ્યું છે. સમાજમાં શ્રદ્ધા, સમભાવ, તથા સાત્ત્વિક વિચારધારાનો પ્રચાર કરવા કાજે તેણે પોતાની શક્તિ, સ્થિતિ તથા સામગ્રી મુજબ શક્ય કર્યું છે. મુખ્યત્વે તેણે પ્રતિપાદન શૈલીને જાળવીને અને અવસરે અનિવાર્ય કારણે નિષેધાત્મક નીતિને અપનાવી પોતાનું સંચાલન કર્યું છે. સમાજના કોઈપણ અવાંતર પ્રશ્નોમાં હસ્તક્ષેપ કર્યા વિના શાસન સેવા કરવા તેણે યોગ્ય પ્રયત્નો કર્યા છે. ખૂબ જ કરકસર પૂર્વક ચાલતા 'કલ્યાણ'નો વિકાસ આજે જે રીતે થઇ રહ્યો છે. તેમાં પૂ. આપ્તસ્થાનીય આચાર્યદેવાદિ શુભેચ્છકોનો, તથા આપ્તમંડળના ધર્મશીલ સદ્ગૃહસ્થોનો સદ્ભાવ, મમતા તથા સહકાર અનેક રીતે સહાયક છે. છતાં 'કલ્યાણ'ના વિકાસ માટે તેને ગ્રાહકોના સારા જેવા પીઠબલની હજુ જરૂર છે, એમ અતિશયોક્તિ વિના કહી શકાય.

સારાયે જૈનસમાજમાં લોકભોગ્ય, સાંસ્કારિક હળવું સાહિત્ય આપવાના ઉદ્દેશથી આવકારપાત્ર પ્રસિદ્ધિને પામેલા 'કલ્યાણ'ને નિરામય દીર્ઘાયુ પ્રાપ્ત થાઓ! એજ એક શાસનદેવ પ્રત્યે પ્રાર્થના.

❋

## જૈનસમાજની એકમાત્ર શિક્ષણ સંસ્થા:

તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજી મહાતીર્થની પરમ

પુનિત છત્રછાયામાં વર્ષો થયાં એક એવી શિક્ષણસંસ્થા વિકાસ પામી રહી છે. કે, જેના વિકાસ માટે ભૂતકાલમાં પણ એટલી જ જરૂર હતી, છતાં આપણી ઉપેક્ષાના કારણે તે સંસ્થાનો વિકાસ ન થઇ શક્યો.

વિ. સં. ૧૯૮૦ ની સાલમાં સિધ્ધક્ષેત્રના પવિત્ર આંગણે સ્થપાયેલી **જૈન શ્રાવિકાશ્રમ** નામની જૈનસમાજમાં જૈન બ્હેનો માટેની એક માત્ર અતિ ઉપયોગી શિક્ષણ સંસ્થા છે. અનેક શ્રાવિકા બ્હેનો આ શિક્ષણસંસ્થાના આશ્રયે ધાર્મિક શિક્ષણ, વ્યાવહારિક હુન્નર-ઉદ્યોગ સંગીત, ઈત્યાદિ જીવનનાં વિવિધ ક્ષેત્રોની કેલવણી પ્રાપ્ત કરી, સ્વાશ્રયી બનવાની તાલીમ મેળવી રહેલ છે.

આપણા શ્વે. મૂર્તિ. પૂ. સમાજમાં બ્હેનો માટે ધાર્મિક શિક્ષણની વ્યવસ્થા કરતી થોડીક, પાઠશાળાઓ, અને જૈન વિદ્યાશાળાઓ છે, પણ બ્હેનો માટે શિક્ષણ શ્રધ્ધા. સંસ્કાર તથા સ્વાશ્રયની તાલીમ આપતી અન્ય કોઇપણ સંસ્થા સમસ્ત ભારતમાં હોય તેવું અમારી જાણમાં નથી. આજે જૈનસમાજનો લગભગ ૯૦ ટકા ભાગ અરે ૯૫ ટકા ભાગ આર્થિક સંઘર્ષણના વાતાવરણમાં જીવી રહ્યો છે, આવકના સાધનો દિન-પ્રતિદિન તૂટતા જાય છે. ખર્ચાઓ ચોમેરથી ન ધાર્યા આવી પડે છે. આ રીતે આર્થિક અકળામણમાં દિવસો પસાર કરતા મધ્યમવર્ગીય હજારો જૈનઘરોમાં જે બ્હેનો બાલવિધવા છે, ગમે તે કારણે ઉપેક્ષિત છે, અથવા જીવનનિર્વાહ માટે મુસ્કેલી અનુભવે છે, આવી હજારો બ્હેનોનાં સુખ, સ્વાસ્થ્ય તથા શાંતિ માટે તેમજ ધાર્મિક શિક્ષણ, વ્યાવહારિક ગૃહઉદ્યોગ આદિ દ્વારા ઈહલોક-પરલોકની સાધના માટે એક સંસ્થાની જૈનસમાજને અતિશય આવશ્યકતા છે.

જે આજે શ્રાવિકાશ્રમ જેવી સ્વચ્છ, સાત્ત્વિક તથા સંસ્કારી વાતાવરણથી સભર સંસ્થાએ એ ખોટને પૂરી પાડી છે. ધર્મશીલ, ઉદાર અને કર્તવ્યપરાયણ સમાજના આગેવાન કાર્યકરોની સુંદર લાગણી, તેમજ કર્તવ્યનિષ્ઠાના કારણે આજે આ સંસ્થા દિન-પ્રતિદિન વિકાસને સાધતી જાય છે, એ આનંદનો વિષય છે.

આજે આ સંસ્થામાં ૫૪ બ્હેનો શિક્ષણ મેળવી રહેલ છે. ગૂજરાત, સૌરાષ્ટ્ર. કચ્છ તથા રાજસ્થાન પ્રદેશની આ બ્હેનોમાં ૧૦ વર્ષની બાળાઓથી માંડીને લગભગ ૪૦ વર્ષની બ્હેનો પોતાનાં જીવનનો વિકાસ સાધવા સતત પ્રયત્નશીલ છે. ધાર્મિક, વ્યાવહારિક શિક્ષણ, સંગીત, ભરત-ગૂંથણ, ઈત્યાદિ અનેક વિષયોની સંગીન તેમજ વ્યવસ્થિત તાલીમ અપાય છે. દરરોજ પૂજા, સામાયિક અને શક્તિ મુજબ વ્રત-નિયમો, પર્વ દિવસોમાં એકાસણા, આયંબીલ આદિ તપશ્ચર્યા, આ બધાયે ધાર્મિક અનુષ્ઠાનો ઉત્સાહપૂર્વક સંસ્થાની બ્હેનો કરે છે.

અન્ય સ્ત્રીસંસ્થાઓ માટે જે ફરિયાદો સાંભળવામાં આવે છે, તેવું કશું જ અનિચ્છનીય ન બનવા પામે તે માટે સંસ્થાના સ્થાનિક કાર્યકરો ખૂબ જ જાગ્રત છે, અને પોતાની જવાબદારીનું સતત ભાન રાખીને સંસ્થાના વિકાસમાં આજે તેઓ મહત્ત્વનો ફાળો કેવલ સેવાભાવે આપી રહ્યા છે. સંસ્થાને મળેલા આવા અનેક કાર્યકરો તન, મન, ધનથી પોતાની સેવા આપવાની જે ધગશ ધરાવે છે, એ સંસ્થા માટે તથા સમાજ માટે જરૂર ગૌરવનો વિષય છે.

આજે એવા અનેક પ્રસંગો આવે છે, અનેક બ્હેનોને દાખલ કરવા માટે અરજીઓ, તથા પત્રો સંસ્થા પર આવે છે, છતાં સંસ્થા પાસે આર્થિક તેવું વિશાળ ભંડોળ નથી, ફક્ત ૨૫૦૦ ની સ્થાયી વાર્ષિક આવક અને ૧૮ હજારનો ખર્ચ છે. મકાન પણ ન્હાનું પડે છે. છતાં સંસ્થા માટે સમાજના આગેવાનો કર્તવ્યશીલ બન્યા છે, એટલે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં આર્થિક દ્રષ્ટિયે, ઉદ્યોગની દ્રષ્ટિયે, સંખ્યા તથા તાલીમની દ્રષ્ટિયે તેમજ કાર્યકરોના ઉત્સાહની દ્રષ્ટિયે સંસ્થાએ ઠીક પ્રગતિ કરી છે, તો પણ જ્યાં સુધી સમાજની કોઈ પણ બ્હેન સંસ્થામાં દાખલ થવા આવે, અને તેની યોગ્યતા હોય, એવી ગમે તેટલી સંખ્યાની બ્હેનોને દાખલ કરી શકે તેટલું આર્થિક ભંડોળ, મકાનની વ્યવસ્થા અને અન્ય પણ સાધન-સામગ્રી આ સંસ્થા પ્રાપ્ત ન કરી શકે, ત્યાં સુધી જૈનસમાજની સર્વ પ્રકારે સેવા કરવામાં સંસ્થા અપૂર્ણ જ ગણાય. સંસ્થાની એ અપૂર્ણતા નિવારવાનું

કાર્ય જૈનસમાજના પ્રત્યેક વર્ગે પોતાની શક્તિ મુજબ કરવા જેવું છે, એ ભૂલાય નહિ.

આજે સંસ્થા ફક્ત ૫૪ બ્હેનોને આશ્રય આપે છે. છતાં ૨૫૦૦ ની કાયમી આવકમાં તેને ૧૮૦૦૦ ના ખર્ચ માટે દર વર્ષે પ્રયત્ન કરવાનો રહે છે. અને છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં મુંબઇનિવાસી ધર્મનિષ્ઠ શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી, શેઠ શ્રી પરશોતમ સુરચંદ, ઇત્યાદિ સંસ્થાના પ્રાણસમા સદ્ગૃહસ્થોના અથાગ પરિશ્રમે સંસ્થા દર વર્ષે ખોટને પહોંચી વળવા કાંઇક અંશે શક્તિમાન બની છે. આમાં સ્થાનિક સેવાભાવી કાર્યકરો ડૉ. ભાઇલાલભાઇ બાવીશી, તથા શાહ મનસુખલાલ જીવાભાઈની કર્તવ્યનિષ્ઠા તથા આપભોગનો પણ મહદંશે ફાળો છે, એ જરૂર ઉમેરી શકાય.

પરમ પુનિત તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થની પુણ્યનિશ્રામાં રહેલી આ જૈન શ્વે૦ મૂ૦ સમાજની એકમાત્ર સ્ત્રીઉપયોગી સંસ્થાને ઉત્તરોત્તર વિશેષ સમૃધ્ધ, સશક્ત અને વિશાલ બનાવવાના પુણ્યકાર્યમાં, તીર્થયાત્રાએ આવનાર પ્રત્યેક ધર્મશીલ ભાઇ–બ્હેનોને વિનમ્ર નિવેદન છે કે, આ સંસ્થાને દરેક રીતે સહકાર આપવો, એ તમારી સર્વપ્રથમ ફરજ છે. આ માટે શકય સઘળું કરી, શ્રાવિકાક્ષેત્રની ભક્તિનું ધર્મ–કર્તવ્ય બજાવશો !

❋

## બી૦ સી૦ જી૦ રસીની વિઘાતક યોજના

અહિંસાધર્મની જ્યાં બોલ–બાલા હતી, તે ભારત દેશમાં તેના સંચાલક રાજકીય પુરૂષોની દયાવિમુખ મનોદશાના કારણે, હિંસાનો પ્રચાર ડગલે ને પગલે વધી રહ્યો છે જે, દેશ સમસ્તના અભ્યુદય માટે વિઘાતક કાર્ય ગણી શકાય. આજે રાજ્યશાસનના સંચાલકોનાં હૈયામાં કોણ જાણે ગમે તે કારણે જીવદયા પ્રત્યે લાગણી જન્મતી નથી જ, એટલે તેઓ ગમે તે નજીવા કારણે ઘોર હિંસા કરતાંયે અચકાતા નથી.

તાજેતરમાં ક્ષયનાં નિવારણ માટે બી૦ સી૦ જી૦ ની રસીના ઈંજેકશનો મૂકાવાની સમસ્ત દેશમાં જે યોજના અમલી બની રહી છે, તેને અંગે ઘણું ઘણું કહેવાનું રહે છે.

છેલ્લા કેટલાયે વર્ષોથી અમેરિકાના તથા ઇંગ્લાંડના વૈજ્ઞાનિકોએ જુદા જુદા દરદોના નિવારણ માટે રસી તૈયાર કરવાનો વ્યવસાય કેવલ પેટ ભરવા માટે શરૂ કર્યો છે. આ રસી બનાવવામાં અને તેનો પ્રયોગ કરવામાં અનેક જીવોની નિર્દયપણે હિંસા થાય છે, અને પ્રાણીઓ પ્રત્યે ભયંકર ઘાતકીપણું ગૂજારવામાં આવે છે. આ બધાયનું વર્ણન પણ થઈ શકે તેમ નથી. ખુદ ઇગ્લેંડ અને અમેરિકાના કેટલાયે પ્રામાણિક ડૉકટરોએ જાહેર કર્યું છે કે, 'આ રસીના પ્રયોગથી ફાયદા કરતાં નુકશાન ઘણું છે.' તેથી તે ડૉકટરોએ વિજ્ઞાનના નામે પ્રાણીઓ ઉપર ગુજારવામાં આવતા આ અત્યાચારોનો સખ્ત વિરોધ કર્યો છે. ભારતમાંથી દર વર્ષે લાખ્ખો વાંદરાઓને આ રસી અને વૈજ્ઞાનિક અખતરાઓ માટે અમેરિકા મોકલવામાં આવે છે.

ભારત સરકાર આ રીતે લાખ્ખો નિર્દોષ પ્રાણીઓની હિંસાના વ્યાપારમાં પોતે ભાગ લે છે, એ કેટલું કમનશીબ કાર્ય છે ! ભારતના સરકારી તંત્રમાં નાનામાં નાનો હિસ્સો જેનો રહ્યો છે, તે બધાયે આ હિંસક કાર્યમાં મૌન રહીને પોતાના શિરે અજાણતાં ભાગીદારી નોંધાવે છે, એ ખરેખર શોચનીય છે. આ જ કારણે આજે અમે મૌન રહી શકતા નથી.

આજે ભારત સરકારના આરોગ્યખાતાના પ્રધાન શ્રીમતી અમૃતકોરે ક્ષય રોગ અટકાવવા માટે ચોક્કસ ઈલાજ તરીકે બી૦ સી૦ જી૦ વેકસીનેશનનું તૂત ઉપાડયું છે. અને રસી ઉત્પન્ન કરવામાં નિર્દોષ પ્રાણીઓ પર ઘોર અત્યાચાર ગૂજારવામાં આવે છે. આ રસીના ઇંજેકશનો ભારતની પ્રજાના એકે એક માણસના લોહીમાં મૂકાવવાનો કાર્યક્રમ ભારત સરકારે બ્હાર પાડયો હતો. તે માટે તા. ૨૦–૨–૫૬નો દિવસ નિયત કરવામાં આવ્યો હતો. સ્કુલો, હાઇસ્કુલો, કોલેજો, ગામડાઓ, શહેરો ઈત્યાદિ દરેક સ્થળોમાં નાના બાળકોથી માંડીને ૭૦–૮૦ વર્ષના વૃદ્ધ સુધીનાઓને આ ઇંજેકશનો આપવાનું ઠરાવ્યું હતું. આની પાછળ ભારત સરકારે દર વર્ષે ક્રોડો રૂપીઆ

ખર્ચે છે, લાખ્ખો જીવોનો સંહાર આ રસી બનાવવા પાછળ થાય છે, છતાં આ રસી જે રીતે મૂકાય છે, તે મૂકવાની પદ્ધતિ તેમજ રસી પોતે કેટ-કેટલી ખતરનાક છે, તે માટે ભારતના ભૂતપૂર્વ ગવર્નર જનરલ અને ભારત દેશના વયોવૃધ્ધ ચાણાક્ય રાજ-પુરૂષ ચક્રવર્તી રાજગોપાલાચારીએ ભારત સરકારને તથા જનતાને સખ્ત શબ્દોમાં ચેતવણી આપી છે.

તા. ૧૧-૨-૫૬ ના 'હરિજન'માં પ્રસિધ્ધ થયેલ લેખમાં રાજાજી જણાવે છે કે. 'આ બી૦ સી૦ જી૦ ની રસી માટે હું સચ્ચાઇપૂર્વક કહેતો અને લખતો આવ્યો છું. તે બધાયનું હું અહિં પુનરાવર્તન નથી કરતો. ૨૦ મી ફેબ્રુઆરીનો દિવસ હિંદભરમાં બી૦ સી૦ જી૦ દિન તરીકે પાળવામાં આવશે, એવી જાહેરાત કરવામાં આવી છે. ભારત સરકારનું આરોગ્યખાતું સમજને વશ થવાનો ઈન્કાર કરે, અને અમેરિકાના આરોગ્યના અધિકારીઓએ જેને લગભગ છોડી દીધી છે, તે આ નકામી રસીને આગળ ધપાવવાનો આગ્રહ રાખે છે, એ શોચનીય છે.'

રાજાજી વિશેષમાં જણાવે છે કે, 'ઇગ્લેંડનું આરોગ્ય ખાતું હજી જે રસી વિષે તપાસ ચલાવી રહેલ છે. એવી આ રસી માનવ શરીર સાથે અડપલા કરવાનું કાર્ય કરે છે, બી૦ સી૦ જી૦ રસીનો ઉદ્દેશ કૃત્રિમ પ્રકારના પ્રોઝીટિવ પેદા કરવાનો છે. ક્ષય રોગ અટકાવવાને પ્રોઝીટિવ સ્થિતિ હજુ સુધી સમર્થ નથી થઇ શકી, તો પછી કૃત્રિમ રીતે પેદા કરવામાં આવેલી 'પ્રોઝીટિવ' સ્થિતિ એ કેવી રીતે તે કાર્ય કરી શકશે ? શૂન્યનાં કરતાં યત્કિંચિત્ સારૂં, પણ માનવ શરીર સાથે કામ લેવાની બાબતમાં નકામું હોય એવું યત્કિંચિત્ શૂન્ય કરતાં સારૂં નથી. શ્રીમતી અમૃતકોરે રસી આપવાની યોજના કરીને વાંદરાઓને પરદેશ મોકલવાની બાબતમાં જીદ રાખી તેવીજ રીતે આ બાબતમાં પણ તેઓ જીદ રાખે છે, એ દુઃખદ છે.'

ચક્રવર્તી રાજગોપાલાચારીના આ નિવેદનને અંગે અમારે અન્ય કશું કહેવાનું રહેતું નથી. છતાં મધ્યસ્થ સરકારનું આરોગ્યખાતું આજે જે રીતે કાન તથા શાન બંન્નેને કોરાણે મૂકી, આ બાબતમાં વર્તી રહ્યું છે, તે સત્તાશાહી માનસનું પ્રતીક જ ગણી શકાય ને ? લંડનની પ્રાણીત્રાસનિવારણ મંડલીના નામાંકિત સભ્યોએ તથા પ્રસિધ્ધ ડોકટરોએ આને અંગે એક નિવેદન તૈયાર કરીને ભારતની લોકસભાના સભ્યો જોગ પાઠવેલ છે, જેમાં બી૦ સી૦ જી૦ ની રસી મૂકવા સામે સખ્ત વિરોધ પ્રદર્શિત કરેલ છે.

યૂરોપના વૈજ્ઞાનિકોએ બી૦ સી૦ જી૦ ની રસી માટે સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું છે કે, 'આ રસી ક્ષય-રોગને અટકાવી કે મટાડી શકતી નથી.' તો તેના માટે આટ-આટલો દુરાગ્રહ સેવવો, તેમજ ભારતની પ્રજાના લાખ્ખો રૂપીઆનો તે માટે કેવલ ધૂમાડો કરવો અને ભારતના બાળકોની જીંદગીને જોખમમાં મૂકવાનું ગેર-ડહાપણ કરવું તે કલ્યાણરાજ્યના સંચાલકો માટે કોઇ રીતે ઇચ્છનીય નથી.

ભારતની પ્રજાએ, તથા શાણા સામાજિક કાર્યકરોએ, જીવદયા મંડળોએ, સાંસ્કૃતિક સંસ્થાઓએ તેમજ સર્વ કોઈ ભારતીય ધર્મપ્રેમી ભાઈ-બ્હેનોએ, ભારત સરકારના આ બી૦ સી૦ જી૦ ની રસીના કાર્યક્રમની સામે પ્રબલ આંદોલનો ઉઠાવી, તેનો અસહકાર કરી, પોત-પોતાની આજુબાજુના કોઇપણ આ રસી આપતા-લેતા અટકે તેવા પ્રયત્નો કરી, પોતાની ફરજ બજાવવી, આમાં જ દેશની તથા સર્વ કોઇની પ્રતિષ્ઠા છે, અને ભારતનું સાચું શ્રેય છે.

❀

## બાલ-દીક્ષા પ્રતિબંધક વિધાન પરિષદમાં:

છેલ્લા લગભગ બાર મહિનાથી ચર્ચાનો વિષય બની ચૂકેલ, 'બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ' ને અંગે જાણવા મલે છે કે, આ બીલ મુંબઇ રાજ્યની ચાલુ બેઠકમાં તાત્કાલિક મૂકાવાનું હતું, પણ તે બીલને અંગે સરકારે જનતાના અભિપ્રાયો માંગેલા, અને જનમત એટલો વિપુલ સંખ્યામાં આવેલ છે કે, મુંબઇ રાજ્યના ઇતિહાસમાં વિધાન પરિષદમાં અત્યાર સુધી રજૂ થયેલા અનેક બીલોમાંથી કોઇપણ બીલને અંગે આટલા અભિપ્રાયો સરકારી રેકર્ડમાં આવ્યા નથી. તરફેણ કરનારાઓ કરતાં વિરોધમાં કઈગુણા

મતો આવ્યા છે. એટલે આજે બીલના સમર્થકોનો ઉત્સાહ મંદ પડી ગયો છે. માર્ચ મહિનાની આખર સુધીમાં બીલને અંગે આવેલા જનમતોની ગણત્રી થઇ જશે, અને એનો સર્વસંગ્રહ છપાઇને તૈયાર થઈ જવા સંભવ છે.

ત્યાર બાદ રાજ્ય વિધાન સભામાં સંભવિત છે કે ચર્ચા માટે આ બીલ એપ્રીલના પ્રારંભમાં રજૂ થાય છતાં બીલને પાસ થવાના સંયોગો ઓછા છે. આ માટે તેના સમર્થકો બીલને કોઇપણ રીતે પ્રાણવાયુ મળે અને તે જીવી જાય તેને અંગે અનેક પ્રકારના પ્રયત્નો કરી રહ્યા છે.

અમે આજના આ અવસરે ચતુર્વિધ સંઘને સપ્રેમ વિનંતિ કરીએ છીએ કે, જે લોકોને દીક્ષા કે બાલ-દીક્ષા પ્રત્યે પ્રેમ નથી, સાધુસંસ્થા માટે સદ્ભાવ નથી, તે લોકો ગમે તેમ બોલે કે લખે એ વસ્તુ જુદી છે. પણ જ્યારે આપણે જૈનશાસન પ્રત્યેના રાગથી વિચારવા બેસીએ ત્યારે એક વસ્તુ સ્પષ્ટપણે સમજી લેવી જોઈએ કે, જૈનશાસનના કલ્યાણકારી અનુષ્ઠાનો કે મંગલકારી ધર્માચરણો જયવંતા રહેવાનાં છે. એટલે જૈન દીક્ષાનો પરમપવિત્ર માર્ગ કદિ રોકાશે નહિ. છતાં જૈન દીક્ષા કોઇપણ વ્યક્તિને આપતાં પહેલાં આપનાર પૂ. સાધુ મહારાજે કે પૂ. સાધ્વીજી મહારાજે તે વ્યક્તિનો પૂરો પરિચય કરવો. અભ્યાસ, સંસ્કાર, રહેણીકહેણી ઈત્યાદિમાં તેને દરેક રીતે તાલીમ આપીને તૈયાર કરવા માટે કાળજી રાખવી. શાસ્ત્રીય વિધિ, અને આજુ-બાજુના સંયોગોનો પૂરો અભ્યાસ કરવો, સમુદાયના વડિલ, ગીતાર્થ તથા નિષ્ણાત વ્યક્તિઓની સલાહ, સૂચના અને માર્ગદર્શન લેવું, ત્યાર બાદ બની શકે તો સ્વજનોની અનુમતિ મેળવવા શક્ય પ્રયત્નો કરવા, ત્યારબાદજ તે આત્મ-કલ્યાણના અભિલાષી મુમુક્ષુ જીવને શ્રી વીતરાગ ભગવંતના પવિત્ર સંયમનું પ્રદાન કરવું, તે કર્યા બાદ તેના અભ્યાસ માટે, તેમજ તે દીક્ષિતની શારીરિક, માનસિક અને આત્મિક સ્વસ્થતા માટે વાત્સલ્યભાવે ઘટિત સઘળું નિર્મોહભાવે કરવામાં કદિ ઉપેક્ષા ન દાખવવી.

દીક્ષિત આત્માઓનો વૈરાગ્ય સ્થિર રહે, શ્રધ્ધા દૃઢ થાય, સમભાવ, સહિષ્ણુતા, રસનેંદ્રિયનો વિજય, તેમજ મૂલ તથા ઉત્તરગુણોમાં ઉત્તરોત્તર વિકાસ, થાય તે બધું કરવા માટે સુયોગ્ય પ્રયત્નો જાગૃતિપૂર્વક કરવા જોઇએ. તો જ શાસન તથા સમાજની શોભા સાથે સ્વ તથા પરનું કલ્યાણ છે. હંમેશા એ યાદ રાખવું કે, વિધિપૂર્વક નિર્મોહભાવે ધર્માચરણ કરનારને કોઇ નિંદે કે તેના નામે ધર્મનો અવર્ણવાદ બોલે, તેમાં તે ધર્માચરણ આચરનારનો લેશ પણ દોષ નથી પણ જો તે પોતાની મર્યાદા, વિધિ કે શાસ્ત્રીય વ્યવહારને લંઘે, અને તે નિમિત્તે અનેક લોકો ધર્મના અવર્ણવાદ બોલે, તો તે બધાયનો દોષ શાસ્ત્રમર્યાદા મૂકનારના શિરે છે.

આત્મનિરીક્ષણના આજના આ અવસરે સમસ્ત ચતુર્વિધ સંઘને અમે કેવલ જૈનશાસનના અનુરાગથી વિનમ્રભાવે આ સૂચના કરી રહ્યા છીએ.

❀

## ભારત સરકારનું નવું બજેટ:

૧૯૫૬-૫૭નું નવું બજેટ તાજેતરમાં ભારત સરકારના નાણામંત્રી શ્રી દેશમુખે તૈયાર કરીને લોકસભામાં રજૂ કર્યું છે. આજે દેશભરમાં મંદીનો વા વાઇ રહ્યો છે. જનતાની આવક પરિમીત બનતી જાય છે. તે સમયે સ્વતંત્ર ભારતના લોકો આજે આઠ-આઠ વર્ષ થવા છતાં કરભારણથી મુક્તિ મેળવી શકતા નથી, એ હકીકત જરૂર ચિંતાજનક છે. આશ્ચર્ય તો એ છે કે, જે કરો કે ટેકસો ભૂતકાલમાં નંખાયા છે, તે ઓછા થતાં નથી, ઊલટું નવા કરવેરા જનતાનાં માથા પર લદાતા જાય છે. નવા બજેટમાં જે અગત્યના કરવેરા નંખાયા છે, તેની સામાન્ય નોંધ આ પ્રમાણે છે:—

(૧) ધોતી અને સાડી સિવાયના સુતરાઉ કાપડ પરની જકાતમાં ચોરસ વારે અડધા આનાનો કરવેરો વધ્યો છે.

(૨) સ્ટ્રો બોર્ડ રજીસ્ટ્રેશન ફી છ આના હતી, તેને બદલે આઠ આના લેવાશે.

(૩) પોસ્ટલ રજીસ્ટ્રેશન ફી છ આના હતી, તેને બદલે આઠ આના લેવાશે.

(૪) ઓડીનરી તારના બાર આનાના બદલે તેર આના, અને એક્સપ્રેસના રૂા. દોઢને બદલે દોઢ અને બે આના લેવાશે.

(૫) આવકવેરા પરના સુપર ટેક્સમાં થોડો વધારો કરવામાં આવેલ છે.

(૬) ચાની નિકાશને ઉત્તેજન મળે તે માટે રૂા. ૩ થી ૪ સુધીની ચાના દર રતલે આઠ આનાના બદલે છ આના લેવામાં આવશે. આ રીતે કરવેરા પ્રસિદ્ધ થયા છે.

ભારતની જનતા આજે તંગ આવી રહી છે. છતાં જે વધારો સાંભળ્યો હતો, અને લોકોને ભય હતો તે દ્રષ્ટિએ એટલો કરભાર નથી, એ કાંઈક રાહતરૂપ ગણી શકાય. ભારતદેશમાં એવો અવસર ક્યારે આવશે કે, ઓછામાં ઓછા કાયદા અને ઓછામાં ઓછા કરો દ્વારા દેશનું તંત્ર વ્યવસ્થિત, સંગીન તેમજ આબાદ અને ઉન્નત બનવાપૂર્વક ચાલે. અનેક પરોપકારી સાધુ-સંતો તથા ઋષિ-મુનિઓની પવિત્ર તપોભૂમિ ભારતદેશ ફરી પોતાનું એ પૂર્વકાલીન તેજ તથા ગૌરવ પ્રાપ્ત કરો!

❀

## બૌદ્ધધર્મનો મહોત્સવ અને ભારત સરકાર:

તાજેતરમાં સત્તાવાર રીતે ભારત સરકાર દ્વારા એ સમાચારને પ્રસિદ્ધિ મલી રહી છે કે, 'ભારત સરકારે બુદ્ધની ૨૫૦૦ મી જયંતિ ઉજવવાનો નિર્ણય કર્યો છે. તે માટે ૨૫ લાખ રૂપિઆ ખર્ચવાનું પણ નિશ્ચિત થયું છે.' આ સમાચાર જાણીને અમે આશ્ચર્ય તથા આઘાત અનુભવ્યો છે. જે ભારતસરકારના સર્વસત્તાધીશો પોતાનાં રાજ્યતંત્રને બીનસાંપ્રદાયિક કહીને ધર્મની દરેક બાબતોથી દૂર-દૂર રહેવાનો આગ્રહ કરે છે, તે રાજ્યસંચાલકો આજે બૌદ્ધધર્મને આ રીતે અપનાવી લેવા ઉત્સુક બને છે, એ આશ્ચર્યજનક છે.

અલબત્ત અમે બૌદ્ધધર્મના વિરોધ માટે કે તેના પ્રચારને વેગ મલી રહ્યો છે, તે માટે આ નથી કહેતા, પણ ભારત સરકાર આજે કઇ બાજુ વહી રહી છે? તે અમને પ્રશ્ન થાય છે. સ્વતંત્ર ભારતના શ્રેષ્ઠ રાજ્યકર્તાઓએ આજે બુદ્ધિને સમતોલ રાખીને આ હકીકત વિચારવી ઘટે છે. બૌદ્ધધર્મની જે પ્રજાઓ આજે ચીન, જાપાન, જાવા, બર્મા, સુમાત્રા આદિ પ્રદેશોમાં વસી રહી છે. તે પ્રજા હિંસા, દમન, અત્યાચાર, શોષણખોરી આદિ તત્ત્વોથી ભરેલી પડેલી છે, નથી એ દેશો પાસે ભારતનાં ઉજ્જવલ નામને દીપાવે તેવો કાર્યક્રમ. સિવાય જાપાનની પ્રજા પાસે રાષ્ટ્રપ્રેમ, પોતાના પગ ઉપર ઉભા રહેવાનું બલ, તેમજ સભ્યતા અને સંસ્કાર જરૂર છે, પણ એટલા માટે તે દેશની પ્રજાના ધર્મનો મહોત્સવ ભારતસરકાર સત્તાવાર રીતે ઉજવે એ કોઈ રીતે બંધ બેસતું નથી-

સર્વ પ્રથમ આજથી આઠ વર્ષ પૂર્વે ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયા પછી પોતાના રાજ્યચિહ્નમાં બૌદ્ધધર્મના પ્રતીક અશોકચક્રને સ્થાન આપ્યું, તે પણ સેક્યુલર સ્ટેટ તરીકે પોતાને ખપાવવા માંગતાં ભારત દેશના તંત્રવાહકોની પ્રણાલીને અનુરૂપ નજ કહી શકાય. અધૂરામાં પૂરૂં આજે ભારત સરકાર બૌદ્ધની ૨૫૦૦ મી જયંતિ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરીને તડામાર તૈયારીઓ લાખ્ખોના ખર્ચે કરી રહેલ છે. આમાં શું સમજવું? બૌદ્ધધર્મને માનનારી પ્રજાની એશીયાના દેશોમાં બહુમતિ છે, માટે તે દેશોને ખુશ રાખવા આ કરવું પડે છે, એ દલીલ ભારતનાં ગૌરવને કે તેની પ્રતિષ્ઠાને અનુરૂપ નથી. એશીયાના દેશોમાં ઇસ્લામી પ્રજા પણ બહુમતિ ધરાવે છે. તો શું ઈસ્લામધર્મનો ધાર્મિક મહોત્સવ ભારતદેશના તંત્રવાહકો કરે તે ઈષ્ટ ગણી શકાય?

જે ભારતમાં ક્રોડોની સંખ્યામાં હિંદુપ્રજા વસી રહી છે, તે પ્રજાની ગૌવધ બંધ કરાવવાની માંગણીને સાંપ્રદાયિક કહીને નકારનાર વડાપ્રધાન પં. શ્રી જવાહરલાલજી આજે બિનસાંપ્રદાયિક રાજ્યના પુરસ્કર્તા તરીકે બુદ્ધ જયંતિ ઉજવવાનો જે ચીલો પાડી રહ્યા છે, તેમાં ભવિષ્યના અનેક અનિષ્ટોનાં બીજો રહેલાં છે, એમ અમને લાગે છે. માટે અમે માનીએ છીએ કે, હજુ પણ ભારત સરકાર ભાવિ પરિણામનો વિચાર કરી બૌદ્ધ જયંતિની ઉજવણીના આ કાર્યક્રમમાંથી પોતે અળગા રહેવાનું પસંદ કરે, એ વધુ સારૂં છે.

❀

## મ્હેસાણા પાઠશાળાના શુભેચ્છકોનું સંમેલન:

ધર્મનિષ્ઠ સદ્‌ગત શ્રીયુત વેણીચંદ સુરચંદ સંસ્થાપિત શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના શુભેચ્છકોનું એક સંમેલન હમણાં મહેસાણા મુકામે મલ્યું હતું. જેમાં મુંબઈ, અમદાવાદ, પાલીતાણા, ખંભાત, પાટણ ઈત્યાદિ સ્થળોના આમંત્રિત શુભેચ્છકો તેમજ તે સંસ્થાના ભૂતપૂર્વ અભ્યાસકો જુદે-જુદે સ્થલેથી સારી સંખ્યામાં એકત્રિત થયા હતા. મહેસાણા પાઠશાળા દેશભરમાં એક વિશિષ્ટ સંસ્થા છે. સ્વર્ગીય ધર્મશીલ પુણ્યવાન શ્રી વેણીચંદભાઈની શ્રદ્ધા, તેમનો ધર્મશિક્ષણ પ્રત્યેનો અથાગ અનુરાગ, તેના પ્રચાર માટેનો તેમનો અપ્રતીમ પુરુષાર્થ આ ત્રણેયનો સુભગ સંગમ એટલે મહેસાણાની આ સંસ્થા કહી શકાય.

આજે વર્ષોથી ધાર્મિકશિક્ષણનાં ક્ષેત્રમાં ઉત્તમ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર અને શ્રદ્ધેય સ્થાન સમાજમાં મેળવનાર આ સંસ્થા હમણાં લગભગ છેલ્લા ૧૦ વર્ષથી મંદ-મંદ ગતિએ કાર્ય કરતી હતી. જે તેના શુભેચ્છકોને મન ગંભીર ચિંતાનો વિષય બનેલ હતો. છેલ્લા વર્ષોમાં સંસ્થાના હિતચિંતકોએ સંસ્થાની પ્રગતિ માટે ઘણાયે પ્રયત્નો કર્યા, પણ ગમે તે કારણે આશાસ્પદ પરિણામ આવ્યું નહિ. છેલ્લે આ મહિનાની વદિ ૭ તથા વદિ ૮ તા. ૩-૩-૫૬ અને ૪-૩-૫૬ ના દિવસોમાં શુભેચ્છકોનું સંમેલન યોજાયું.

આ સંમેલનમાં સંસ્થાના ભાવિ અંગે અનેક પ્રશ્નોની વિચારણા થઈ, અને કેટલાક ઉપયોગી નિર્ણયો લેવાયા. સંમેલનમાં ઉત્સાહ તથા સંસ્થાના ઉજ્વળ ભાવિ માટેની લાગણી દરેકે દરેક શુભેચ્છકોના મુખ પર વર્તાઈ રહી હતી. સંસ્થાદ્વારા ભારતભરમાં ધાર્મિક શિક્ષણનો વધુ ફેલાવો કરવા માટે, સંસ્થાના વિશેષ તથા સંગીન વિકાસ માટે, તેમજ સંસ્થાની આર્થિક પરિસ્થિતિમાં સધ્ધરતા માટે, સમાજમાં ધાર્મિકશિક્ષણ તથા તત્ત્વજ્ઞાનનો વિશેષ પ્રચાર થાય તે માટે, તેમજ સંસ્થાદ્વારા પંડિતો, ધર્મપ્રચારકો, અને શ્રધ્ધાશીલ ગૃહપતિઓ, શિક્ષકો સમાજમાં તૈયાર થાય તે માટે ધર્મનિષ્ઠ હિતચિંતકોના આ સંમેલનમાં મહત્ત્વના નિર્ણયો લેવાયા છે, અને સંસ્થાનો હીરક મહોત્સવ ઉજવવાનો પણ નિર્ણય થયો હતો, અને તે મુજબ સક્રિય કાર્ય કરવાનો શુભ પ્રારંભ પણ થઈ ગયો હતો.

આપણે આશા રાખીએ છીએ કે, સદ્‌ગત ધર્માનુરાગી પુણ્યપ્રભાવક શ્રીયુત વેણીચંદભાઈએ પોતાના પુરુષાર્થદ્વારા સીંચીને નવપલ્લવિત કરેલું પાઠશાળારૂપ ઘટાદાર વૃક્ષ ફરી વિકાસ પામી સમાજને તેનાં મીઠાં અને કલ્યાણકર ફળો આપનારૂં બનો !

—૬-૩-૫૬

સુંદર લેખ સામગ્રીથી ભરપૂર કલ્યાણ તેરમા વર્ષમાં પ્રવેશી સર્વ રીતે ઉજ્વળ બને એ જ શુભેચ્છા.

મુંબઈ ૨૭-૨-૫૬

**શ્રી રજનીકાંત એમ. દોશી**

| | |
|---|---|
| [ તપાવલિ ૧૬૨ તપોની વિધિ ] | ૧-૮-૦ |
| પંચ પ્રતિક્રમણ વિધિ સહિત | ૧-૧૦-૦ |
| બે પ્રતિક્રમણ વિધિ સહિત | ૦-૧૨-૦ |
| જિનેંદ્ર સ્તવનાવલિ | ૧-૨-૦ |
| પ્રાચીન સ્તવનાદિ | ૧-૦-૦ |

**સોમચંદ ડી. શાહ — પાલીતાણા**

**ભેટ મળશે**

**ચૈત્યવંદન ચતુર્વિંશતિકા** જેમાં પૂ. બપ્પભટ્ટસૂરિજી, પંડિત મેરૂવિજયજી તથા પૂ. ઉપા-યશોવિજયજી રચિત સંસ્કૃતમાં ચૈત્યવંદનનો તથા ચોવીસ ભગવાનની સ્તુતિઓ છે. જરૂર હોય તેઓએ ત્રણ આનાની ટીકીટ નીચેના સ્થળે બીડવી.

**સેવંતિલાલ વી. જૈન**
C/o. શ્રી ગોકળદાસ વીરચંદ
ઝવેરીબજાર, સુરતગલી, મુંબઈ-૨

# લોભનું દારૂણ પરિણામ

પૂ૦ મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ.

લોભ સર્વ દોષોની ખાણ, સઘળા ગુણોનો ગ્રાસ કરી જનાર રાક્ષસ, દુઃખ વેલડીનું કંદ અને સર્વાર્થનો બાધક છે.

આજે જગતમાં જ્યાં દૃષ્ટિપાત કરીએ ત્યાં લોભ સ્વાર્થવૃત્તિ આંખે ચડે છે. લોભરૂપી અગ્નિ પ્રાણીઓના અંતઃકરણને ભસ્મીભૂત કરી લોહી માંસ સુકાવી નાખી દેહને કેવળ હાડપિંજર બનાવી મૂકે છે. તો પણ લોભી લોભનો ત્યાગ કરી શકતો નથી. કાષ્ઠને પામી જેમ અગ્નિ ભભૂકી ઉઠે છે, તેમ લાભ વડે લોભાનળ વધતો જ જાય છે. વધતા વધતા તે એટલો બધો વધી જાય છે કે, વિદ્યા-આગમ-તપ જપ, શમ અને સંયમાદિ તમામ ગુણોનો નાશ કરી જગત્પૂજ્યને પણ અપૂજ્ય બનાવે છે. લોભના જોરે સ્વકર્તવ્ય વિસરી જઇ દુનિયાના દાસ બને છે.

' लोभमूलानि पापानि ' શાસ્ત્રકારો લોભને સઘળા પાપોનું કારણ કહે છે. એમ કહેવામાં કારણ એ છે કે, લોભમાંથી પાપવૃત્તિ અસ્તિત્વમાં આવી વૃદ્ધિગત બને છે, લોભવૃત્તિએ અનેક અનર્થો આ જગતમાં જન્માવ્યા છે, અનીતિ, અપ્રમાણિકતા છેતરપીંડી વગેરે માટે તો કહેવું જ શું ? ભાઇ-ભાઈ વચ્ચે વિખવાદ જગાડનાર, સગાસ્નેહીઓ વચ્ચે કલેશ કરાવનાર, પાડોશીઓ અને નગરજનો વચ્ચે અણબનાવ કરાવનાર અને દેશો વચ્ચે યુદ્ધ જગાડનાર એક પાપી લોભવૃત્તિ જ છે.

લોભ કરવાથી જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ નિશ્ચળ લક્ષ્મીનો નાશ થાય છે. ચંચળ અને વિનશ્વર લક્ષ્મી કદાચ પ્રાપ્ત થાય, તો પણ રહેનાર નથી. કાંતો લક્ષ્મી ચાલતી થશે કે લોભી પોતે જ પરલોકનો માર્ગ પકડશે. તેટલા માટે તૃષ્ણા મહાદેવીનો સંગ સ્વપ્ને પણ કરવા જેવો નથી. તેના સંગથી અનંતા જીવો નષ્ટભ્રષ્ટ થઇ દુર્દશા ભોગવી દુર્ગતિ પામ્યા છે. તેમ આ લોકમાં પણ ભયંકર યાતનાઓનું ભાજન બને છે. રાજગૃહીના મમ્મણશેઠની પાસે અગણિત દ્રવ્ય હતું, છતાં પૂર્વભવના લોભથી તેને તેલ અને ચોળા જ ખાવા પડયા. પૂર્વભવે તે વણિક પુત્ર હતો. લાડુનું દાન કરવાથી તેને દ્રવ્ય મળ્યું ઘણું, પણ મુનિને વાપરવામાં અંતરાય કરવાથી પોતે કંઇ ભોગવી શકતો ન હતો. મહાકષ્ટો ઉઠાવી દુઃખી બની નરકનાં સ્થાનનો પરોણો બની ગયો.

દુનિયામાં 'લોભને થોભ નથી' તે કહેવત અનુસાર જુગજુના જમાનામાં એક અતિશય લોભી શ્રીમંત શેઠ હતા. નિંદ્ય પાપો અને કુકર્મો કરી સોનું, ઝવેરાત, રૂપીઆ વગેરે ઘણું ધન તેણે એકઠું કર્યું હતું, પણ તેમને " ચમડી તૂટે પણ દમડી ન છુટે.' પણ અત્યંત લોભના કારણે શેઠે સીત્તેર વર્ષની ઉંમરે પણ વધુ લક્ષ્મી સંપાદન કરવા વેપાર માટે પરદેશ ખેડવા ઇચ્છા કરી. પોતાનો વેપાર કદાચ કોઇ બીજો જાણી જાય, અને તેથી કદાચ વેપાર પોતાનો તૂટી જાય, એવા ભયે શેઠ, " પોતે રસ્તાના જાણકાર છે, માટે સાથે કોઇને લેવાની પણ જરૂર નથી. " એમ વિચારી એકલા જ નીકળી પડયા, જંગલનો ઘનઘોર રસ્તો, ઉનાળાનો દિવસ ને બેસુમાર ગરમી હોવાથી સાથે એક મોટો પાણીથી ભરેલો ઘડો પણ લઇ લીધો હતો, તથા વેપાર માટે કિંમતી રત્નો પણ

સાથે તે શેઠે લીધાં જ હતાં.

સવારના નવ–દશ વાગ્યાનો સમય હતો. હજુ થોડું જ જંગલ વટાવ્યું હતું, પણ અસહ્ય ગરમી લાગવા માંડી. ઉપર–નીચે અસહ્ય તાપ લાગવા માંડયો. શેઠે તૃષા લાગવાથી થોડું થોડું પાણી પીવા માંડયું. થોડું થોડું પાણી પીતાં પીતાં તો બાર વાગ્યામાં પાણી સાવ ખલાસ થઈ ગયું. તેથી શેઠ તો ઘણાં જ આકુલ–વ્યાકુલ થવા લાગ્યા. પાણી માટે ચોતરફ ફાંફા મારે છે, પણ કોઈ સ્થળે પત્તો લાગ્યો નહિં. કંઠે પ્રાણ આવવા લાગ્યા. શેઠે વિચાર્યું કે, થોડા જ વખતમાં હવે મારા પ્રાણ ઉડી જશે. મારી અનેક ભયંકર પાપોથી એકત્રિત કરેલી લક્ષ્મી બીજા ભોગવશે, જ્યારે પાપ તો મારે જ ભોગવવું પડશે. હવે શું થાય ? શું કરૂં ? ક્યાં જાઉં ? એટલામાં જ શેઠજીના પ્રાણ ઉડી ગયા. શબ તો ત્યાંને ત્યાં જ પડયું. ત્રણ ત્રણ દિવસથી માંસ ખાવા મલ્યું નહોતું, એવો એક શિયાળ ત્યાં આવી પહોંચ્યો. તે ભૂખ્યો હતો, તેથી માનવનું શબ જોઈ ખુશ થઈ ખાવા માટે તૈયાર થઈ ગયો. એટલામાં તે શેઠજીના ગામનો એક બ્રાહ્મણ ત્યાં થઇને પસાર થાય છે. શબને જોઇને તેણે ઓળખી લીધું કે, 'આ તો મારા ગામના શેઠ, કંજુસના કાકા, પાપીઓના તો સરદાર !' શિયાળ શેઠના માંસને ખાય છે, તેને ઉદ્દેશીને બ્રાહ્મણ કહે છેઃ—

हस्तौ दानविवर्जितौ श्रुतिपुटौ, सारश्रुतिद्रोहिणौ,
नेत्रे साधुविलोकनेन रहिते, पादौ न तीर्थं गतौ ।
अन्यायार्जितवित्तपूर्णमुदरं, गर्वेण तुंगं शिरो,
रे रे जम्बुक! मुञ्च मुञ्च सहसा, नीचस्य निन्द्यं वपुः ॥

"હે શિયાળ ! તું આ શબને છોડી દે, છોડી દે." આ નીચ માણસનું શબ છે. તારા



માટે ખાવાલાયક નથી. બ્રાહ્મણ કહે છેઃ એના હાથે ય સારા નથી. એ શેઠ માત્ર દાન લેવાનું જ શિખ્યો હતો, પણ આપવાનું નહિ. તેણે પોતાના હાથે કદી દાન આપ્યું નથી. બીજાનું કોઈ દી' ભલું કર્યું નથી. બીજાનું ઉઠાવવામાં ને તફડાવવામાં જ એ સમજતો. રાંડીરાંડો, ગરીબો અને પશુઓને રંજાડવામાં ને મારવા પીટવામાં જ એણે પોતાના હાથનો ઉપયોગ કર્યો છે. પરદ્રોહના પાપે એના હાથ લોહીઆળ બન્યા છે. માટે તું તેને ખાઈશ મા. એ નાપાક હાથ ખાઇશ તો તું પણ નાપાક બની જઇશ. એના કાન પણ સારા નથી. એણે તો પોતાના કાનથી સદુપદેશનું શ્રવણ કદિ કર્યું નથી. દુનિયાની ગંદી, ભૂંડી કે ખટપટી વાતો, નાટક–સિનેમાના ગાયનો, વેશ્યાદિના ગાયનો, અને એમના નાચોનો થનથનાટ સાંભળવામાં એના કાને ઘણો જ રસ લીધો છે. એણે પોતાની આંખોથી પવિત્ર, સદ્ગુણી, ત્યાગી, સાધુ–સંતો, તપસ્વીઓ કે પરમાત્માની મૂર્તિ આદિનાં દર્શન પણ કદિ કર્યાં નથી. એની આંખોમાં હંમેશા કામવિકાર ભરેલો રહેતો. પરસ્ત્રી પર કુદૃષ્ટિ કર્યા કરતો. ગુસ્સો પણ એની આંખમાં વાતવાતમાં સળગી ઉઠતો. જેને–તેને એ આંખો કાઢીને ડરાવતો. રાતી આંખો કરી બીવરાવતો. અને બીજા ઉપર રૂઆબ જમાવવા તે કોશિષ કરતો હતો.'

'આધ્યાત્મિક પવિત્રતાથી ઉજ્વળ અને જ્યાં જવાથી સંસારસમુદ્રથી તરાય એવા તીર્થોમાં તેનો પગ કદિ પડયો નથી. એવા તીર્થોનું સુપવિત્ર વાતાવરણ કે સત્સમાગમ પરમાત્મા પ્રત્યે ભક્તિ જગાડવામાં કે કલ્યાણની ભાવના ખીલવવામાં પ્રેરક અને ઉપકારક થાય છે. પણ તીર્થયાત્રા માટે કદિ ભાવનાશીલ પણ બન્યો

ન હતો. ગામમાં પણ કદિ પરમાત્માના મંદિર વગેરેમાં પ્રવેશ કરતો નહિ. ત્યાં જવાનું કોઈ કહે તો કહેતો કે, પગ બહુ તૂટે છે, શક્તિ ઘટી છે. કામે જતાં રસ્તામાં મંદિર આવે, તો પણ બે ડગલા ચાલી અંદર જવું ગમતું નહિ. પૈસા ભેગા કરવા તે જ્યાં ત્યાં ઘૂમતો, વિલાસ માટે નાટક-ચેટક કે વેશ્યાવાડે પણ જતો. પરંતુ પરોપકારના કાર્ય માટે એણે પગ ચલાવ્યા નથી. માટે તેના પગ પાપી છે. તેથી તું પગને પણ ન ખા.'

'એના પેટનું તો પૂછવું જ શું ? એના પેટમાં કેવલ અન્યાયનું જ અનાજ પડયું છે. ધનસંગ્રહ પાછળ તેણે ન્યાયનું ખૂન કરવામાં જરાયે આંચકો ખાધો નથી. વ્યાજવટાવ, આડત આદિના ધંધામાં ગરીબ, રાંક, દીન-દુઃખીઆની ગરદનને નિર્દયપણે રહેંસી નાંખી છે. આમ પાપાચરણદ્વારા નાપાક લક્ષ્મીનો હળાહળ રસ પીને એણે પોતાના ઉદરને પણ નાપાક બનાવ્યું છે.

એનું માથું પણ સારૂં નથી. ઉન્માદથી અભિમાનથી ઉચ્ચ અને અક્કડ રહેતું એનું મસ્તક કોઈની આગળ નમ્યું નથી. ગર્વભરી ડંફાસો મારતો, પરમાત્માના મંદિરમાં કે પવિત્ર સદ્ગુણી મહાત્માઓની સામે પણ ન નમતાં તે અક્કડ જ રહેતો. એના શરીરનો એક પણ ભાગ ખાવા લાયક જ નથી' વિવેક કમ હતો, છતાં જાણે સમજ્યું હોય તે રીતે શિયાળ ગૃહસ્થી એવા એ બ્રાહ્મણની શિખામણને માન્ય કરી, 'તથાસ્તુ' કરી શબને અડયા વગર તે રસ્તે પડયું.

સંસારભરના સર્વ પ્રાણીઓને સુખ ગમે છે, અને દુઃખ ગમતું નથી. એ પોતાના અને બીજાના અનુભવથી સર્વ સમજી શકે છે. સુખને જ માટે વિચારતા, દોડતા અને પરિશ્રમ ઉઠાવતા પણ વાસ્તવિક દુઃખ માટેની જ મહેનત કરનારા એ અજ્ઞાન પ્રાણીઓને આધિ-વ્યાધિ ને ઉપાધિરૂપ ત્રિવિધ તાપને ટાળવા માટે "વિવેક" નિર્મલ શીતલ પાણી સમાન છે. તે ખરેખર સાચી શીતલતા અર્પે છે.

સાર એ લેવાનો છે કે, લક્ષ્મીથી કંઈ સારૂં ફળ ન આવતું હોવાથી વિચક્ષણોએ તેને અસાર કહી છે. માટે તેનો અતિલોભ તો ત્યાજ્યજ છે. સાધનસંપન્ન માનવે ઉદારતા પ્રકટાવી પ્રાપ્ત લક્ષ્મીનો સદુપયોગ કરવો જોઇએ. **વિષયવિલાસ માટેનો વ્યય નહિ, પણ સન્માર્ગે-ધર્મમાર્ગે કરેલો વ્યય એજ લક્ષ્મીનો સદુપયોગ અને તેનું વશીકરણ છે. 'ઉદારતા અને સંતોષ' એ બે દૈવી ગુણો દ્વારા લોભ ઉપર વિજય-પતાકા ફરકાવી શકાય છે.** માટે કલ્યાણકામી આત્માએ એ બે ગુણો અવશ્ય વિકસાવવા યોગ્ય છે. દુષ્ટ કાળ કરાળ પિશાચની દૃષ્ટિ જ્યાં જરા વાંકી થઈ ત્યાં ગમે તેવાનું પણ કંઈ ચાલતું નથી. આપણે શરીરના અંગોપાંગોના અને લક્ષ્મીના સદુપયોગનો પૂરો ખ્યાલ રાખવો જોઇએ. કુકર્મ કરવા માટે આ શરીર નથી, પણ સત્કર્મ કરવા માટે આ માનવ-શરીર છે. તો ઉપયોગી દુર્લભ અને કિંમતી એવા આ મળેલા માનવદેહનો દુરૂપયોગ ન થવા પામે તે માટે જ્ઞાનીની આજ્ઞા મુજબજ જીવન ઘડવાનું સુજ્ઞ પુરૂષે પસંદ કરવું જોઇએ.

# સર્જન અને સમાલોચના:

શ્રી અભ્યાસી.

ગત વર્ષના ૧૦–૧૧ અંકમાં જે પ્રકાશનોની સંક્ષિપ્ત નોંધ મૂકી હતી, તેની સમાલોચના અહિં રજૂ થાય છે.

**જિનેંદ્રભક્તિ કર્ણિકા :** સંપા૦ મુનિરાજ શ્રી સુદર્શનવિજયજી મહારાજ, ક્રાઉન ૧૬ પેજી ૧૩૬ પેજના આ પુસ્તકમાં પ્રાચીન સ્તવનો, સ્તુતિઓ તથા સજ્ઝાયોનો સુંદર સંગ્રહ પ્રસિદ્ધ થયો છે. જેકેટ અને બાઈન્ડીંગ સારૂં છે. સ્તવન–સજ્ઝાય તથા સ્તુતિઓના અભ્યાસી આત્માઓને ઉપયોગી છે. મૂલ્ય ૧ાા રૂપીઆમાં આ પુસ્તક જીવનસિંહ મહેતા ઉદયપુરના સીરનામે મળી શકશે.

**પ્રારંભિક પાઠ્યક્રમ :** (હિંદી અનુવાદ) પ્રકા૦ નવજીવન ગ્રંથમાલા, ગારીયાધાર (સૌરાષ્ટ્ર) મૂલ્ય ૧–૮–૦, પુના–જૈનતત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના પાઠ્યક્રમનું આ પ્રકાશન, ક્રાઉન ૧૬ પેજી ૧૬×૧૦ પેજનું સુંદર, સ્વચ્છ છાપકામથી સમૃદ્ધ છે. કાગળો પણ સારા છે. પાઠ્યક્રમને અનુરૂપ સૂત્રો, ભાવાર્થ, સૂત્રાર્થ, અન્વયાર્થ, પરિમલ ઈત્યાદિ વિષયોનું સુયોગ્ય સંયોજન અહિં કરવામાં આવ્યું છે. મહાવીરચરિત્ર તથા દેવપાલચરિત્ર અને પ્રશ્નોત્તરી પણ સંકલિત કરેલ છે, પ્રકાશન સુંદર છે.

**પ્રારંભિક પાઠ્યક્રમ :** પ્રકાશક ઉપર મુજબ, મૂલ્ય ૧–૮–૦ ક્રાઉન ૧૬ પેજી ૨૦૬×૮ પેજનાં આ પ્રકાશનમાં પાઠ્યક્રમનો મરાઠી અનુવાદ પ્રસિદ્ધ થયેલ છે. કાગળો તથા છાપકામ સુંદર અને સ્વચ્છ છે.

**કર્મમીમાંસા :** લેખક શિક્ષક ખૂબચંદ કેશવલાલ, પ્રકાશક. બી૦ પી૦ સીંઘી, પાર્શ્વ જૈન પાઠશાળા, શીરોહી (રાજસ્થાન). મૂલ્ય ૦–૧૨–૦ જૈનદર્શનના કર્મવાદના વિષયને વિશદ રીતે બાલભોગ્ય શૈલીમાં લેખકે અહિં રજૂ કરેલ છે. લેખક સ્વયં શિક્ષક હોવાથી તે વિષયને યોગ્ય ન્યાય આપ્યો છે. જૈનદર્શનના કર્મવાદને જાણવા માટે આ પુસ્તક પ્રત્યેક જૈને વસાવવા જેવું છે.

**મહેંદ્ર જૈન પંચાંગ :** વિ. સં. ૨૦૧૨. કર્તા૦ પંન્યાસજી મહારાજ શ્રી વિકાસવિજયજી ગણિવર, પ્રકા૦ અમૃતલાલ કેવળદાસ મહેતા. અમદાવાદ. મૂલ્ય ૮ આના.

મહેંદ્ર પંચાંગમાં દર્શાવાતા ગ્રહચાર આદિ સ્પષ્ટપણે આકાશમાં પ્રત્યક્ષ જોઇ શકાય છે. અને તે પણ યથાર્થ રીતે હોય છે. આજે જન્મભૂમિ કે સંદેશના પ્રત્યક્ષ પંચાંગો જે આકાશદર્શન સ્પષ્ટ અને યથાર્થ રજૂ કરે છે, તેના પહેલાં કેટલાંયે વર્ષો અગાઉ એટલે આજથી ૨૧ વર્ષ પહેલાં પૂ૦ મહેંદ્રસૂરિજીના યંત્રરાજ ગ્રંથના આધારે પંન્યાસજી મહારાજશ્રીએ 'મહેંદ્ર પંચાંગ' તૈયાર કર્યું, તે માટે જૈન સમાજ ગૌરવ લે છે. આજે આપણા સમાજમાં વર્ષોથી પર્વારાધના માટે 'ચંડાંશુચંડૂ પંચાંગ' માન્ય થયેલ છે. જો કે તેનું બધું ગણિત સ્થુલ છે. આકાશમાં પ્રત્યક્ષ જણાતા ગ્રહચારને તે સંવાદી નથી, પણ જ્યાં સુધી સર્વે મલીને તેમાં ફેરફાર ન કરે ત્યાં સુધી પર્વારાધના માટે તો તેને માન્ય સ્વીકારવું જ પડે. છતાં દીક્ષા, પ્રતિષ્ઠા, ઉપધાન, માલારોપણ આદિ શુભકાર્યોમાં 'મહેંદ્ર પંચાંગ'ને જ માન્ય રાખવું જોઇએ, એમ અમારૂં પ્રામાણિક મંતવ્ય છે. અમે આકાશમાં સ્પષ્ટ રીતે ગ્રહચાર જોયા છે, અને તે મહેંદ્ર પંચાંગ પ્રમાણે જ બરાબર ગ્રહદર્શન થયેલ છે. દ્રષ્ટાંત તરીકે માગશર શુદિ ત્રીજના ગુરૂવક્રી મહેંદ્રમાં છે, તે જ પ્રમાણે ગુરૂ, મઘાને

લંઘીને અશ્લેષા બાજુ જવાની શરૂઆત તે દિવસે કરતો અમે જોયો છે. પોષ શુદિ ૧ નું ચંદ્ર-દર્શન લખેલું છે, તે દિવસે બરાબર સાંજના સમયે પશ્ચિમક્ષિતિજમાં અમે ચંદ્રને પોષ શુદિ ૧ ના જોયો હતો. એટલે પ્રત્યક્ષ દર્શનથી પંચાંગમાં જણાવેલ ગ્રહ, નક્ષત્ર આદિના ચાર બરોબર મળતા છે.

**સૌરભ :** લે૦ પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્ર-પ્રભસાગરજી મહારાજ, પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. મૂલ્ય ૧-૮-૦. ક્રાઉન ૧૬ પેજી ૧૨૮×૧૨ પેજનું આ પુસ્તક બાહ્ય અને આભ્યંતર બન્ને દૃષ્ટિએ સૌંદર્યશાળી છે. શબ્દોનું અદ્‌ભૂત પ્રભુત્વ, ભાષાની મધુરતા અને ભાવની અનુપમ વિશદતા આ પુસ્તકમાં પાને–પાને ઝળકે છે. પુસ્તકમાં પ્રસિધ્ધ થયેલી ચિંતનની ચિનગારીઓ આત્માના ઉંડા અંધકારને ટાળવા માટે ખૂબ જ સમર્થ છે. ઉંચા ફ્રેરીન કાગળો, પાને–પાને પ્રસંગાનુરૂપ ચિત્રો, અનેક કલરોમાં આલેખાયેલું મનોરમ્ય જેકેટ, ગૂજ-રાતના સમર્થ શબ્દશિલ્પી અને પ્રસિદ્ધ નવલ-કથાકાર શ્રી ધૂમકેતુનો તેમજ ગૂજરાતના સિદ્ધ-હસ્ત કલાકાર રવિશંકર રાવળનો પ્રવેશક પુસ્ત-કની શોભામાં અનેરો વધારો કરે છે. 'સૌરભ'ની મઘમઘતી ચિંતનાત્મક પદ્યમય ગદ્યકૃતિઓ જીવનને ઉન્નત, ઉજ્વળ અને ઉર્ધ્વગામી બના-વવા સમર્થ છે.

**બિંદુમાં સિંધુ :** લે. ઉપર પ્રમાણે, પ્ર૦ ઉપર પ્રમાણે. મૂલ્ય : આઠ આના ક્રા. ૧૬ પેજી ૭૬+૪ પેજની આ પુસ્તિકામાં અનેક શ્રેષ્ઠ જીવનપ્રસંગો ગૂંથી લેવામાં આવ્યા છે. જે જીવનપ્રસંગો ત્યાગ, વિવેક, નમ્રતા, સૌજન્ય, સંતોષ, ઇત્યાદિ સુંદર તત્ત્વોનું ઉદ્‌બોધન કરે છે. લેખક મુનિશ્રી, ભાષાનું માધુર્ય અને શબ્દોનું સ્વામિત્વ અદ્‌ભૂત ધરાવે છે. એકે એક પ્રસંગ પ્રેરક અને બોધક છે. પૃ. ૬ ઉપર 'પાંચસો વિજયધ્વજ' વાળો પ્રસંગ કિંવદંતી છે, અને તે કેવળ પૂ. આનંદઘનજી મહારાજના મહિમાને વ્યકત કરવાની ધૂનમાં પૂ ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી જેવા સમર્થ શાસનપ્રભાવક દિગ્ગજ વિદ્વાન તથા રગેરગમાં જેને ધર્મ પરિ-ણમ્યો છે, તેવા પરમવિવેકી મહાપુરૂષનાં વ્યક્તિત્વને કાંઈક અન્યાય કરનારો છે. આ પ્રસંગ અહિં જે રીતે મૂકાયો છે, તે ન મૂકાયો હોત તો ઠીક રહેત, એમ અમને લાગે છે. એકંદરે સુંદર છપાઈ, અનેકરંગી જેકેટ ઈત્યાદિથી આ પુસ્તક બન્ને રીતે આકર્ષક બન્યું છે.

**જૈનધર્મની પ્રાણીકથાઓ :** લે૦ શ્રી જયભિકખૂ. પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ. મૂલ્ય ૧–૪–૦

ભાઈ શ્રી જયભિકખૂએ આ પુસ્તકમાં જૈન કથાસાહિત્યમાં તિર્યંચપ્રાણીઓના જે જે પ્રસંગો આવ્યા છે, તેને પોતાની વિશિષ્ટ શૈલીમાં બાલભોગ્ય ભાષામાં ગૂંથીને રજૂ કર્યા છે. ક્રા૦ ૧૬ પેજી ૧૧૬ પેજના પોથી આકારના આ પુસ્તકમાં ૧૪ પ્રાણી કથાઓ આલેખાયેલી છે. પ્રસંગાનુરૂપ ચિત્રો પણ મૂકવામાં આવ્યા છે. જે જે જૈન ગ્રંથોમાંથી આ કથાઓ સંગૃહીત કરવામાં આવી છે, તે તે ગ્રંથોનાં નામનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. જૈન સાહિત્યમાં અનેક વિષયો પડયા છે, તેને વર્તમાન શૈલી પ્રમાણે શ્રધ્ધાવાન લેખક પોતની શક્તિ ફ્રેરવીને જો જગત સમક્ષ રજૂ કરે તો ખરેખર આજના સંસાર પર અદ્વિતીય ઉપકાર થાય, અને સાથે જૈન સાહિત્યની અનુપમ સેવા પણ થાય ! ભાઈ શ્રી જયભિકખૂ પાસે શક્તિ છે, કોઈપણ પ્રસંગને અનુરૂપ વર્ણન કરવા માટેની નૈસર્ગિક શૈલી

છે, છતાં લેખક માટે અમને એક વસ્તુનું દુઃખ છે કે, તેઓ જૈનશાસન પ્રત્યે અનુરાગ ધરાવતા નથી. જે લેખક હાથી, ઘોડો, મૃગ, નાગ, અને દેડકા જેવા પ્રાણીમાં પૂર્વ જન્મના સંસ્કાર માનીને અહિં આલેખન કરે છે, તે લેખક ૮થી૧૮ વર્ષના બાલકને સાચું જ્ઞાન, સમજણ કે સંસ્કાર માનવાની આજે વીસમીસદીમાં ના પાડે છે, અને બાલ-દીક્ષાના વિરોધમાં તેમજ વર્તમાન સાધુ સંસ્થાની સામેના પ્રચારમાં ભાગલે છે, તે અમને કઠે છે. આવા લેખકો તો અન્ય કોઈપણ પ્રવૃત્તિઓમાંથી નિર્વૃત્ત બની કેવલ સાહિત્યસાધનના કાર્યમાં એકાગ્રમને કાર્ય-રત રહે, અને જૈન સિદ્ધાંતો પ્રત્યે શ્રધ્ધાશીલ બને તો તેઓ પોતાની લેખનકળા દ્વારા ખૂબજ અનુપમ કાર્ય કરી શકશે, અને સમાજમાં તેમના માટે સર્વત્ર આદરભાવ રહેશે. જે ભાવિ માટે પણ ઉપકારક બનવાનો સંભવ છે. આ કેવલ લેખકની શૈલી પ્રત્યેના અનુરાગથી કહેવા દિલ લલચાય છે. પુસ્તક સુંદર બન્યું છે. સર્વ કોઈને બોધક અને મનનીય છે.

**હિંદુધર્મની પ્રાણીકથાઓ** : લે૦ તથા પ્ર૦ ઉપર મુજબ. મૂલ્ય ૧-૪. હિંદુધર્મના ગ્રંથો ઉપરથી પ્રાણીઓની કથાઓ સંકલિત કરીને લેખકે પોતાની શૈલીમાં સુંદર રીતે રજૂ કરેલ છે. જેમાં પરોપકાર, દયા, સજ્જનતા, ઈત્યાદિ તત્ત્વોનું ઉદ્‌બોધન છે. પ્રસંગાનુરૂપ અનેક ચિત્રો પણ આપવામાં આવ્યા છે. પુસ્તકનો વિષય બોધપ્રદ છે. ક્રા૦ ૧૬ પેજી ૯૨ પેજનું પોથી આકારનું આ પુસ્તક સુવાચ્ય છે.

**બૌદ્ધધર્મની પ્રાણીકથાઓ** : લે૦ તથા પ્રકા૦ ઉપર મુજબ. મૂલ્ય ૧-૪-૦. બૌધ્ધધર્મ ગ્રંથોમાં આવતા પ્રાણીજીવનને લગતા કથાપ્રસંગોને બોધક શૈલીએ સર્વકોઈને ગ્રાહ્ય બને તે ઢબે અહિં આલેખ્યાં છે. લેખકની શોધક દૃષ્ટિનો આ ત્રણેય ગ્રંથોમાં ઉત્તમ પરિ-ચય આપણને થાય છે. પોથી આકારે ક્રાઉન ૧૬ પેજી ૧૦૬ પેજના આ પુસ્તકમાં પ્રસંગને અનુરૂપ ચિત્રો પણ છે. એકંદરે લેખક શ્રી જયભિક્ખૂના આ ત્રણેય પુસ્તકો આદરપાત્ર બને તેવાં છે. સર્વોદયવાદના આજના યુગને વાસ્તવિક સર્વોદયવાદનો જીવનસિધ્ધાંત આ પ્રાણીકથાઓ દ્વારા મળી રહે છે.

બાકીનાં પ્રકાશનોની સમાલોચના હવે પછી.

*

## સાભાર સ્વીકાર :

નીચેનાં પ્રકાશનો અમને સમાલોચનાર્થે મલ્યાં છે, જેનો અમે સાભારસ્વીકાર કરીએ છીએ.

(૧) વિવિધ પુષ્પવાટિકા ભા. ૨ (૨) વાર્તા-વિહાર, (૩) ગંગાપ્રવાહ, (૪) મચ્છકુમાર, (૫) રત્નપાલ નૃપચરિત્ર (૬) આર્હત ધર્મપ્રકાશ મરાઠી, (૭) અંતરનાં અજવાળાં, પદ્ય કથાકાવ્યો, (૮) અગાશીતીર્થ સ્તવનમાલા, (૯) પ્રીતની રીત, (૧૦) અંતરાયકર્મકી પૂજા સાર્થ, (૧૧) સુખનો સિંધુ, (૧૨) સચિત્ર સાર્થ સામાયિક-ચૈત્યવંદન, (૧૩) નવપદ આરાધન વિધિ, (૧૪) સારવસ્તુ સંગ્રહ, (૧૫) જિનેંદ્ર ગીતાંજલિ, (૧૬) માંગ-લિક સંગ્રહ, (૧૭) કલાધર ટેકનિકલ માસિક, (૧૮) મુંબઈ જીવદયા મંડળીનો ૧૯૫૨ નો રીપોર્ટ, (૧૯) મહાત્મા શ્રી મત્સ્યોદર. (૨૦) 'જન કલ્યાણ' માસિક સત્ય ઘટના અંક. સચિત્ર.

આ બધાયની સમાલોચના હવે પછી.

## ધાર્મિક શિક્ષણના વિકાસ માટે મહેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળ દ્વારા યોજાએલું–

# સ્નેહ સંમેલન

**સ્વ.** શેઠ શ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળ દ્વારા મહેસાણા ખાતે મદ્રાસ નિવાસી ધર્મપ્રેમી શેઠ શ્રી ભુરમલજીભાઈના પ્રમુખસ્થાને તા. ૩ અને ૪-૩-૫૬ ના રોજ ધાર્મિક શિક્ષણના વિકાસ માટે ટ્રસ્ટીઓ, શુભેચ્છકો અને ધાર્મિક શિક્ષકોનું એક સ્નેહ સંમેલન યોજાયું હતું.

સંસ્થાના આમંત્રણને માન આપી મુંબઈ, મદ્રાસ, સુરત, વડોદરા, અમદાવાદ, ગોધરા, પાલનપુર, પાલીતાણા, ઉંઝા, પાટણ, ખંભાત બોટાદ, સુરેન્દ્રનગર, વઢવાણશહેર, મીયાગામ, લીંચ, કપડવણજ, ચાણસ્મા, ધોરાજી, રાજકોટ, પાલી વગેરે અનેક ગામોથી સારી એવી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા.

જેમાં રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ, શેઠ શ્રી મણીલાલ મોહનલાલ ઝવેરી, શેઠ શ્રી રમેશચંદ્ર બકુભાઈ, શેઠ શ્રી જેશીંગભાઈ ઉગરચંદ, શેઠ શ્રી રતિલાલ નાથાલાલ, શેઠ શ્રી હઠીભાઈ, શ્રી ચીમનલાલ કેશવલાલ કડીઆ, શ્રી જાવંતરાજજી પાલીવાળા, શ્રી ફતેહચંદ ઝવેરભાઈ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી, શ્રી પોપટલાલ બી. મહેતા જીબુટ્ટીવાળા, મામલતદાર શ્રી અમૃતલાલભાઈ, શ્રી હરગોવીંદદાસ મણીઆર, ડો. ભાઈલાલ એમ. બાવીસી, શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીઆ, શ્રી મફતલાલ ઝવેરચંદ પંડિત વગેરે અનેક મહાશયોની હાજરી ખાસ તરી આવતી હતી.

સ્નેહ સંમેલનની શુભેચ્છા દર્શાવતા સંદેશાઓ શ્રી વાડીલાલ મગનલાલ શેઠે વાંચ્યા હતા. જેમાં સૌરાષ્ટ્રના વડા પ્રધાન શ્રી રસીકલાલ પરીખ, જયહિંદ દૈનિકના સુપ્રસિદ્ધ લેખક શ્રી મોહનલાલ ધામી, સંઘવી નગીનદાસ કરમચંદ અને શેઠ શ્રી ખુશાલભાઈ ખેંગારભાઈ વગેરેના મુખ્ય સંદેશાઓ હતા.

અનેક વક્તાઓએ ધાર્મિક શિક્ષણ અને અભ્યાસક્રમ અંગે વક્તવ્યો રજુ કર્યાં હતાં, આજની દુનિયામાં સારા એવા ધાર્મિક શિક્ષકો તૈયાર થાય એ માટે જુદાં-જુદાં દૃષ્ટિબિન્દુઓ રજુ થયાં હતાં, આજે તૈયાર થતા ધાર્મિક શિક્ષકને ભાષાજ્ઞાન તરીકે અંગ્રેજી અને હિન્દીનું જ્ઞાન અપાવું જરૂરી મનાયું હતું, જુદી-જુદી ધાર્મિક સંસ્થાઓ તરફથી જુદા-જુદા ગામોની પાઠશાળાઓની જુદી-જુદી પદ્ધતિએ પરીક્ષાઓ લેવાય છે, તેના એકીકરણ ઉપર ભાર મૂકયો હતો, સંસ્થાને આર્થિક ખોટ આવી રહી છે તેના માટે ફંડ એકઠું કરવાની યોજના મૂકાઈ હતી, સંસ્થાને બે વર્ષ પછી ૬૦, વર્ષ પુરાં થાય છે એ વખતે હીરક મહોત્સવ ઉજવવો, તેમજ સંસ્થા તરફથી જે દરેક ગામોની પાઠશાળાઓની પરીક્ષા લેવાય છે, તેના વિભાગવાર કેન્દ્રો ગોઠવી દર વર્ષે નિયમીત પરીક્ષા લેવાય એ અંગે વિચારણા થઈ હતી,

અંગ્રેજી કેળવણી પામેલા ભાઈઓને સ્કોલરશીપ આપીને ધાર્મિક શિક્ષણ આપવું અને ધાર્મિક શિક્ષક કે ગૃહપતિ તરીકે તૈયાર કરવા, ધાર્મિક અભ્યાસક્રમ ઘડી કાઢવા માટે એક સમિતિ નિમવાની ભલામણ થઈ વગેરે અનેક ધાર્મિક શિક્ષણને લગતી બાબતો

ચર્ચાઈ હતી અને ચર્ચાને અંતે ઠરાવો થયા હતા.

એ દિવસની બેઠકમાં બહુ શાંતિપૂર્વક કાર્યવાહી ચાલી હતી. અંતે સંસ્થાના સેક્રેટરી ડૉ. મગનલાલભાઈએ અને શ્રી ચીમનલાલભાઇ વકીલે પધારેલા આમંત્રિત સદ્ગૃહસ્થોનો આભાર માન્યો હતો. હાર–તોરા બાદ તા. ૪–૩–૫૬ ની સાંજે પાંચ વાગે જયના હર્ષનાદો વચ્ચે સંમેલનનું કાર્ય પૂર્ણ થયું હતું, અને સૌ ટ્રેઈન પકડવાની તૈયારી કરી રહ્યા હતા. રાતના સૌ પોત–પોતાના સ્થાને પહોંચવા ઉપડી ગયા હતા.

આ સમયે સૌ રવાના થયા તે પહેલાં પધારેલા ૬૦ જેટલા શિક્ષકભાઇઓએ એકઠા થઈ સંગઠન અને સહકાર કેળવવા માટે 'ધાર્મિક શિક્ષણ સભા' નામે એક સંસ્થા સ્થાપી હતી અને દરેક શિક્ષકભાઇઓ તેના સભ્ય થયા હતા.

## વિરોધ નોંધાવો

ઘોઘા [ભાવનગર] એક તીર્થસ્થાન છે, ત્યાંની ગ્રામપંચાયતે યાત્રાળુદીઠ ચાર આના ટેક્ષ લેવાનું તા. ૧૮–૨–૫૬ ના રોજ ઠરાવ્યું છે, અને તા. ૨૩–૨–૫૬ ના રોજ એક જાહેરનામું બહાર પાડીને જણાવ્યું છે કે, આ અંગે જેઓનો વિરોધ હોય તેઓએ એક મહિનામાં નીચેના સ્થળે જણાવવો. સ્વતંત્ર ભારતમાં આ જાતનો ટેક્ષ ધાર્મિક સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરે છે તે કોઇ રીતે ઈચ્છવા યોગ્ય નથી. જેથી દરેક ગામોના સંઘોએ અને સંસ્થાઓએ નીચેના સ્થળોએ વિરોધની લાગણી પ્રદર્શિત કરવી.

૧ સરપંચ ગ્રામ પંચાયત – ઘોઘા (સૌરાષ્ટ્ર)
૨ મહેરબાન કલેક્ટર – અમરેલી (સૌરાષ્ટ્ર)
૩ મહેરબાન પ્રમુખ, જીલ્લા લોકલબોર્ડ, અમરેલી

卐 卐 卐


—: અડધી કિંમતે :—

**સંગીતશિક્ષણ :** સ્વયં હારમોનીયમ તબલા શીખવાની પધ્ધતિ તથા ગાયનો. મૂળ કિંમત બાર આના. લેવાની **છ આના.**

**જૈનતત્વજ્ઞાન પ્રશ્નોત્તર :** મૂળ કિંમત બાર આના. લેવાની છ આના

**અંતરાયકર્મની કથાઓ :** મૂળ કિંમત ચાર આના લેવાની બે આના

જુજ નકલો જ આપવાની છે
પોષ્ટ અલગ.
: લખો :
**સોમચંદ ડી. શાહ – પાલીતાણા.**

લક્ષ્મી છાપ
# સતસુધા.

કબજીઆત, આંતરદાહ, અને મસા માટે અનુપમ કલ્પ, એટલે સત્ ઇસબગુલ અને અન્ય વનસ્પતિ ઔષધિઓનું અનુપમ મીશ્રણ.

**પારેખ મેડીકલ સ્ટોર્સ** ગાંધી રોડ
**અમદાવાદ.**
**બી. કે. પટેલની કું.—સુરેન્દ્રનગર.**
**જી. એમ. એન્ડ સન્સ.** ખપાટીયા ચકલા
**સુરત.**
**બી. અમૃતલાલની કું.**
૩૦૫, કાલબાદેવી—**મુંબઇ ૨.**

**જૈનધર્મનું અજોડ માસિક "કલ્યાણ" લવાજમ રૂા. ૫)**



# ફુલપદ્મ

લેખક: વૈદરાજ શ્રી. મોહનલાલ ચુનીલાલ ધામી.

( 'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા )

વહી ગયેલી વાર્તા :

પોતનપુરના પ્રિયંગુશેઠનો પુત્ર દેવદિન્ન પરણ્યાની પહેલી રાતે પોતાની સદ્‌ગુણી પત્ની સરસ્વતીને જાકારો દે છે. પોતાના અહંને આધીન થયેલો તે સરસ્વતીને અપમાનિત કરે છે. વેશ્યાના ઉપાલંભના કારણે પરદેશ જાય છે. ભવિતવ્યતાએ તે સમુદ્રમાર્ગે સુંદરપુર નામની અંધેરનગરીમાં આવે છે, ત્યાં રાજાની માનીતી કૂટપ્રભાની કપટજાળમાં તે ફસાઇ પડે છે. દેવદિન્ન પોતાની પાસેનું સર્વસ્વ ગુમાવી તેને ત્યાં દાસ બનીને રહે છે. દેવદિન્નના ગયા પછી સરસ્વતી શ્વસુરગૃહે માનપૂર્વક આવે છે. ઘરમાં સર્વ કોઇને પ્રિય બને છે. દેવદિન્નના દુઃખદ વર્તમાન જાણીને પોતાના શ્વસુર પ્રિયંગુશેઠની સમ્મતિપૂર્વક તે સોમદત્ત વ્યાપારીનું નામ ધારણ કરીને અંધેરનગરીમાં આવે છે, કૂટપ્રભાની માયાજાળને ભેદી તેને જીતી લે છે. પરાભવ પામેલી કૂટપ્રભા સરસ્વતીના ચાતુર્યથી દીન બનીને તેની દાસી બને છે, કૂટપ્રભાનો પરિવાર પણ આ નવા વ્યાપારી ( સરસ્વતી ) સોમદત્તના દાસભાવને સ્વીકારે છે. છતાં ઉદારભાવે તે બધાયને સોમદત્ત છુટા કરે છે, અને ફકત દેવદિન્નને સેવક તરીકે રાખીને તેઓ અંધેરનગરીથી પ્રયાણ કરવાની તૈયારી કરે છે. હવે વાંચો આગળ—

## પ્રકરણ ૧૦ મું.

### આશાનું મલોખું.

નવજવાન સોમદત્તની જાળમાં રાજાની માનીતી કૂટપ્રભા આબાદ સપડાઈ ગઈ.

આ સમાચારથી સારાયે નગરમાં એક પ્રકારનો આનંદ છવાઇ ગયો હતો, અને અંધેરનગરીનો રાજા ભારે વિમાસણમાં પડી ગયો હતો.

સરસ્વતી સમજતી હતી કે, રાજા વાજા ને વાંદરા પળે પળે પલટી જતાં હોય છે, એટલે તેણે બીજે જ દિવસે સવારે કૂટપ્રભાનો ધનભંડાર ખોલાવ્યો.

એ ધનભંડાર જોતાં જ સોમદત્તના વેશમાં રહેલી સરસ્વતીની આંખો ચાર થઇ ગઈ. અનેક વેપારીઓને લૂંટીને કૂટપ્રભાએ અઢળક ધન એકત્ર કર્યું હતું. ધનભંડારમાં ઢગલાબંધ સુવર્ણ હતું, અને એકવીસ ચરૂ રત્નોથી છલકતા હતા, એ સિવાય દરદાગીનાનો પણ પાર નહોતો. સોમદત્તે તાબડતોબ સમગ્ર ધનભંડાર ત્યાંથી ઉપડાવીને પોતાના વહાણમાં ભરાવ્યો.

સુવર્ણ સિવાયના ઠામવાસણ, માલ, અસબાબ વગેરે જે કંઈ હતું, તે સઘળું તેણે જાહેર લીલામ કરીને વેચાવી નાખ્યું. અને કૂટપ્રભાનું ભવ્ય મકાન પણ લીલામ કરીને વેચી નાખ્યું. આ બધું વેચતા જે કંઈ ધન આવ્યું તે તેણે પોતાના વહાણમાં ભરાવ્યું.

કૂટપ્રભાના મહેલમાં બધા મળીને બસો સત્તાવન ગુલામો હતા. એમાંના મોટા ભાગના તો સાર્થવાહો ને વેપારીઓ હતા.

સોમદત્તે એક માત્ર દેવદિન્નને પોતાના વહાણ પર મોકલી આપ્યો, અને બાકીના બસો છપ્પન ગુલામોને દસ દસ હજાર સુવર્ણમુદ્રાઓ આપીને મુક્ત કર્યા.

કૂટપ્રભા આ બધું જોઇને બળી-જળી રહી

હતી, પણ તે શું કરે ?

મુક્ત થયેલા બસો છપ્પન વેપારીઓએ સોમદત્તનો ખૂબ ખૂબ આભાર માન્યો. સોમદત્તે સહુને ભારતના કિનારે પહોંચતા કરવા અર્થે એક વહાણની પણ વ્યવસ્થા કરી આપી.

કૂટપ્રભાએ સંધ્યા વખતે સોમદત્તને બોલાવીને વિનયપૂર્વક મસ્તક નમાવી કહ્યું: 'શેઠજી, આપે સહુને મુક્ત કર્યા છે, મને પણ મુક્ત કરો.''

સોમદત્તે કહ્યું: "તને તો હું મારા દેશમાં લઇ જવાની છું.''

"મારા પર દયા કરો, હું તમારા દેશમાં એક પળ માટે પણ નહિં જીવી શકું."

ઉત્તરમાં સોમદત્તે હસીને કહ્યું: "બસો સત્તાવન મણુસોને લૂંટતી વખતે અને ગુલામ બનાવતી વખતે તને આ 'દયા'નો સ્પર્શ નહોતો થયો ? હું તને છોડવા માંગતો જ નથી. મારા દેશમાં હું તને એક કામ સોંપીશ કે તું જીવનભર તારા પાપકર્મોને યાદ કર્યા કરે."

કૂટપ્રભાની આંખો સજળ બની ગઈ, તે બોલી: "શેઠજી, આપ દયાળુ છો, મારા પર કૃપા કરો."

"તારા પર કૃપા કરવાનો અર્થ તો એ જ કે તું ફરીવાર તારી કૂટિલતાની જાળમાં બીજાને સપડાવ્યા કરે, હું એમ નહિં થવા દઉં."

બંને વચ્ચે આ ચર્ચા ચાલતી હતી ત્યાં એક નોકર દોડતો આવ્યો અને બોલ્યો: "આ નગરીના મહારાજા અને મંત્રી બંને આપને મળવા પધાર્યા છે."

આ સમાચાર સાંભળીને સરસ્વતી ચમકીને બોલી: "બંનેને આદરપૂર્વક બેસાડ, હું આવું છું."

નોકર ચાલ્યો ગયો.

સોમદત્ત ઓરડામાં કૂટપ્રભાને પૂરીને રાજાને મળવા ગયો.

સોમદત્તરૂપી સરસ્વતીએ ખંડમાં પગ મૂકયો કે તરત મહારાજા અને મંત્રી ઉભા થઈ ગયા. સોમદત્તે બંનેને નમસ્કાર કર્યા, અને આદરપૂર્વક બેસાડી વિનમ્રભાવે કહ્યું: "આપ કુશળ છો ને ?"

"હા શેઠજી, અમે આપની પાસે એક ભીક્ષાઅર્થે આવ્યા છીએ." મંત્રીએ કહ્યું.

સોમદત્તે કહ્યું: "હું તો એક ગરીબ વેપારી છું, મારી પાસે ભીક્ષા ન હોય, મને તો આજ્ઞા ફરમાવાય, કહો શી આજ્ઞા છે ?"

રાજાએ કહ્યું: "મેં સાંભળ્યું છે કે, આપે દેવી કૂટપ્રભાના સઘળા ગુલામોને મુક્ત કરી દીધા છે. આપની આ ઉદારતા ધન્યવાદને પાત્ર છે. અમારી નમ્ર માંગણી છે કે, આપ દેવી કૂટપ્રભાને પણ મુક્ત કરો."

"આપની સામાન્ય માંગણી સ્વીકારવામાં મને ખરેખર આનંદ થાય, પરંતુ એને મુક્ત કરવામાં એક મુશ્કેલી છે."

"મુશ્કેલી ? કયા પ્રકારની ?" મંત્રીએ પ્રશ્ન કર્યો.

'દેવી કૂટપ્રભાના જમણા હાથમાં પદ્મનું ચિન્હ છે, એટલે તે જ્યાં વસે ત્યાં લક્ષ્મીને પણ આવવું જ પડે. આ એક જ હેતુ ખાતર હું તેને મારે ત્યાં લઈ જવા માગું છું. હું આપને એક વાતનો વિશ્વાસ આપું છું કે, મારા દેશમાં દેવી કૂટપ્રભાને હું ખૂબ જ માનપૂર્વક રાખીશ."

મંત્રી અને મહારાજા બંને વિચારમાં પડી ગયા. થોડી પળોના મૌન પછી મંત્રીએ કહ્યું: "શેઠજી, દેવી કૂટ્ટપ્રભાના બદલામાં મહારાજા આપને સવાલક્ષ સુવર્ણમુદ્રાઓ આપશે, અને આપ આ રાજ્યમાં વેપાર અંગેની જે કંઇ વ્યવસ્થા માગશો તે પૂરી પાડશે."

સરસ્વતીના મનમાં થયું કે, આ બધું ખેંચવા જતાં તૂટી જશે, અને રાજાની વૃત્તિ ફરશે તો જે કંઈ ધાર્યું પરિણામ આવ્યું છે, તે બરબાદ થઈ જશે. આમ વિચારીને તેણે પ્રસન્નચિત્તે કહ્યું: "મહારાજાની આજ્ઞા હોય તો મારે સવાલક્ષ સુવર્ણમુદ્રાની પણ જરૂર નથી. મહારાજા ન્યાયપ્રિય છે, અને એકવચની છે, એ જ મારા માટે સંતોષની વાત છે. હું ફરીવાર માલ લઇને આવું ત્યારે મહારાજાશ્રી મને વેપારની સગવડતા આપે એટલે બસ. દેવી કૂટ્ટપ્રભાને હું માનસહિત રાજભવનમાં મોકલી આપીશ."

સોમદત્તના આ શબ્દોથી રાજા અને મંત્રી બંને ખૂબ જ પ્રસન્ન થયા, અને સોમદત્તનો આભાર માની વિદાય થયા.

રાજાના ગયા પછી સરસ્વતી જે ખંડમાં કૂટ્ટપ્રભાને પૂરી હતી તે ખંડમાં આવી, અને બોલી: "મહારાજાએ આપને મુક્ત કરવાની માગણી કરી હતી.

"પછી ?" કૂટ્ટપ્રભાના પ્રાણમાં મુક્તિની આશા જાગી.

"મેં ના પાડી એટલે તેમણે સવાલાખ સુવર્ણમુદ્રાઓ બદલામાં આપવાનું જણાવ્યું !"

"છતાં આપે ના પાડી ?"

"આપનું લીલામ કરીને સુવર્ણમુદ્રાઓ મેળવવી એ મને શોભાસ્પદ ન લાગ્યું, એટલે આપને માનસહિત મુક્ત કરવાનું મેં મહારાજાને વચન આપ્યું છે. આજ સાંજ સુધી આપ મારૂં આતિથ્ય સ્વીકારો, અને રાત્રિના પ્રથમ પ્રહરે આપ રાજભવનમાં ચાલ્યા જજો." સરસ્વતીએ કહ્યું.

"શેઠજી, હું આપનો ઉપકાર જીવનભર નહિં ભૂલું. ખરેખર તમે ઉદારમૂર્તિ છો. હું આપને એક વચન આપું છું કે, હવેથી હું આવી જાળ રચીને કોઇને નહિં સપડાવું." કૂટ્ટપ્રભાએ કહ્યું.

સોમદત્તરૂપી સરસ્વતીએ કહ્યું: "જો આપ અંતઃકરણથી સમજી શકયાં હશો તો અવશ્ય સુખી થશો. શાસનદેવ આપને સદાય સદ્‌બુદ્ધિ આપે."

ત્યારપછી કૂટપ્રભાને ઉત્તમ ભોજન જમાડી રાત્રિના પ્રથમ પ્રહરે વિદાય આપી, અને પોતે પણ પોતાના તમામ માણસો સાથે સાગરતટે ચાલી ગઈ. કારણ કે બધો માલ વહાણમાં ગોઠવાઇ ગયો હતો, અને આ નગરીમાં વધુ સમય રોકાવું તેને ઇષ્ટ જણાતું નહોતું.

વહાણ પર પહોંચ્યા પછી તરત જ સોમદત્તરૂપી સરસ્વતીએ વહાણના મુખ્ય સંચાલકને પ્રયાણ કરવાની આજ્ઞા કરી.

વહાણ તૈયાર જ હતું. ઋતુ અનુકૂળ હતી, હવા પણ અનુકૂળ હતી, અને સાગર પણ શાંત હતો.

મધ્યરાત્રિ પહેલાં જ વહાણ ગતિમાન બની ગયું.

વહાણમાં પુષ્કળ ધન હતું, પરંતુ સરસ્વતી માટે તો સ્વામી એ જ સાચું ધન હતું. છેલ્લા આઠ–દસ પ્રહરથી તેણે ખૂબ જ શ્રમ લીધો હોવાથી તે સાવ થાકી ગઇ હતી, તેનું શરીર

આરામ ઝંખી રહ્યું હતું.

એક નાની છતાં સુંદર કોટડીમાં દેવદિન્ન માટે રહેવા–સૂવાની વ્યવસ્થા કરાવી હતી, અને સરસ્વતીએ દેવદિન્નને તે કોટડીમાં રાખવાની આજ્ઞા પણ કરી હતી.

દેવદિન્ન પોતા માટે નિયત થયેલી કોટડીમાં એક શય્યા પર પડીને અનંત વિચારો કરી રહ્યો હતો.

અને થાકેલી સરસ્વતી પોતાના કક્ષમાં એક શય્યા પર પુરૂષવેશમાં જ સૂઈ ગઇ હતી. સૂતા પહેલાં તેણે નિત્ય નિયમ મુજબ એકસો આઠ નવકાર ગણી લીધા હતા.

શ્રમના અંગે જ્યારે શરીર થાકી જાય છે, ત્યારે તે તરત નિદ્રાધિન બની જાય છે. સરસ્વતીનું પણ એમ બન્યું.

પરંતુ દેવદિન્નને નિદ્રા નહોતી આવતી, તેનું મન ભૂતકાળના અનેક પ્રસંગો સંભારી રહ્યું હતું. માતા–પિતાએ પ્રવાસની ના પાડી હતી, છતાં એક નર્તકીના મેણા ખાતર પોતે સાગર ખેડવાનું સાહસ કર્યું હતું. અને કમાવાની વાત તો દૂર રહી, પણ પોતે એક ગુલામ તરીકે સપડાઈ ગયો હતો.

એના મનમાં થયું, સોમદત્ત શેઠે બીજા બધાને મુક્ત કર્યા છે, મને શા માટે રાખ્યો હશે? શું મારાં કોઈ પાપકર્મ બાકી હશે! મેં એવું તે કયું પાપ કર્યું છે કે, જેની મારે આટલી ભયંકર સજા ભોગવવી પડે છે? સોમદત્ત મને કયાં લઇ જશે? શું મને પોતાનો ગુલામ રાખશે કે કોઇને ત્યાં વેચી દેશે? ઓહ! મેં એવો કયો ગુનો કર્યો છે કે....

આ વિચાર આવતાં જ તેના માનસપટમાં સુંદર પત્ની સરસ્વતી તરવરવા લાગી. અને લગ્ન પછી તરત જ તેને તરછોડી દીધાનો પ્રસંગ હૈયે ચડયો.

દેવદિન્નના મનમાં થયું, સરસ્વતીનો એવો કયો દોષ હતો કે, મેં તેને આવી આકરી શિક્ષા કરી? એના રૂપમાં, જ્ઞાનમાં, ચારિત્ર્યમાં, વર્તનમાં કે વ્યવહારમાં કોઇ પણ દોષ હતો જ નહિં. છતાં અભ્યાસકાળે બોલાયેલા એના શબ્દોને મેં ગણીને ગાંઠે બાંધ્યા! એ બિચારીએ માત્ર એટલું જ કહ્યું હતું કે, 'યોગ્ય સ્ત્રી સ્વામીને દાસ બનાવે, આપત્તિ વખતે સહાયક બને, અને સ્વામીની પ્રેરણા બને.' આવો જ કંઈક વિચાર તેણે રજુ કરેલો, આવો વિચાર કરવાનો એને અધિકાર હતો. કદાચ તે ગર્વમાં બોલી હોય, તો પણ મારે ગણીને ગાંઠે શા માટે બાંધવું પડયું? અને એની સાથે લગ્ન કરીને મેં એના હૃદયને શા માટે કચડી નાખ્યું? ઓહ, મેં જ સરસ્વતીને છેહ દઇને ભયંકર પાપ કર્યું છે. મારી આ દશા એ પાપનું જ પરિણામ લાગે છે! એક આશાભર્યા હૃદય સાથે પોતાનું સર્વસ્વ અર્પણ કરવા આવતી સુંદર અને સંસ્કારી પત્નીના હૈયામાં મેં જ વેદના ઉભી કરી હતી. કોઈની આશા નષ્ટ કરવી એ ઓછું પાપ નથી!

આ વિચાર આવતાં જ તે શય્યામાંથી ઉભો થઇ ગયો, અને કોટડીમાં આંટા મારવા માંડયો. એક તરફ ગાઢ અંધકાર હતો, ઉપર તારાઓથી ભાતીગળ ચુંદડી સમું જણાતું આકાશ હતું, સાગર ઘૂઘવતો હતો, અને અંધેરનગરીનો કિનારો દૂર દૂર જતો હતો.

દેવદિન્ન એક કોટડીના દ્વાર પાસે આવીને ઉભો રહ્યો, અને અંધકારથી આચ્છાદિત બનેલી દિશા તરફ જોવા લાગ્યો.

તેના મનમાં એક વિચાર આવ્યો, આ ઘુઘવતા સાગરમાં જઈને કૂદી પડું, અને મારા દુઃખનો તથા પાપનો અંત લાવું.

પરંતુ તરત તેના મનમાં થયું, આપઘાત કરવાથી તો એક પાપની વૃધ્ધિ થશે. ત્યારે ? હા.... સવારે સોમદત્તશેઠને પ્રાર્થના કરૂં, અને ભારતના કોઈ પણ કિનારે ઉતારી દે તેવી માગણી કરૂં. તેનો ચહેરો તો ઘણો વિનમ્ર છે, તેની આંખમાં ઉદારતા અને પ્રેમના ભાવ ભર્યા હોય તેમ લાગે છે. તેની વાણીમાં પણ મધુરતા જણાય છે, જરૂર તે મારી વિનતિ ધ્યાનમાં લેશે."

અનેક નિરાશાઓ વચ્ચે પણ માનવી આશાનું એકાદ તણખલું શોધી લે છે. આશાનું મલોખું મળી જતાં દેવદિન્નના ચિત્તને કંઈક શાંત્વન મળ્યું, અને તે નબળા વિચારોથી મુક્ત થઈને પુનઃ શય્યા પર પડી ગયો. પછી તો મુક્તિની આશાના સુમધુર સ્વપ્નમાં જ એને નિદ્રા આવી ગઈ.

સવાર પડયું....

સરસ્વતી જાગૃત થઇ. સૌથી પ્રથમ તેણે પ્રતિક્રમણ કરી લીધું, ત્યારપછી પ્રાતઃકાર્યથી નિવૃત્ત થઈ, પુરૂષવેશ ધારણ કરી તે બહાર આવી.

સૂર્યોદય થઇ ગયો હતો, વહાણનો મુખ્ય ચાલક સરસ્વતી પાસે આવ્યો, અને નમસ્કાર કરી બોલ્યોઃ "શેઠજી, સદ્દભાગ્યે હવા ખૂબ જ અનુકુળ છે, જો આવી હવા ચાર–છ દિવસ રહેશે તો તોફાની દરિયો વટાવી જઈશું,"

સરસ્વતીએ સાગરના શાંત અને અનંત પટ તરફ જોતાં કહ્યું: "આપની આશા જરૂર ફળશે."

ત્યારપછી તે મુનિમ પાસે ગઈ, મુનિમ પણ પ્રાતઃકાર્યથી નિવૃત્ત થઈ ગયા હતા. સરસ્વતીએ મૃદુસ્વરે કહ્યું: "કાકા, એ જાગ્યા છે ?"

"હું તપાસ કરાવું છું." કહી મુનિમ ઉભો થયો.

સરસ્વતીએ કહ્યું: "સૂતા હોય તો જાગૃત કરશો નહિં."

"જેવી આજ્ઞા, જાગતા હોય તો ?" મુનિમે પ્રશ્ન કર્યો.

"એના પ્રાતઃકાર્યની વ્યવસ્થા કરીને પછી એમને મારા કક્ષમાં મોકલજો." સરસ્વતીએ થોડોક વિચાર કરીને જણાવ્યું.


મુનિમ ચાલ્યો ગયો. તેણે સરસ રીતે વેશપલટો કર્યો હતો. કોઈ પણ સંયોગોમાં દેવદિન્ન ઓળખી ન શકે એવી કાળજી પણ રાખી હતી. છતાં તેણે વધુ સાવધ રહેવા ખાતર એક માણસ મારફત તપાસ કરાવી. દેવદિન્ન હજુ સૂતો હતો.

અને દેવદિન્ન ઉઠ્યો ત્યારે એક પ્રહર ચાલ્યો ગયો હતો. એક નોકરે તેના પ્રાતઃકાર્યની વ્યવસ્થા કરી આપી.

નાહી, વસ્ત્રો બદલાવી, થોડું ટીમણ કરી, કંઈક પ્રસન્નચિત્ત બન્યો, એટલે એક માણસે આવી કહ્યું: "ભાઈ, તમને શેઠજી બોલાવે છે."

દેવદિન્નના મનમાં થયું, શેઠ શા માટે બોલાવતા હશે ? ગમે તે કારણે બોલાવે, હું એમને વિનતિ અવશ્ય કરીશ.

આશાનું મલોખું માનવીને ઘણીવાર હિંમત આપી દે છે. દેવદિન્ન માણસ સાથે શેઠજીના કક્ષ તરફ રવાના થયો. [ચાલુ]



તા. ૩ અને ૪-૩-૫૬ ના રોજ મહેસાણા ખાતે શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળના ટ્રસ્ટીઓએ, શુભેચ્છકો અને ધાર્મિક શિક્ષકોનું એક સ્નેહ સંમેલન યોજી ધાર્મિક શિક્ષણનો વિકાસ કેમ થાય ? તેની વિચારણા કરેલ તે વખતે ઝડપાએલું એક દૃશ્ય.

## નવા સભ્યોના શુભનામો

૧૧) શ્રી હીરાલાલ છગનલાલ મુંબઈ-૩
પૂ૦ પંન્યાસજી કનકવિજયજી ગણિવરના વિદ્વાન શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી ચંદુલાલ મગનલાલ મુંબઇ-૩
ઉપર મુજબની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી અમૃતલાલ પીતામ્બર શાહ મુંબઇ
ઉપર મુજબની શુભપ્રેરણાથી.

૧૧) કોઠારી પ્રેમચંદભાઇ ધારશી સુરેન્દ્રનગર
શ્રી ચંપકલાલ ચુનીલાલની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી જીવરાજ છગનલાલ શાંતાક્રુઝ
શ્રી દલીચંદ ભુદરભાઇની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી શાંતિલ.લ રામાજી શીવગંજ

૧૧) શ્રી ભવાનભાઇ પી. સંઘવી બોરડી

૧૧) શ્રી અભેચંદભાઈ વીરચંદ મુંબઇ-૯

૧૧) શ્રી રસીકલાલ શાંતિલાલ શાહ મસુર
પૂ૦ મુનિરાજ શ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી પોપટલાલ ગોકુળદાસ મસુર
ઉપર મુજબની શુભપ્રેરણાથી.

૧૧) ઉમતા જૈન જ્ઞાનમંદિર ઉમતા
શ્રી અંબાલાલભાઇની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી પાનાચંદ આણંદજી માણાવદર

૧૧) શ્રી જીવરાજ ગુલાબચંદ વેરાવળ

૧૧) સંઘવી વખતચંદ હરચંદભાઇ ધનાલા
સાધ્વી શ્રી દર્શનશ્રીજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

૧૧) શ્રી મણીલાલ રવચંદ વડાલી
પૂ૦ પંન્યાસજી કનકવિજયજી ગણિવરની શુભપ્રેરણાથી.

REGD. NO. B 4925 KALYAN


## :: નવાં ઉપયોગી પ્રકાશનો ::

### : નૂતન સ્તવનાવલી :

સંવત ૨૦૧૨ ની નવી આવૃત્તિ. જેમાં આવારા, નાગીન, શ્રી ૪૨૦, આઝાદ, નાસ્તિક વગેરે અનેક સીનેમા તર્જનાં સ્તવનો છે. પોસ્ટેજ સહિત **પાંચ આના**

### : પંચ પ્રતિક્રમણ વિધિ સહિત :

નવી આવૃત્તિ બહાર પડી ચૂકી છે. અંદર જોઇને પ્રતિક્રમણ કરી શકાશે.
મૂલ્ય ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ.

### : ગુરુભક્તિ-ગહુંલી-સંગ્રહ :

પૂજ્ય મહારાજ શ્રી જમ્બૂવિજયજીએ રચેલ નવા રાગોમાં ગહુંલીઓનો સુંદર સંગ્રહ: ૧૧૨ પેજ કિંમત **બાર આના** પોસ્ટેજ અલગ.

### : મૌન એકાદશીનું ગણણું અને દેવવંદન :

મૌન એકાદશીના ગણણા સાથે મૌન એકાદશીના વિધિ સહિત દેવવંદન.
પોસ્ટેજ સહિત **પાંચ આના.**

### પંચ પ્રતિક્રમણ મૂળ. [પોકેટ]

પોકેટ સાઇઝ પંચ પ્રતિક્રમણસૂત્રની નવી આવૃત્તિ બહાર પડી ચૂકી છે. ૪૦૨ પેજ પાકું હોલકલોથ બાઇન્ડીંગ કિંમત ૧-૬-૦

### : ચોસઠપ્રકારી પૂજા અર્થ સહિત :

પૂજ્ય પંડિત શ્રી વીરવિજયજી કૃત ચોસઠપ્રકારી પૂજાઓ અર્થ સહિત છે.
અને સાથે ૨૫ કથાઓનો સંગ્રહ છે.

-: મેળવવાનું સ્થળ :-

**સોમચંદ ડી. શાહ.**

ઠે, જીવનનિવાસ સામે પાલીતાણા ( સૌરાષ્ટ્ર )